بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)


તા. ૦૧-ઓક્ટોબર-૨૦૧૯

મુહર્રમુલ હરામ-સફરુલ મુઝફ્ફર

હિજરી સન : ૧૪૪૧

વર્ષ : ૧૬, અંક : ૧૦, સળંગ અંક : ૧૯૦



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન: ૦૨૬૪૨-૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | આવી નીચ માનસિકતાવાળા જો સંસદ સભ્ય કે ધારા સભ્ય બને તો શું થાય ?! | 04 |
| 02 | દુનિયાને મુસલમાનોએ શું આપ્યું અને તેમણે શું પામ્યું ?! | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 14 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 18 |
| 05 | સીરતે હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا | 20 |
| 06 | તઝકેરતુલ અવલિયા : હઝરત ઈબ્રાહીમ અદહમ | 23 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 26 |
| 08 | સઊદી મસીહી યહૂદી ભાઈ ! ભાઈ ! | 30 |
| 09 | ઈમામ અહમદ રઝાનો મકામ તથા મર્તબો | 34 |
| 10 | હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની નમાઝથી મહોબ્બત | 39 |
| 11 | કાનૂને શરીઅત | 44 |
| 12 | મુસીબતોમાં સબ્ર કરવાના ફાયદા | 46 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


તર્જુમાને એહલે સુન્નત 'બરકાતે ખ્વાજા' હૈ
ફૈઝાને આ'લા હઝરત 'બરકાતે ખ્વાજા' હૈ
સુન્નીયોં કો ચાહીયે બનવાએં ગ્રાહક ખુદ બનેં
મસ્લકે આ'લા હઝરત 'બરકાતે ખ્વાજા' હૈ
નજદિયત, મૌદૂદિયત, વહાબિયત કે વાસ્તે
બિલયકીં એક ઝરબત 'બરકાતે ખ્વાજા' હૈ
પઢકર અમલ જો ભી કરે હરગિઝ ભટક સકતા નહીં
સબકા ઈમાં રાહે જન્નત 'બરકાતે ખ્વાજા' હૈ
ઈસ કે મઝામીન દેખકર બે સાખ્તા દિલને કહા
બેશક ! અઝીમુલ મર્તબત 'બરકાતે ખ્વાજા' હૈ
તંત્રી શબ્બીર અલી રઝવી કી ઈસમેં મેહનત ખૂબ હૈ
ઈસ લીયે નૂરે નિકહત 'બરકાતે ખ્વાજા' હૈ
વલ્લાહ ! સમઝ લિયા હૈ 'રયહાન'ને ઈસકો પઢકર
ઈમાં કી કદરો કીંમત 'બરકાતે ખ્વાજા' હૈ

રચના : બુલબુલે ગુજરાત અલ્હાજ કારી અતાઉર્રહમાન (દેવગઢબારીયા)

## આવી નીચ માનસિક્તાવાળા જો સંસદ સભ્ય કે ધારા સભ્ય બને તો શું થાય ?!

*કાર્યાલય*

ભાજપ ગવર્નમેન્ટ થકી કાશ્મીરમાં ૩૭૦ની કલમના ૨ અને ૩ના મુદ્દા હટાવવામાં આવ્યા છે જેને લઈને પૂરી જાણકારી ઉપલબ્ધ ન હોવાથી વિચાર્યા વગર આજે રોટી, કપડાં, મકાનની સમસ્યાઓને ભૂલી જઈને કે જે દરેક વ્યક્તિને સ્પર્શતી ચીજ છે દેશમાં હદ વગરની ખુશીનો માહોલ અમુક ઉત્સાહી લોકોમાં સર્જાયો છે. પણ ધીરે ધીરે ભારતના નાગરીકોને જ્યારે પૂરી માહિતી મળશે ત્યારે આ ખુશીનો માહોલ અડધાથી પણ ઓછો થઈ જશે અને અંદરખાને તેઓને પોતાના ખાસ રાજનેતાઓએ છેતર્યા છે તે એહસાસ થશે.

૩૭૦ની કલમ નાબૂદ કર્યા બાદ મીડિયામાં વિચાર્યા વગર કેટલાક તત્વો જેમ ફાવે તેમ લખી બોલી રહ્યા છે. "હવે શ્રીનગરના લાલચોકમાં કચ્છની દાબેલી, નહેરૂ નગરવાળાના ગાંઠિયા કે દાળવડાની લારીઓ ઉભી રહેશે, શાહ બ્રધર્સ કાશ્મીરમાં પ્લોટ વેચાણ કરી રહ્યા છે ! અને કાશ્મીરમાં પટેલ સમાજની ધર્મશાળાનો ફોટો ટેકનિક દ્વારા વાયરલ કર્યો છે. ગુજરાત સરકારના માહિતી ખાતાના એક અધિકારી નિશીથ ત્રિવેદીએ તો ફેસબુક એકાઉન્ટમાં એવી પોસ્ટ કરી મૂકી છે કે હવે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે બદલો લેવાનો સમય આવી ગયો છે (પણ તેના પર કોઈ પગલાં ભરાયાં નથી !) ફેસબુક પર જાગૃત નાગરીકો દ્વારા તેની નિંદા કરવામાં આવી તો પછી તેણે એ પોસ્ટ હટાવી લીધી પણ જાગૃત નાગરીકોએ એ પોસ્ટનો સ્ક્રીન શોટ લઈને આગળ પગલાં લેવામાં આવે એ અર્થે ફરતી કરી છે, જુઓ કોણ એકશન લે છે એ હલકા માનસધારી અધિકારી પર !

### આ હલકટવેડા કરવાની છૂટ કોણે આપી ?!

એ તો ઠીક પણ સ્ત્રી સશક્તિકરણની, સ્ત્રી સન્માનની વાતો કરનારાઓના ભક્તોએ કેટલી ગંદી પોસ્ટો તથા કોમેન્ટસ્ ફરતી કરી કે જાણે કાશ્મીરના PDPના નેતા મહેબૂબા મુફતીના અમીત શાહ બે હાથથી ગાલો દબાવે છે અને કહે છે કે કેમ કાંપી રહી છે ?! આ પ્રકારની ફોટાઓમાં તડજોડ કરીને ઈમેઝ બનાવીને ફોટો મૂક્યો છે. અફસોસ ! શું પોતાની મા બહેનની સાથે આવું વર્તન કોઈ સાંખી લેશે ?! આ તો નીચ કક્ષાના ભક્તોની વાત છે, પણ એથી અફસોસજનક વાત એ છે કે જનતાના કહેવાતા પ્રતિનિધિ તથા નેતા જેઓ સોગંદપૂર્વક દેશના બંધારણના સંમાનની પ્રતિજ્ઞા કરીને સંસદ કે ધારાસભ્ય બને છે પણ હલકી માનસિક્તા તેમની છતી થયા વિના નથી રહેતી. એવા જ એક ભાજપના નીચ ધારા સભ્ય યુ.પી.ના મુઝફફર નગરના "વિક્રમ સૈની"એ તથા ખુદ હરિયાણાના મુખ્યમંત્રી ખટ્ટરે પણ અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને અનુક્રમે કહ્યું કે, "ભાજપના કુંવારા કાર્યકરો અને નેતાઓએ ખુશ થવું જોઈએ ! કાશ્મીરની ગોરી ગોરી યુવતીઓ સાથે પરણીને જમીન ખરીદીને ત્યાં ઠરી ઠામ થઈ જવું જોઈએ !" તથા "રસ્તો સાફ ! હવે કાશ્મીરથી છોકરીઓ લાવીશું." આ વાકયો પાછળ તેમનો કેટલો ગંદો આશય તથા કાશ્મીરી નારીઓના અપમાનનો ભાવ છુપાયો છે એ સમજી શકાય છે. આટલું છતાંય કોઈ બાજુથી તેમની ઝબાન પર લગામ નથી લગાડવામાં આવી, ન તેમના પર કોઈ શિસ્તમય પગલાં લેવામાં આવ્યાં છે ! આ નાલાયકી નથી તો શું છે ?!

### શું આનુ નામ સ્ત્રી સશક્તિકરણ છે ?!

સ્ત્રી આઝાદી, સ્ત્રી સશક્તિકરણ તથા સમાનતાની બાંગો પુકારતા સત્તા પક્ષના નેતાઓ કેટલી નીચતાએ વધુ પેજ 17 પર..

# દુનિયાને મુસલમાનોએ શું આપ્યું

## અને તેમણે શું પામ્યું ?!

તંત્રી લેખ

વર્તમાન કાળમાં ઈસ્લામનો કલમો પઢનારાઓની સ્થિતિ અજબની જોવા મળે છે. ઈસ્લામ દુશ્મન તાકતોના ઘેરાવમાં મુસલમાન સપડાયેલો જણાય રહ્યો છે. દુનિયાભરમાં મુસલમાનોની સ્થિતિ દયાજનક થઈ ચૂકી છે. વિશ્વભરમાં ક્યાં તો કાફિરોના તરફથી જુલ્મો સિતમની વર્ષા થઈ રહી છે, તો ક્યાંક આપસમાં જ મુસલમાન કહેવાતા લોકો કાપાકાપીના શિકાર બની ચૂક્યા છે.

એ પણ યાદ રાખશો કે મુસ્લિમ બાદશાહોએ હિંદુસ્તાન પર સેંકડો વરસ રાજ કર્યું પણ કોઈ ધાર્મિક ભેદભાવ વિના સર્વ પ્રજાના રક્ષણ તથા સર્વ પ્રજાની ભલાઈનાં કામો કર્યા તેના માટે ઈતિહાસ સાક્ષી છે. આજે ઈતિહાસને વિકૃત કરીને આપસમાં વેરઝેર ઉભા કરાય રહ્યાં છે. પણ સાચી હક઼ીક઼ત એ છે કે જો તેમણે જુલ્મ કર્યો હોત તો આજે મુસ્લિમો લઘુમતીમાં ન હોત.

**ભૂતકાળમાં મુસલમાનોના વિજયોનું અદ્‌ભૂત રહસ્ય શું હતું ?**

આજના આ પસ્તીના દૌરને જોતાં ઈસ્લામના ઉદયનો મુસલમાનોની આગેકૂચનો દૌર તથા તે દૌરનો મુસલમાન કેવો હતો એ પણ જાણવું જરૂરી છે. મુસલમાનોની સતત ફતહોની ખબર જ્યારે હિરકલ ઈસાઈ બાદશાહને મળી તો તેણે પોતાના સલાહકારોને પૂછયું કે, અરબો શસ્ત્રો તથા સંખ્યામાં કમજોર છે તેમ છતાં આપણા ઉપર વિજય મેળવતા જઈ રહ્યા છે અને દમિશ્ક, ઉરદુન, ફહલ અને હિમ્સ આપણા કબજામાંથી નીકળી ગયાં, છેવટે એનું શું કારણ છે ? ત્યારે તેઓમાંના એક શાણા પુરૂષે જે જવાબ આપ્યો હતો તે સાચે જ આજના મુસલમાનો માટે ઈબ્રત લેવા જેવો છે :–

"તેમના (મુસલમાનોના) અખ્લાક઼ આપણાથી બેહતર છે, તેઓ **દિવસના રોઝાદાર** અને **રાત્રે જાગી ઈબાદત કરનારા** છે, કોઈના ઉપર **જુલમ નથી કરતા** અને **આપસમાં ભાઈચારો** રાખે છે. અને આપણે **(ઈસાઈઓનો) એ હાલ** છે કે, **શરાબ પીનારા છીએ, બદકારી (વ્યભિચાર) કરનારા** અને **વચનભંગ કરનારા** અને લોકો પર **જુલમના પહાડ તોડનારા** છીએ. *(બહવાલા–યૂરોપ ઔર ઈસ્લામ, પેજ–૩૭)*

હવે દરેક મુસલમાન ઠંડા દિલે વિચારે કે, **શું આ ગુણો હવે આમ મુસલમાનોમાં જોવા મળે છે ખરા ?** મુસલમાનોની હાલત સાચે જ વિપરીત થઈ ચૂકી છે, તેથી જ તો 'તબાહી' તેમનું મુક઼દ્દર બની ચૂકી છે. હાલના મુસલમાને ફરી તે મુસલમાન બનવાની જરૂર છે.

## મુસલમાન વિજેતાઓના અખ્લાક઼ની એક ઝલક

આવો ! આજે એ પણ અભ્યાસ કરી લઈએ કે ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَની રઝામંદીને, તેમને જ રાજી રાખવાને, પોતાનો જીવન ધ્યેય સમજનારા મુસલમાનો જ્યારે વિજયો પ્રાપ્ત કરતા હતા, સત્તાધારી બનતા હતા ત્યારે કેવી ઉદારતા સાથે અન્ય કોમો સાથે વહેવાર કરતા હતા ? એથી ઉલ્ટું યહૂદી, ઈસાઈ, મુશ્રિક કૌમોએ પોતાની ફતહોના તથા ચડતીના સમયે કેવો કાળો કેર વર્તાવ્યો હતો અને વર્તાવી રહ્યા છે, એ પણ જોઈ લઈએ તો ન્યાય પ્રિય દરેક ઈન્સાન સમજી શકશે કે, ઈસ્લામ લોખંડની તલવારથી નહીં નેક અખ્લાક઼ની તલવારથી ફેલાયો છે.

**૦૧.** ફારૂકી યુગમાં ઈસાઈઓનો ક઼બીલો બનૂ તગલબ કબજે કરાયો તો હઝરત સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ હુકમ બહાર પાડયો કે, ધર્મના બારામાં તેમના ઉપર કોઈ દબાણ કરવામાં ન આવે અને તેઓ પોતાના ધર્મપાલન માટે આઝાદ છે. અલબત્ત એમનામાંથી જો કોઈ (સ્વેચ્છાએ) ઈસ્લામ કબૂલ કરવા ચાહે તો તેને રોકવાનો કોઈને અધિકાર નથી અને ન ઈસાઈઓને એ અધિકાર છે કે મુસલમાન થઈ જનારાઓના બાળકોને જબરદસ્તી રંગે. *(તિબરી, ભાગ–૫)*

**૦૨.** રસૂલે અકરમ ﷺ જ્યારે મક્કા શરીફથી હિજરત કરીને મદીના તૈયબહ તશરીફ લાવ્યા તો ત્યાં યહૂદીઓથી સંપર્કમાં આવવાનું થયું. યહૂદી વ્યાજના કારોબાર વડે લોકોને નિર્દયી રીતે ફોલી ખાતા હતા, એટલે સુધી કે બાળકો અને સ્ત્રીઓને પણ ગીરો રાખી લેતા હતા. અરબ કબીલાઓ આપસમાં લડવાના આદી હતા તો આ લોકો પોતાના પ્રપંચ વડે તેમના જંગોને લંબાવતા રહી પોતાના કરજની જંજીરોમાં તેમને અધિક સખત જકડતા રહેતા હતા. મદીનાના બે મોટા કબીલાઓ 'અવસ' અને 'ખઝરજ' તેઓની લગાડેલી ચિંગારીઓની સગડીમાં હમેશાં સળગતા રહ્યા અને યહૂદીઓ તેમની જંગને ખત્મ થવા દેતા ન હતા. પણ ઈસ્લામનું આગમન થતાં જ, ઈસ્લામના ઈન્સાની ભાઈચારાના સબકે મુસલમાનો સમક્ષ યહૂદીઓની શરારતોને ઉઘાડી પાડી દીધી. રસૂલે અકરમ ﷺની મદીના પાકમાં તશરીફ આવરી પછી મુસલમાનોનો યહૂદીઓ સાથે એક ઐતિહાસિક કરાર થયો, જેની શરતો નીચે પ્રમાણે હતી :–

- ક઼ેસાસ અને ફિદિયાનો તરીક઼ો એ જ રહેશે જે પહેલેથી ચાલ્યો આવે છે.
- યહૂદીઓને પૂરી મઝહબી આઝાદી રહેશે.
- યહૂદીઓ તથા મુસલમાનો આપસમાં મિત્રાચારી રાખશે.
- બંને પક્ષોમાંથી કોઈની, જો કોઈ અન્ય સાથે લડાઈ થશે તો એકબીજાની મદદ કરશે.
- કોઈ પક્ષ કુરૈશને અમાન આપશે નહીં.
- કોઈ બાહ્ય પરિબળ મદીના પર હુમલો કરશે તો બંને સાથે મળીને તેનો સામનો કરશે.
- કોઈ દુશ્મન સાથે, જો એક પક્ષ સમાધાન કરશે, તો બીજો પણ સુલેહમાં શરીક થશે. અલબત્ત મઝહબી લડાઈઓ એમાંથી બાકાત રહેશે. *(સીરતે ઈબ્ને હેશામ, ૧/૨૭૮)*

પરંતુ યહૂદીઓ પોતાની બગાવતખોર વૃત્તિથી અલગ ન થયા અને કરાર ભંગ કરીને કુરૈશના મુશ્રિકો સાથે મળી જઈને મુસલમાનો વિરુદ્ધ કાર્યવાહીમાં પડયા.

કહેવાનો આશય એ કે, મુસલમાનોએ શરૂથી જ હમેશાં સમાધાનકારી વલણ તથા ઉદારનીતિ અપનાવ્યા કરી અને શક્તિ હોવા છતાં કોઈનાથી બદલો લેવાની ભાવના કેળવી જ નથી.

૦૩. હુઝૂરે અક્દસ ﷺએ જબલે સીનામાં રહેનારા ઈસાઈ પાદરીઓને (જેઓ સેન્ટ કેથરાઈનની ખાનક઼ાહમાં રહેતા હતા) પોતાના તરફથી ઉદારદિલીથી નવાઝયા. આપે તેઓ માટે જે ક઼ાનૂન બનાવ્યો એના આધારે મુસલમાનો પર જિમ્મેદારી નાખી કે, ઈસાઈઓને કોઈ નુકસાન ન પહોંચાડે, દેવળો અને પાદરીઓના રહેઠાણ, સુરક્ષા સો સલામત રાખે. તેમના પર અન્યાયી રીતે ટેકસ ન લાદે, કોઈ બિશપને તેના હોદ્દેથી હટાવવામાં ન આવે, કોઈ ઈસાઈને બળજબરીથી તેના મઝહબથી હટાવવામાં ન આવે.... વગેરે.

૦૪. હાતિમ તાઈની પુત્રી, શામના જંગમાં ગિરફતાર થઈ અને મદીના લાવવામાં આવી તો હુઝૂર ﷺએ તેને ખૂબ ઈજ્જત આપી અને તેણીને ખૂબ જ માનભેર તેના ભાઈ અદીની પાસે જવા દીધી. એના લીધે જ અદી ઈબ્ને હાતિમ મદીના આવ્યા અને એ રીતે હુઝૂર ﷺના અખ્લાક઼ે કરીમાથી પ્રભાવિત થયા અને પછી ત્યાંના થઈને રહી ગયા. બુખરાનના ઈસાઈઓને હુઝૂરે જ છૂટછાટો આપી તેના આધારે તેમના મઝહબ, જમીન જાયદાદ, માલો દૌલત, વેપાર, સફર તથા રોકાણ દરેક હાલતમાં તેમની ઝમાનત અલ્લાહ અને રસૂલની ઠરાવવામાં આવી એટલે સુધી કે તેમની મૂર્તિઓ પણ મહેફૂઝ ઠરાવવામાં આવી અને તમામ મઝહબી હોદ્દેદારો પાદરી ઉસકુફ પોત પોતાના હોદ્દા પર યથાવત રાખવામાં આવ્યા. અને એ પણ કે તેમનાથી કોઈ આકસ્મિક ખૂનનો બદલો ન લેવામાં આવે, ન તેમની પાસેથી ફોજી ખિદમત લેવામાં આવે, ન ઉશ્ર લેવામાં આવે.

૦૫. ફતહે હેયરાના પ્રસંગે ત્યાંના ઈસાઈઓને આ ક઼રારનામુ આપવામાં આવ્યું કે, ન તેમનાં દેવળો અને ખાનક઼ાહો પાડવામાં આવશે અને ન તો તેમના સુરક્ષા માટેના કિલ્લાઓ તોડી પાડવામાં આવશે. મઝહબી લેહાઝથી તેમને તેમના ઘંટાઓ વગાડવાથી પણ રોકવામાં નહીં આવે, અને ન તહેવારોમાં તેમને ક્રોસ કાઢવાથી મના કરવામાં આવશે, ઈસાઈ વૃધ્ધો અને મજબૂરો પાસેથી જિઝયો પણ લેવામાં નહીં આવે, બલ્કે એવા લોકોનો ખર્ચો પણ બયતુલ માલમાંથી મળશે. એનો આખરી હિસ્સો કેટલો ઈમાન અફરોઝ છે કે આ ક઼રાર એ રીતે પુખ્તા (મજબૂત) છે જેવી રીતે અલ્લાહ તઆલા પોતાના નબીથી પુખ્તા વાયદો કરે છે. *(કિતાબુલ ખિરાજ)*

૦૬. બયતુલ મુકદસની ફતહ વેળાનો કરાર, જે સૈયદના ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہના હાથે થયો હતો.

''આ અમાન અલ્લાહના બંદા અમીરૂલ મો'મિનીને એલિયાના લોકોને આપી, આ અમાન તેમની જગા, માલ, ગિરજા (દેવળ), ક્રોસ (સલીબ), તંદુરસ્ત, બીમાર, તેમના સર્વ મઝહબવાળાઓને માટે છે. એ રીતે કે, ન તેમનાં દેવળોને કબજે લેવામાં આવશે, ન તેમને તોડી પાડવામાં આવશે, ન તેને કે

તેની આસપાસના ભાગોને નુકશાન પહોંચાડવામાં આવશે. ન તેમનાં ક્રોસો (સલીબો) અને ન તેમના માલમાં કમી કરવામાં આવશે. મઝહબના બારામાં, ન તેમના પર જબરદસ્તી કરવામાં આવશે, ન તેમને નુકશાન પહોંચાડવામાં આવશે. એલિયામાં, તેમની સાથે યહૂદી રહેવા પામશે નહીં, એલિયાવાળાઓ પર એ ફર્ઝ છે કે, અન્ય શહેરોની જેમ જિઝયો આપે અને યૂનાનીઓને કાઢી મૂકે. એ યૂનાનીઓમાંથી, જે શહેરથી નીકળશે તેમની જાન તથા માલને અમન (સલામતી) છે, તેણે જિઝયો આપવો પડશે. એલિયાવાળાઓમાંથી, જે શખ્સ પોતાની જાન તથા માલને લઈને યૂનાનીઓ સાથે ચાલી જવા ચાહે તો તેમને અને તેમનાં દેવળો તથા સલીબો (ક્રોસો)ને અમ્ન છે, એટલે સુધી કે તેઓ પોતાના શરણ સ્થાને પહોંચી જાય અને જે કાંઈ આ લખાણમાં છે, તેના પર અલ્લાહ તઆલાનો, તેના રસૂલનો, ખલીફાઓનો અને મુસલમાનોનો જિમ્મો, (જિમ્મેદારી) છે, એ શરતે કે, આ લોકો, નિશ્ચિત જિઝયાવેરો ભરતા રહે, (આ સર્વે) આ લખાણ પર ગવાહ છે ખાલિદ ઈબ્ને વલીદ, અમ્ર ઈબ્ને આસ, અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ અને મુઆવિયહ ઈબ્ને અબૂ સુફયાન رضی اللہ عنہ. આ કરાર હિજરી ૧૫માં લખવામાં આવ્યો. *(તારીખે અબૂ જાફર તિબરી, ફતહે બૈતુલ મુક઼દસ, ભાગ–૫, પેજ–૨૦)*

૦૭. અદ્લો ઈન્સાફમાં મુસલમાનોએ કદી મુસલમાન અને ઈસાઈઓ વચ્ચે કોઈ ફરક નથી રાખ્યો અને હમેશાં કુર્આન તથા સુન્નત પ્રમાણે ફૈંસલો કરતા રહ્યા. ક઼બીલા બક્ર ઈબ્ને વાઈલના એક શખ્સે જેનું નામ "હનીન" હતું, તેણે હેયરાના રહેવાસી, એક ઈસાઈને મારી નાખ્યો, તો સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ ઈસ્લામી ક઼ાનૂન પ્રમાણે ક઼ાતિલને ક઼ત્લ થનાર (મક઼તૂલ)ના વારસોને હવાલે કરી દીધો અને તે લોકોએ પોતાના માણસના બદલામાં તે મુસલમાનને ક઼ત્લ કરી નાખ્યો.

*–(અદેરાયહ ફી તખરીજિલ હિદાયહ, પેજ–૨૬૦)*

૦૮. સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીએ, ઈસાઈ લૂટેરાઓ પાસેથી જ્યારે બૈતુલ મુક઼દસને આઝાદ કરાવ્યું તો, પોતે હમદર્દી તથા ન્યાય પ્રિયતા, મહોબ્બતભરી વર્તણુંક અને રહમદિલીની જે સાબિતી આપી, તે આ નફરતભર્યા અને ખૂનખાર માહોલમાં અજોડ છે. જેનો સ્વીકાર ખુદ યુરોપિયન લેખકે કર્યો છે, એના માટે ખાસ કરીને સ્ટેન્લી લેન પોલની કિતાબ "સલાહુદ્દીન" તથા એ. જે. ગ્રાન્ટની કિતાબ "તારીખે યૂરોપ"નો અભ્યાસ કરવો જોઈએ. *(બહવાલા 'યૂરોપ ઔર ઈસ્લામ,' અઝ–બદરૂલ ક઼ાદરી–હોલેન્ડ)*

૦૯. આ મુસલમાનોની જ વિશિષ્ટતા અને અનોખી ખૂબી છે કે પોતાના હરીફ, જાનના દુશ્મન પ્રતિ પણ હમદર્દીની ભાવના રહેતી હતી, તેમની ઔરતની સલામતી, તેમના જાનમાલની ઝિમ્મેદારી (પોતાના તાબામાં એ ક઼ૌમો હોવા છતાં) તેમના ધર્મસ્થાનોની, ધર્મગુરૂઓની પણ સલામતી જોખમમાં મૂકાતી ન હોતી, એટલે સુધી કે **તેમને પોતાના ધાર્મિક કાનૂનો પ્રમાણે જીવન વ્યવહારની છૂટ હતી, તેમના પર્સનલ લોમાં કોઈ દરમિયાનગીરી થતી ન હતી. જે માટે ઈતિહાસ સાક્ષી છે.** એવું શાથી થતું હતું ? એટલા માટે કે, તેઓ કુર્આની આદેશોના ચુસ્ત પાલન કરનારા અને કુર્આન હદીષના ઈલ્મના શયદાઈ હતા. કુર્આનમાં છે કે :

**ભાવાર્થ** : "કોઈ કોમની દુશ્મની પણ તમને એ વાત માટે ન ઉશ્કેરે કે, તમે તેની સાથે ન્યાય ન કરો, દરેક સંજોગોમાં ન્યાય કરો, એ રોશન તકવાથી પણ વિશેષ છે." તથા ફર્માવ્યું, "દીનમાં કોઈ જબરદસ્તી નથી."

અને સરકારે દો જહાં ﷺનું ઈન્સાફથી ભરપૂર ફર્માન જુઓ : "જે વિના કારણે જંગ કરે અને દુશ્મની પ્રતિ અથવા દૂશ્મની (પૂર્વગ્રહ)ના કારણે ગુસ્સો કરે. તે જાહિલિયતની મૌત મરશે." પૂછવામાં આવ્યું કે, શું પોતાની કૌમથી મહોબ્બત રાખવી એ પણ પૂર્વગ્રહ છે ? આપે ફર્માવ્યું, નહીં ! બલ્કે "જુલ્મમાં પોતાની કૌમની મદદ કરવી એ પૂર્વગ્રહ છે." અને રસૂલે ખુદા ﷺ કેમ આવું ન ફર્માવે ! કારણ કે આપ "રહમતુલ લિલ આલમીન" બનીને તશરીફ લાવ્યા.

એટલે જ, તો ફતહે મક્કા પછી મક્કાવાસીઓ કે જેમણે મુસલમાનો પર અને ખાસ નબીએ કરીમ ﷺ પર જુલ્મોના પહાડ તોડયા હતા. **જો આપ બદલો લેવા ચાહત તો કોઈ કુરૈશ બચી ન શકતે પણ આપે અમાન જાહેર કર્યું.** મહાન શત્રુઓ, જાલિમોને સજા આપવાની તક હતી, મક્કાવાસીઓ ડરથી કાંપી રહ્યા હતા, પોતાનાં ઘરોમાં છુપાઈ ગયા હતા, ભાગવા લાગ્યા હતા, પણ 'અમાન'નું એલાન થયું કે, "જે અબૂ સુફયાનના ઘરમાં આવી જાય, તે અમ્નમાં છે, અને પોતાનાં હથિયાર ફેંકી દે અને જેઓ ઘરમાં છે તે અમ્નમાં છે, અને જે કોઈ મસ્જિદે હરામમાં પ્રવેશી જાય તે અમ્નમાં છે. સહાબાએ કિરામને નરમી સાથે મક્કા શરીફમાં પ્રવેશવાની સૂચના આપવામાં આવી હતી." સુબ્હાનલ્લાહ ! આ છે, "બાનીએ ઈસ્લામ"નો અજોડ કિરદાર અને અનોખી રહમદિલી ! આ છે, "ઈસ્લામી તાલીમ" અને મુસલમાનોનો "અદ્ભૂત રોલ" ! કે થથરતા દુશ્મનો પણ અમાન પામી ચૈનથી જીવવા લાગે છે, બલ્કે મુસલમાનો તેમની રક્ષામાં લાગી જાય છે.

*–(બહવાલા મદારિજુન્નબુવ્વત)*

**ઈસાઈઓએ મુસલમાનો પર વિજયો પામતાં શું કર્યું ?**

ઈસ્લામ અને મુસ્લિમો સિવાય અન્ય મઝહબ અને કૌમોમાં આ પ્રકારના દ્રષ્ટાંતો, આટલી ઉદારતાનાં ઉદાહરણો મળવાં અશક્ય છે. જેમ કે એથી ઉલ્ટુ, ઈસાઈ, યહૂદી તથા અન્ય કૌમોએ ઉદારનીતિ અપનાવી તેમને જીવવાનો હક્ક તથા સર્વ હક્કો આપનાર કૌમની સાથે કેટલો નિર્દયી તથા અસભ્ય વર્તાવ કર્યો છે, એને પણ ઈતિહાસના પાનાઓમાં જોઈ લઈએ.

**૦૧.** ઈ.સ. ૧૦૯૯માં, સલીબીઓ (ઈસાઈઓ)એ બયતુલ મુકદ્દસ પર કબજો કર્યો, તો ત્રણ દિવસ સુધી એટલી કત્લેઆમ ચલાવી કે સિત્તેર હજાર લાશોના કારણે બીમારી (વબા) ફેલાઈ ગઈ.

**૦૨.** ઈ.સ. ૧૦૯૯માં, સલીબીઓની નજીક દુશ્મનને કત્લ કરવો ખુદાની ઈબાદત સમાન હતું. ફતહ પછી પોપને ખુશખબરી આપતાં લખ્યું કે, જો તમે જાણવા ચાહો કે ત્યાં હાજર દુશ્મનો સાથે અમે શો વર્તાવ કર્યો ? તો એટલું જણાવવું પૂરતું છે કે, આપણા સિપાહી જ્યારે મઅબદે સુલૈમાનીમાં પ્રવેશ્યા તો, તેમના પગો, ગુથણો સુધી મુસલમાનોના લોહીથી ડૂબેલા હતા ! *(એ. જી. ગ્રાન્ટ, તારીખે યૂરોપ, ઉર્દૂ, પેજ–૨૫૭)*

**૦૩.** "એ ફોજ બાળકો, યુવાનો અને ઘરડાંઓ, સૌને કત્લ કરતી રહી, ચોતરફ લાશો જોવા મળતી હતી, એટલા પ્રમાણમાં લોહી વહાવ્યું, કે લાશો તરતી ફરતી હતી."

*–(અઝ : મવસીયુ લિબાન, તમદ્દુને અરબ ઉર્દૂ, પેજ–૯૯)*

૦૪. ઈ.સ. ૧૪૯૨માં, સ્પેનમાંથી મુસલમાનોની હુકૂમત ખત્મ થઈ અને ત્યાર બાદ ઈસાઈઓએ સ્પેનમાં વસેલા મુસલમાનોના દીન તથા મઝહબને છીનવાની કોશિશ શરૂ કરી દીધી. ફર્ડીનાનના હુકમથી, સ્પેનના સાડા ત્રણ લાખ મુસલમાનો પર તેમનો દીન મઝહબ છીનવા માટે કેસ ચલાવવામાં આવ્યો, અને અટ્ઠાવીસ હજાર પાંચસો ચાલીસને ફાંસી આપી દેવામાં આવી, બાર હજારને જીવતા સળગાવી દેવામાં આવ્યા. અને બાકીનાને બળજબરીપૂર્વક પોતાનો મઝહબ છોડવા માટે મજબૂર કરવામાં આવ્યા. મુસલમાનોના ઈલ્મી સંગ્રહોને આગ લગાડી દેવામાં આવી. સંકડો કુતુબખાનાઓ, લાયબ્રેરીઓ જલાવી દેવામાં આવી. ઈ.સ. ૧૫૫૬માં, મુસલમાનોમાં બનાવેલા સર્વ સ્નાનગૃહો બંધ કરાવી દીધાં. પાકીઝગીની ઈસ્લામી વ્યવસ્થાને કાનૂની રીતે જાણે રદ કરી દેવામાં આવી. ઈ.સ. ૧૬૧૦ સુધી જે મુસલમાનો ગમે તેમ કરીને જીવતા બાકી રહી ગયા હતા તેમને દેશ ત્યજી દેવાનો હુકમ આપી દેવામાં આવ્યો, જેથી કરીને છુપી રીતે રહેતા મુસલમાનો જાહેર થઈ જાય. મુસલમાનો આ એલાન સાંભળતાં જ ખુશીથી ભેગા થવા લાગ્યા અને ક્રમે ક્રમે દોઢ લાખ મુસલમાનો એકત્ર થઈ ગયા. ઈસાઈ ગવર્નમેન્ટે તેમની પાસેથી હથિયાર તો પહેલેથી મૂકાવી દીધાં હતાં. આ નિરાધાર કાફલો જેમાં સ્ત્રી પુરૂષો, બાળકો, વૃધ્ધો સૌ હતાં, સમુદ્ર કિનારા તરફ આગળ વધ્યો તો એ દરમ્યાન એક જાલિમ પાદરી જેનું નામ 'બલીડા' હતું, તે પોતાના ચુનંદા ગુંડાઓની પાર્ટી લઈને આવી ચઢયો અને નિરાધાર મુસલમાનોની બેધડક કતલ કરવાનું શરૂ કરી દીધું, એક લાખ જાનો તો મેદાનમાં જ તબાહ થઈ ગઈ, પચાસ હજાર ભાગદોડ કરીને આબાદીની ગલીઓમાં પહોંચી ગયા હતા તેમને ત્યાં ખત્મ કરી દેવામાં આવ્યા. આ પ્રમાણે પોપની દોરવણી હેઠળ ઈસાઈઓએ ઈ.સ. ૧૬૩૦માં સ્પેનની ભૂમી પરથી એક એક મુસલમાનને શોધી શોધીને મારી નાખ્યો.

*–(ઈન્સાઈક્લોપિડિયા ઓફ બર્ટાનીકા સ્પેન, તશ્કીલે ઈન્સાનિયત, પેજ–૨૫૩)*

૦૫. ''સ્પેન ઈસાઈઓના કબજામાં આવ્યા બાદ જે મુસલમાનો જાન બચાવીને ત્યાં રહી ગયા હતા. સ્પેનવાળાઓની બોલીમાં તેમને 'મોરિસ્કો' કહેવામાં આવતા હતા. ઈસાઈ ગવર્નમેન્ટે એક શાહી હુકમનામા થકી તેમને ઈસાઈ બનવા માટે મજબૂર કર્યા. પરંતુ બાદમાં તેમના પર એવો હુકમ લગાડયો કે તેઓ સાચા દિલથી ઈસાઈ નથી બન્યા એટલા માટે ઈ.સ. ૧૬૧૦માં તેમનો બળજબરીએ દેશનિકાલ કરવામાં આવ્યો. ત્યારે લગભગ ૫ લાખ મુસ્લિમોનો દેશનિકાલ કરવામાં આવ્યો. અમેરિકન લેખક એસ. સી. ટી.એ લોકોના વર્ણન સંબંધે એક સંપૂર્ણ કિતાબ લખી છે જેનું નામ 'ધી મોરિસ્કો ઓફ સ્પેન' છે. એ કિતાબ ઈ.સ. ૧૯૧૦માં લંડનથી પ્રકાશિત થઈ.

૦૬. એ કિતાબમાં મુસલમાનોને જોરજુલમથી ઈસાઈ બનાવી દેવાના પ્રસંગો વર્ણન કરવામાં આવેલા છે, અને એ પણ દર્શાવ્યું છે કે, બળજબરીએ ઈસાઈ બનાવવામાં આવેલા મુસલમાનોના અકીદાઓની તપાસ માટે એક મંડળ સ્થાપવામાં આવ્યું, જેના થકી, લોકોના સાચા કે બનાવટી ઈસાઈ થવાની તેહકીક કરવામાં આવી હતી. અને ઈસાઈયતમાં મજબૂતી સાબિત ન થતાં સખત કેદની સજા, શારીરિક ઈજાઓ અને ક્યારેક આગમાં સળગાવી દેવાની સજા પણ આપવામાં આવતી હતી. આ મંડળે 'શાહ

ફર્ડીનેન્ડ' અને 'રાણી અઝાબિલા'ના દૌરમાં હજારો જાનો ખતમ કરી. એ જ મંડળ કિતાબોની પણ ચકાસણી કરીને ઈસાઈયત વિરૂધ્ધ કિતાબોને જલાવી દેતું હતું અને તેના લેખકોને કડક સજાઓ આપતું હતું. એ જ અમેરિકન લેખક એચ. સી. ટી. એ આ જુલમના કારખાનાનો ઈતિહાસ પાંચ ભાગોમાં લખ્યો છે, જેનું નામ ''હિસ્ટ્રી ઓફ ઈન્કવાયઝીશન' જે ઈ.સ. ૧૯૦૫ થી ૧૯૦૮ના અરસામાં છપાઈ ચૂકી છે.

ઉન્દલુસ (સ્પેન)થી કાઢવામાં આવેલા એક મુસલમાને કલીસાના પ્રતિનિધિઓ સમક્ષ ઈસ્લામી દઅ્વત તથા તબ્લીગની વ્યવસ્થા અને મુસ્લિમ હાકિમોના ઈતિહાસ પર પ્રકાશ વેરતાં, જે વિરોધ નોંધાવ્યો હતો તેને ટી. ડબ્લ્યુ આર્લેન્ડથી સાંભળો :–

''શું અમારા વિજેતા પૂર્વજોએ, જ્યારે કે તેમને પૂરી શક્તિ હાંસલ હતી ત્યારે સ્પેનમાંથી ઈસાઈયતને નેસ્તોનાબૂદ કરવા માટે કોશિશ કરી હતી ? શું તેમણે તમારા બાપ દાદાઓને પોતાના ધાર્મિક ફર્ઝો અદા કરવાની સહૂલત આપી ન હતી ? જ્યારે કે તેઓ તેમની જંઝીરોમાં કેદ હતા. શું અમારા પયગંબરનો આ સ્પષ્ટ હુકમ નથી કે, મુસલમાનોની તલ્વાર જે કૌમને તાબે કરે તેઓ મામૂલી સરખો જિઝયાવેરો આપીને પોતાના પૂરાણા ધર્મ પર રહેવા માટે મુક્ત છે, ભલે તે ગમે તેટલો કઢંગો ધર્મ કેમ ન હોય, અને જે મઝહબ તેને પસંદ હોય તેને અપનાવે. જો ક્યાંક જબરદસ્તીથી મુસલમાન કરવાના અમુક દાખલા છે, તો એવું કરનારા તે લોકો છે, જે નોંધપાત્ર પણ નથી. એ તે લોકોના કારનામાં છે, જેમણે સરાસર ઈસ્લામી હુકમો તથા હિદાયતો વિરૂધ્ધ કાર્યો કર્યા, આ તે હુકમો નથી જેને તોડયા બાદ કોઈ કામિલ મો'મિન કહેવડાવી શકે.

તમે અમારી અંદર કોઈ એવી ખૂંખાર અદાલત નથી દર્શાવી શકતા જે વિવિધ કૌમોના દીન તથા ઈમાનની તપાસણી માટે સ્થાપવામાં આવી હોય, જે તમારી મન્હૂસ ઈન્વાઈઝીશનની સાથે જરા પણ સામ્યતા ધરાવતી હોય. એ સત્ય છે કે જે કોઈ અમારો ધર્મ કબૂલ કરવાને માટે આકર્ષણ ધરાવતો હોય તેને અમે ગળે લગાડવા તૈયાર છીએ, પરંતુ અમારું કુર્આન મજીદ અમને અન્યોના ઝમીર (દિલો) પર બળજબરી કરવાની ઈજાઝત નથી આપતું. અમે નવ મુસ્લિમોને દરેક રીતે પ્રોત્સાહન આપીએ છીએ.''

*–(ધી પ્રિચિંગ ઓફ ઈસ્લામ, દા'વતે ઈસ્લામ, ઉર્દૂ, પેજ–૧૫૦)*

સિસલીના પ્રદેશમાં, મુસલમાનોએ ૨૬૨ વરસ રાજ કર્યું અને પોતાના દરિયાઈ અનુભવો અને હિંમતેમર્દાના થકી રોમના દ્વિપ પર ઈસ્લામી સત્તાના ઝંડા લેહરાવ્યા.

૦૭. સિસલી તેમજ આસપાસના ટાપુઓમાં, મુસલમાનોએ પોતાના ઉચ્ચ અખ્લાકનાં ઊંડા નિશાનો છોડયાં છે. પણ બુરૂં થાય એ અંધપૂર્વગ્રહનું, જેણે મુસલમાનોની સત્તા નબળી પડતાં જ, તેમની બાંધકામની નિશાનીઓ અને ઈલ્મી આષારોને મિટાવવા માટે તૈયારી કરી દીધી. સિસલીના પ્રદેશમાં મુસલમાનોની હુકૂમત ખત્મ થતાં જ ઈસાઈ બાદશાહે મુસલમાનોના દીન તથા મઝહબ પર પાબંદી લાગુ પાડી, અઝાન અને જુમ્આની નમાઝ પર પણ પ્રતિબંધ મૂક્યો.

❀ રસૂલે ખાતિમ હુઝૂર મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની શાનમાં ગુસ્તાખીઓનો ક્રમ શરૂ થયો.

- ઈસાઈ ગુંડાઓને ટ્રેનિંગ આપવામાં આવી કે, તેઓ મુસ્લિમોની વસ્તીઓ પર હુમલા કરે, તેમના ઘરોમાં આગ લગાડે અને તેમની જાન, માલ, ઈજ્જત આબરૂનો જનાઝો કાઢે.
- મુસલમાન રઈસોની માલ મિલ્કતો જમીન જાયદાદને આંચકી લેવામાં આવી.
- મુસલમાનો પાસેથી મિલ્કત, દુકાનો અને કારોબાર છીનવી લઈને ઈસાઈઓને ઘણી જ ઉદારતાપૂર્વક વહેંચી દેવામાં આવ્યા.
- મુસલમાનોને હુકૂમતના કોઈ કામમાં નોકરીમાં રાખવું કાનૂની રીતે મના કરી દેવામાં આવ્યું.
- લગભગ ૮૦ હજાર મુસલમાનોને ફ્રાંડ્રેક બીજાએ સિસલીથી કાઢીને દક્ષિણ ઈટાલીમાં લાવીને વસાવ્યા. જેમને ચાર્લ્સ બીજાએ જોર જુલમથી ઈસાઈયતમાં દાખલ કરાવી લીધા.

સિસલીમાં મુસલમાનોની મઝલૂમિયતની એ સ્થિતિ હતી કે તેઓ પોતાની યુવાન પુત્રીઓને, સમુદ્ર કિનારેથી પસાર થનારા મુસલમાન (સફરમાં રહેનારાઓને) સોંપી દેતા કે જેથી, તેઓ પોતાની હિફાઝતમાં લઈ જઈને કોઈ મુસલમાન સાથે નિકાહ કરાવી આપે, કેમ કે સિસલીમાં તેમની ઈજ્જત ખતરામાં હતી. એવો જ પ્રસંગ મશહૂર સય્યાહ (સૈર સફરમાં રહેનાર) ઈબ્ને જુબૈરની સાથે બન્યો હતો.

*(રહલહ ઈબ્ને જુબૈર, પેજ–૩૨૦)*

૦૮. ઈસ્લામ અને મુસલમાનોની તબાહીના ચાહક આ યુરોપ અમેરિકીઓએ એવાં તો અસંખ્ય જુલ્મો કરી, ખૂનની હોળીઓ ખેલી છે, જેના વર્ણન માટે એક દફતર જોઈએ. બહુ દૂરની વાત નથી, હાલમાં જ ઈ.સ. ૧૯૯૧માં અમેરિકી પ્રમુખ બુશે ઈરાકી પ્રમુખ સદ્દામને લીલી ઝંડી બતાવીને કુવૈત પર કબજો કરવા દીધો અને પછી અમેરિકાએ જ કુવૈતને આઝાદ કરાવવાને બહાને અન્ય સાથે દેશોને ભેગા કરીને કુવૈત પર ચઢાઈ કરી અને **હિરોશીમાં** તથા **નાગાસાકી**થી વિશેષ ભયાનક હથિયારો અને બોમ્બનો ઉપયોગ કર્યો. બગદાદ ઉપરાંત, ઈરાકની અન્ય વસ્તીઓ ઉપર બીજા વિશ્વયુદ્ધ કરતાં વિશેષ અને ખતરનાક હુમલાઓ કરીને હજારો મુસલમાન લોકોને શહીદ કર્યા અને મુસલમાનોના ઈતિહાસનો સૌથી બદતરીન કિસ્સો એ બન્યો કે ઈરાકને હચમચાવી કાઢવા માટે **ઈસાઈઓનો સાથ નામ માત્રના કહેવાતા મુસલમાનોએ પણ આપ્યો અને જે સઊદીઓએ અરબસ્તાનની ઉષ્માની સલ્તનતને ખત્મ કરવામાં અંગ્રેજોનો સાથ આપ્યો હતો અને તેણે ખુલ્લમ ખુલ્લા તેના સાથી દેશોની મદદ કરી.**

૦૯. અને હાલતમાં બોસ્નિયામાં સર્બી ઈસાઈઓના હાથે મુસલમાનોની જે કત્લેઆમ થઈ રહી છે, સ્ત્રીઓની આબરૂઓ લૂંટાઈ રહી છે, એના સમાચારો વાંચીને એક ઝિંદાદિલ ઈન્સાન ખૂનનાં આંસુ રડી પડે તેવી સ્થિતિ છે. **હિંદુસ્તાનમાં પણ ઈસાઈ અંગ્રેજોની પોલીસી પ્રમાણે જ આજે હિંદુ મુસ્લિમોનાં તોફાનો, હુલ્લડોમાં મુસલમાનોની જ કત્લેઆમ થઈ રહી છે, મોટાભાગે મુસ્લિમો જ જાનમાનની હાનિ ભોગવી રહ્યા છે, મુસલમાનોની ઈબાદતગાહો સલામત નથી.** (બાબરી મસ્જિદ વિવાદનું બી રોપનારા એ જ તો લોકો હતા જેણે એક દેશની બે કામોમાં જુદાઈ કરાવી દીધી.)

*–(બહવાલા : કિતાબ 'યૂરોપ ઔર ઈસ્લામ')*

'મન મેલાં તન ઉજળાં' એવા ગોરી ચામડીધારી આ અંગ્રેજો–અમેરિકનો, ઈસ્લામથી લોકોનું આકર્ષણ

હટાવવા માટે અને ઈસ્લામના નીતિ નિયમોના ચુસ્ત પાબંદ મુસલમાનોને હલકા પાડવા કાજે, ઈસ્લામના એ ચાહકોને (Fundamentalist) ''રૂઢીચુસ્તો''ના નામથી પોકારે છે, ''કટ્ટરવાદી''ના નામે બોલાવે છે ! મુસલમાન કોઈ કાર્યવાહી, જાઈઝ તરીકાથી પણ પોતાના દીન કે વતન કે પોતાની મુક્તિ કે હક્ક્ માટે કરે, કોઈ અવાજ ઉઠાવનાર ચળવળ ચલાવે, તો તેને આંતકવાદીમાં ખપાવવામાં આવે ! જેમ કે ઈ.સ. ૧૯૭૫ પછી ઈસ્લામી દુનિયામાં જેટલી પણ ક્રાંતિઓ થઈ, જેમ કે મિસરમાં અન્વર સાદાતનું ખૂન, ઈરાનની ક્રાંતિ, લેબનોનના બનાવ, અલજઝાઈરમાં ઈસ્લામની મોરચાની ઐતિહાસિક જીત, ફિલીસ્તીનમાં અરબોની પોતાના વતનની આઝાદી માટે જેહાદની ચળવળ, તુર્કીમાં ઈસ્લામી જમહૂરી પાર્ટીની જીત, ઈરાકની પોતાના વારસાઈ હક્ કુવૈત પામવાની ચળવળ, સિરીયાનું ઈઝરાઈલીઓ પાસેથી પોતાની પહાડીઓને આઝાદ કરાવવું, અને લીબિયાનો અમેરિકાની દાદાગીરી માનવાથી ઈન્કાર, સુદાનનું અમેરિકી ભય સામે માથુ ન ઝુકાવવું, બોસ્નિયાનો રૂસી ગુલામીથી ઈન્કાર, ચિન્ચિનીયાનો રૂસી ગુલામીથી ઈન્કાર, મુસ્લિમ દેશની પોતાની રક્ષા કાજે શસ્ત્રો બનાવવાની કોશિશ એટલે સુધી કે મુસલમાનોનું ઈસ્લામી નિશાનીઓ પર અમલ કરવું એ પણ કટ્ટરવાદ, આતંકવાદમાં જ તો ખપાવવામાં આવે છે !

## ઈતિહાસના આઈનામાં હિંદી મુસલમાનો !

આજે હિંદુસ્તાનનો માહોલ પણ દિન પ્રતિ દિન બદલાતો જઈ રહ્યો છે, હિંદુ સંગઠનો થકી યેન કેન પ્રકારે મુસલમાનોને રંજાડવાના પ્રયાસો થઈ રહ્યા છે, દેશમાં કોમવાદનું ઝહેર ફેલાવીને સદીઓથી આપસમાં મેળ મહોબ્બતથી એકતાથી રહેતી હિંદુ મુસ્લિમ કૌમમાં આપસમાં વેરભાવના પેદા કરીને ઝઘડા ફસાદ ખડો કરવામાં આવી રહ્યા છે. ક્યાંક ગાયના નામ પર તો ક્યાંક કોઈ અન્ય બહાને ટોળાશાહી થકી એકલ દોકલ મુસલમાનોની મારપીટ બલ્કે ખૂન સુદ્ધાં થઈ રહ્યાં છે, જબરદસ્તી હિંદુ ધર્મના નારા બોલાવવામાં આવી રહ્યા છે ! મુસલમાનોના મઝહબી પર્સનલ લો માં દખલઅંદાઝી થઈ રહી છે. જ્યારે કે મુસલમાનોને આ લોકશાહી દેશમાં દેશના અન્ય નાગરીક જેટલા હક્કો હિંદના બંધારણે આપેલા છે, ધાર્મિક સ્વતંત્રતા આપેલી છે જેમાં તે પોતાના મઝહબ પર આઝાદીથી અમલ કરી શકે છે, પણ છતાંય આજે ગંદી પોલીસીઓ થકી તેમાં રુકાવટો ઉભી કરવામાં આવી રહી છે. મુસલમાન હમેશાં પોતાના દેશનો વફાદાર રહેલો છે. હિંદુસ્તાનની આઝાદીમાં ઈ.સ. ૧૮૫૭થી મુસલમાનો અંગ્રેજોની ગુલામીમાંથી દેશને છૂટકારો અપાવવા શહીદી વહોરતા આવ્યા છે. કદી કોઈ મુસલમાને આજ સુધી દેશ સાથે ગદ્દારી કરીને દેશના દુશ્મનોને સાથ નથી આપ્યો. અલ્લામા ફઝલે હક્ક્ ખૈરાબાદી رحمۃ اللہ علیہએ ૧૮૫૭માં અંગ્રેજો વિરુદ્ધ દિલ્હીની જામા મસ્જિદથી જેહાદનો ફત્વો આપેલો જેના કારણે વિદ્રોહ થતાં અંગ્રેજોએ કેટલાય આલિમોને ફાંસીના માંચડે ચઢાવેલા અને આપને આંદામાનમાં કાળાપાણીની સજા કરવામાં આવેલી. એવા અન્ય પણ સેંકડો મુસ્લિમો હિંદના સ્વાતંત્ર્ય માટે આઝાદી મળતાં સુધી શહીદ થતા રહ્યા એને ઈતિહાસ કોઈ ભૂંસી શક્શે નહીં. જેથી હિંદની ધરતી પર અન્ય નાગરીકો જેટલો જ હક્ક્ મુસલમાનોનો પણ છે. કાશ ! કે આ વાતોની નોંધ લઈને દેશમાં અરાજકતા ફેલાવતા તત્વો પર અંકુશ મૂકવામાં આવે તો દેશ જન્નત નિશાન બની શકે છે. રબ તઆલાથી દુઆ છે કે હિંદને અમ્નો અમાનનો ગહવારો બનાવે અને અશાંતિ ખડી કરનાર તત્વોને સહી સમજ અતા કરે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.**

وَلَكُمْ نِصْفُ مَا تَرَكَ اَزْوَاجُكُمْ اِنْ لَّمْ يَكُنْ لَّهُنَّ وَلَدٌ ۚ
فَاِنْ كَانَ لَهُنَّ وَلَدٌ فَلَكُمُ الرُّبُعُ مِمَّا تَرَكْنَ مِنْۢ بَعْدِ
وَصِيَّةٍ يُّوْصِيْنَ بِهَاۤ اَوْ دَيْنٍ ؕ وَلَهُنَّ الرُّبُعُ مِمَّا تَرَكْتُمْ
اِنْ لَّمْ يَكُنْ لَّكُمْ وَلَدٌ ۚ فَاِنْ كَانَ لَكُمْ وَلَدٌ فَلَهُنَّ
الثُّمُنُ مِمَّا تَرَكْتُمْ مِّنْۢ بَعْدِ وَصِيَّةٍ تُوْصُوْنَ بِهَاۤ اَوْ دَيْنٍ ؕ
وَاِنْ كَانَ رَجُلٌ يُّوْرَثُ كَلٰلَةً اَوِ امْرَاَةٌ وَّلَهٗۤ اَخٌ اَوْ اُخْتٌ
فَلِكُلِّ وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ ۚ فَاِنْ كَانُوْۤا اَكْثَرَ مِنْ ذٰلِكَ
فَهُمْ شُرَكَآءُ فِى الثُّلُثِ مِنْۢ بَعْدِ وَصِيَّةٍ يُّوْصٰى بِهَاۤ اَوْ
دَيْنٍ ۙ غَيْرَ مُضَآرٍّ ۚ وَصِيَّةً مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَلِيْمٌ ﴿۱۲﴾
تِلْكَ حُدُوْدُ اللّٰهِ ؕ وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ يُدْخِلْهُ جَنّٰتٍ
تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ وَذٰلِكَ الْفَوْزُ
الْعَظِيْمُ ﴿۱۳﴾ وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيَتَعَدَّ حُدُوْدَهٗ
يُدْخِلْهُ نَارًا خَالِدًا فِيْهَا ۪ وَلَهٗ عَذَابٌ مُّهِيْنٌ ﴿۱۴﴾ وَالّٰتِيْ
يَاْتِيْنَ الْفَاحِشَةَ مِنْ نِّسَآئِكُمْ فَاسْتَشْهِدُوْا عَلَيْهِنَّ

## સૂરએ નિસાઅ્ની તફસીર

અને તમારી પત્નીઓ જે છોડી જાય તેમાંથી તમારા માટે અડધો ભાગ છે. જો તેણીઓની ઔલાદ ન હોય તો, પછી જો તેણીઓની ઔલાદ હોય તો તેણીઓના વારસામાંથી તમારા માટે ચોથો ભાગ છે, જે વસિયત તેણીઓ કરી ગઈ તે અને કર્ઝ (ચૂકવ્યા) પછી, અને તમારા વારસામાં સ્ત્રીઓનો ચોથો ભાગ છે[૨૫૪] જો તમને ઔલાદ ન હોય. પછી જો તમને ઔલાદ હોય તો તેણીઓને તમારા વારસામાંથી આઠમો ભાગ[૨૫૫] જે વસિયત તમે કરી જાવ (તેના) અને કર્ઝ (ચૂકવ્યા) પછી, અને જો કોઈ એવા પુરૂષ કે સ્ત્રીનો વારસો વહેંચાતો હોય જેણે મા બાપ, ઔલાદ કોઈ જ છોડયું નથી. અને મા તરફથી તેને ભાઈ કે બહેન છે તો તેમનામાં દરેકને છઠ્ઠો હિસ્સો. પછી જો તે બહેન ભાઈ એકથી વધારે હોય તો ત્રીજા ભાગમાં બધાં ભાગીદાર છે[૨૫૬] મૈયતની વસિયત અને કર્ઝ કાઢીને, જેમાં તેણે નુકસાન પહોંચાડયો ન હોય[૨૫૭] આ અલ્લાહનું ફર્માન છે, અને અલ્લાહ ઈલ્મવાળો ધીરજવાળો છે (૧૨) આ અલ્લાહની હદો છે, અને જે અલ્લાહ અને અલ્લાહના રસૂલનો હુકમ માને તેને અલ્લાહ બગીચાઓમાં લઈ જાશે જેમના નીચે

اَرْبَعَةً مِّنْكُمْ ۚ فَاِنْ شَهِدُوْا فَاَمْسِكُوْهُنَّ فِی الْبُیُوْتِ
حَتّٰى یَتَوَفّٰىهُنَّ الْمَوْتُ اَوْ یَجْعَلَ اللّٰهُ لَهُنَّ سَبِیْلًا ﴿۱۵﴾ وَ
الَّذٰنِ یَاْتِیٰنِهَا مِنْكُمْ فَاٰذُوْهُمَا ۚ فَاِنْ تَابَا وَ اَصْلَحَا
فَاَعْرِضُوْا عَنْهُمَا ؕ وَ الّٰتِیْ یَاْتِیْنَ الْفَاحِشَةَ مِنْ
نِّسَآىٕكُمْ فَاسْتَشْهِدُوْا عَلَیْهِنَّ اَرْبَعَةً مِّنْكُمْ ۚ فَاِنْ
شَهِدُوْا فَاَمْسِكُوْهُنَّ فِی الْبُیُوْتِ حَتّٰى یَتَوَفّٰىهُنَّ الْمَوْتُ
اَوْ یَجْعَلَ اللّٰهُ لَهُنَّ سَبِیْلًا ﴿۱۵﴾ وَ الَّذٰنِ یَاْتِیٰنِهَا مِنْكُمْ
فَاٰذُوْهُمَا فَاِنْ تَابَا وَ اَصْلَحَا فَاَعْرِضُوْا عَنْهُمَا اِنَّ اللّٰهَ
كَانَ تَوَّابًا رَّحِیْمًا ﴿۱۶﴾

*નહેરો વહે, હમેશાં તેમાં રહેશે, અને એ જ મહાન સફળતા છે (૧૩) અને જે અલ્લાહ અને તેના રસૂલના હુકમનું ઉલ્લંઘન કરે અને તેની બધી હદોને ઓળંગી જાય. અલ્લાહ તેને આગમાં દાખલ કરશે, જેમાં હમેશાં રહેશે, અને તેમના માટે અપમાનવાળો અઝાબ છે[૨૫૮] (૧૪) અને તમારી સ્ત્રીઓમાં જે અનીતિ કરે (તો) તેણીઓ (ના કૃત્ય) પર ખાસ પોતાનામાંથી[૨૫૯] ચાર પુરૂષોની સાક્ષી લો, પછી જો તેઓ સાક્ષી આપી દે, તો તે સ્ત્રીઓને ઘરમાં બંધ રાખો[૨૬૦] ત્યાં સુધી કે તેણીઓને મૃત્યુ ઉઠાવી લે. અથવા અલ્લાહ તેણીઓનો કાંઈક માર્ગ કાઢે[૨૬૧] (૧૫) અને તમારામાં જે પુરૂષ સ્ત્રી એવું કામ કરે તેમને ઈજા આપો[૨૬૨]* પછી જો તેઓ તૌબા કરે અને નેક બની જાય તો તેમનો પીછો છોડી દો, બેશક ! અલ્લાહ મહાન તૌબા કૂબૂલ કરનાર મહેરબાન છે[૨૬૩] (૧૬)

## :: સમજૂતી ::

**૨૫૪ :** પત્ની એક હોય કે વધુ, એક હશે તો તે એકલી ચોથો ભાગ મેળવશે, અને વધુ હશે તો તે બધી પેલા ચોથા ભાગમાંથી સરખો હિસ્સો મેળવશે, પત્ની એક હોય કે વધુ હિસ્સો એટલો જ રહેશે.

**૨૫૫ :** ભલે પછી તેણી (પત્ની) એક હોય કે વધુ.

**૨૫૬ :** કારણ કે તેઓ માની સગાઈના કારણે હક્દાર બન્યા. અને મા ચોથા ભાગથી વધારે મેળવતી નથી. એટલા માટે જ એમાં પુરૂષોનો હિસ્સો સ્ત્રીથી વધુ નથી.

**૨૫૭ :** પોતાના વારસદારો માટે ત્રીજા ભાગથી વધારેની વસિયત કરીને, અથવા કોઈ ચોક્કસ વારસદાર માટે વસિયત કરીને.

**મસાઈલ : વારસદારો ઘણા પ્રકારના હોય છે.** પ્રથમ "અસ્હાબે ફરાઈઝ" આ તે લોકો છે જેમના માટે હિસ્સા નક્કી થયેલા છે. દા.ત. પુત્રી એક હોય તો અડધી મિલ્કતની વારસદાર, વધારે હોય તો બધી માટે બેતૃતિયાંશ. પૌત્રી, પ્રપૌત્રી અને તેની નીચેની દરેક પૌત્રી જો મૈયતને ઔલાદ ન હોય તો પુત્રીના હુકમમાં છે. અને જો મૈયતને એક જ પુત્રી હોય તો એ તેણી સાથે છઠ્ઠો ભાગ પામશે. અને જો મૈયતને પુત્ર હશે તો એ (પૌત્રી) બાદ થઈ જશે, કશું મેળવશે નહીં, અને મૈયતે બે પુત્રીઓ મૂકી હશે ત્યારે પણ પોત્રી બાદ થઈ જશે, પરંતુ તેની સાથે (સમકક્ષ) અથવા તેનાથી નીચે દરજ્જાનો કોઈ છોકરો હશે તો તે એને અસબા બનાવી દેશે, સગી બહેન જ્યારે મરનારે પુત્ર કે પૌત્ર ન મૂક્યો હોય ત્યારે બેટીના હુકમમાં ગણાશે. એવી બહેનો જે એક જ બાપની હોય અને તેમની માતાઓ જુદી હોય તેઓ સગી બહેનો ન હોય ત્યારે સગી બહેનો જેવી જ ગણાશે અને બંને

પ્રકારની બહેનો (સગી અને મત્રાઈ) મરનારને પુત્રી કે પૌત્રી હોય ત્યારે અસબા બની જાય છે, અને પુત્ર, પૌત્રો તેમજ નીચેના પૌત્રો પિતાની હાજરીમાં બાદ થઈ જશે, અને ઈમામ સાહબના મંતવ્ય અનુસાર દાદાની હાજરીમાં પણ બાદ થશે.

મત્રાઈ ભાઈ બહેન (મરનારની અને એમની મા એક હોય પણ બાપ અલગ)માંથી જો એક જ હોય તો છટ્ઠો ભાગ અને વધારે હોય તો ત્રીજો ભાગ. અને એમનામાં પુરૂષ તેમજ સ્ત્રીનો ભાગ સરખો રહેશે, અને પુત્રો, પૌત્રો તેમજ પ્રપૌત્રો બાપ અથવા દાદાની હયાતીમાં બાદ થઈ જશે.

જો મૈયતે પુત્ર કે પૌત્ર કે પ્રપોત્ર છોડયો હશે તો મરનારના પિતાને છટ્ઠો હિસ્સો મળશે, અને જો મરનારે પુત્રી, પૌત્રી કે પ્રપૌત્રી છોડી હશે તો મરનારના બાપને છટ્ઠા ભાગ ઉપરાંત ''અસ્હાબે ફુરૂઝ'' (જેમના હિસ્સા કુર્આને નક્કી કર્યા છે તે)ને વહેંચતાં જે વધે તે પણ મળશે.

દાદા એટલે કે બાપના બાપ મરનારના બાપ જીવંત ન હોય ત્યારે તેની જગ્યાએ ગણાશે, સિવાય કે તે (બાપની જેમ) માને વધેલાના ત્રીજા ભાગ તરફ પલટાવી નહીં શકે.

જો મરનારે પોતાની ઔલાદ અથવા પોતાના પુત્ર કે પ્રપૌત્રની ઔલાદ અથવા બહેન ભાઈમાંથી બે છોડયા હોય, ભલે પછી તે ભાઈ સગા હોય કે મત્રાઈ તો મરનારની માને છટ્ઠો હિસ્સો મળશે અને ઉપરોક્ત વ્યક્તિઓમાંથી કોઈ વારસદાર ન હોય તો મરનારની મા બધી મિલ્કતનો ત્રીજો ભાગ મેળવશે.

અને જો મૈયતે પતિ કે પત્ની તથા મા બાપ છોડયાં હશે તો મરનારની માને પતિ અથવા પત્નીનો ભાગ કાઢયા પછી જે વધશે તેનો ત્રીજો ભાગ મળશે, અને દાદી તેમજ નાનીને એક હોય તો પણ અને વધુ હોય તો પણ છટ્ઠો ભાગ મળશે, અને એમાં નજીકવાળી દૂરવાળીને બાકાત કરાવશે, અને મરનારની મા હયાત હશે તો એ બધી (દાદી અને નાની) બાકાત થશે, એ જ રીતે બાપ તરફની દાદી બાપની હયાતથી બાકાત થશે, એમને કશું મળશે નહીં.

જો મરનાર વ્યક્તિએ પોતાની, પોતાના પુત્રની, પોતાના પૌત્ર અથવા પ્રપૌત્રની ઔલાદ છોડી હશે તો મરનારના પતિને ચોથો હિસ્સો મળશે, અને જો ઉપરના વારસદારોમાંથી કોઈ ન હોય તો પતિને અડધો ભાગ મળશે.

મરનાર વ્યક્તિએ પોતાની, પોતાના પુત્ર, પૌત્ર કે પ્રપૌત્રની ઔલાદ છોડી હશે તો એની પત્નીને આઠમો ભાગ મળશે, અને એવા વારસદાર નહીં હોય તો ચોથો હિસ્સો તેણીને મળશે.

**અસ્બાત :** એવા વારસદારો કહેવાય છે જેમનો કોઈ ચોક્કસ હિસ્સો નક્કી થયેલો નથી. ''અસ્હાબે ફુરૂઝ'' એટલે કે જેમનો ચોક્કસ હિસ્સો નક્કી થયેલો છે તેમને વહેંચ્યા પછી જે વધે તે એમને (અસબાતને) મળે છે. તેઓમાં પ્રથમ યોગ્યતા પુત્ર ધરાવે છે, પછી તેના પુત્ર અથવા પ્રપૌત્ર, પછી બાપ, પછી દાદા, ત્યાર બાદ બાપ દાદાઓના વંશમાં જ્યાં સુધી કોઈ હયાત હોય તે, પછી સગો ભાઈ, પછી મત્રાઈ ભાઈ (બાપ એક મા અલગ હોય તેવો) પછી સગા ભાઈનો પુત્ર, પછી મત્રાઈ ભાઈનો પુત્ર, પછી કાકા, પછી બાપના કાકા, પછી દાદાના કાકા (કાકામાં બાપના નાના અને મોટા બંને ભાઈઓનો સમાવેશ થાય છે) પછી આઝાદ કરનાર, ત્યારબાદ એના અસબાત અનુક્રમ મુજબ.

અને જે સ્ત્રીઓનો ભાગ અડધો કે બે તૃતિયાંશ હોય તે પોતાના ભાઈઓની હયાતીમાં અસબા બની જશે, અને જે એવી ન હોય તે નહીં.

''ઝવિલ અરહામ'' એટલે કે તે સગાઓ જે અસહાબે ફુરૂઝ અને અસબાત પછી આવતાં હોય,

અને એમની તરતીબ (યોગ્યતાનું અનુક્રમ) અસબાત મુજબ છે.

**૨૫૮ :** કારણ કે બધી હદોને ઓળંગી જનાર કાફિર છે, મો'મિન ગમે તેવો ગુનેહગાર હશે તો પણ ઈમાનની હદને તો નહીં ફલાંગે.

**૨૫૯ :** અર્થાત મુસલમાનોમાંથી.

**૨૬૦ :** કે જેથી તેણીઓ અનીતિનું કાર્ય કરવા ન પામે.

**૨૬૧ :** અર્થાત સજા નક્કી કરે અથવા તૌબાની અથવા નિકાહની તૌફીક઼ આપે, જે મુફસ્સિરો આયતમાંના "ફાહિશહ" શબ્દનો અર્થ ઝિના તારવે છે તેઓ કહે છે કે (ઘરોમાં) બંધ રાખવાનો હુકમ (ઝિનાની) સજા નક્કી પહેલાંનો છે, સજાનો હુકમ ઉતર્યા પછી મન્સૂખ થઈ ગયો.

*–(ખાઝિન, જલાલૈન, અહમદી)*

**૨૬૨ :** ધમકાવો, ઘુરકો, બુરુ કહો, શરમ અપાવો, ખાસડાં મારો.

*–(જલાલૈન, મદારિક, ખાઝિન વગેરે)*

**૨૬૩ :** હસનનું કથન છે કે ઝિનાની સજા પ્રથમ ઈઝા નક્કી કરવામાં આવી, પછી (ઘરોમાં) ગોંધી રાખવું, પછી કોરડા મારવા અથવા સંગસાર કરવું (નક્કી થયું).

ઈબ્ને બહરનું કહેવું છે કે પહેલી આયત وَالّٰتِیْ یَاْتِیْنَ એવી સ્ત્રીઓ વિશે છે, જેઓ સ્ત્રીઓ સાથે જ બદફેલી કરે છે, અને બીજી આયત وَالَّذٰنِ પુરૂષ પુરૂષ બદફેલી માટે છે, અને ઝાની સ્ત્રી પુરૂષનો હુકમ (તો) સૂરએ નૂરમાં છે, આ બયાન અનુસાર આ આયતો મન્સૂખ થયેલી નથી, અને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ જે કહે છે કે પુરૂષ સાથે કુકૃત્ય (સજાતિય સંબંધ) કરનાર માટે હદ (શરીઅતે નક્કી કરેલી સજા) નથી. પણ તઅઝીર (ક઼ાઝીને યોગ્ય લાગે તેવી સજા) છે. તો તેમના કથન માટે આયતમાં દલીલ છે.

વધુ પેજ 04 પર..

ઉતર્યા છે તેનાં દષ્ટાંતો જોતા ચાલો. ઉન્નાવ ગેંગ રેપનો આરોપી કુલદીપસિંહ સેંગર ભાજપનો સાંસદ હતો જેની ધરપકડ થતાં તેની વિરુદ્ધમાં તે બળાત્કારીના બચાવમાં રેલી કાઢવામાં આવેલી તેના ટેકેદારો તરફથી, અને એક સંસદ સભ્ય તેને જેલમાં મળવા પણ જાય છે તેમજ બીજા નેતા લેકચરમાં તેને માનવાચક શબ્દો વડે યાદ કરીને તેની પ્રશંસા કરે છે. નિર્દોષ પીંખી નાખનારા માટે આ છે નેતાઓની હમદર્દી કે જેમણે આપણા દેશની કોઈકની મા કે બહેન પર બળાત્કાર કર્યો, તેના પિતાનું પણ ખૂન કરવામાં આવ્યું અને હાલમાં ટ્રક વડે તેમની ટેકસીને ઝપટમાં લેવડાવી જેમાં પીડિતાની માતા, માસી બંનેનું મૃત્યુ થયું અને ખુદ પીડિતા તથા તેનો વકીલ હાલ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યાં છે, આ બનાવ પછી માંડ તે આરોપીને લોક લાજે પક્ષમાંથી સસ્પેન્ડ કરાયો ! ક્યાં છે સ્ત્રી રક્ષાની બાંગો પાડનારાઓ ?!

તે ઉપરાંત ગુજરાતમાં પણ ઉનાના બળાત્કારના કાંડમાં આવા જ નેતાઓએ કાળુ મોં કરેલું છે તથા અન્ય ઠેકાણે અનેક નેતાઓ આવા હત્યા, બળાત્કારનાં કાંડોમાં સપડાયેલા છે ભલે સત્તાના જોરે બચી જાય. વળી આવા જ નેતાઓ થકી સરકારી અધિકારીઓને, બલ્કે પોલીસ ઓફીસરોને પણ પોતાનુ મન માન્યુ ન કરતાં સરેઆમ માર મારવાના બનાવો પણ હાલ બની રહ્યા છે કે જેના વિશે આજ સુધી સાંભળવા પણ મળતુ ન હતું ! સારાંશ કે જો દેશની પ્રજાની રક્ષા, મા બહેનોની ઈજ્જતની રક્ષા માટે તથા તેમના ભલા માટે કાયદા ઘડવાના નામે ચાલતી ભારતની લોકસભા, રાજ્યસભા કે ધારાસભામાં પહોંચી જાય તો આવા લોકો ભેગા થઈને દેશનું તથા દેશના પ્રજાજનો તથા મા બહેનોનું સત્યાનાશ વાળશે કે તેમનુ ભલુ કરશે એ વાંચકો પોતે જ વિચારી લે !

## દર્સે હદીષે પાક — મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ
## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

### باب فیه فصلان (બાબુ ફીહ્ ફસ્લાન) પ્રકરણ એમાં બે વિભાગ છે[1]

### (વિભાગ : ૧) الفصل الاول

**૧. કેમ કે આ પ્રકરણમાં અઝાનના સંબંધે વિવિધ વિષયે હદીષો આવશે, એટલા માટે લેખકે આ પ્રકરણનો તર્જુમો નિશ્ચિત ન કર્યો.**

*હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે બિલાલ રાતમાં અઝાન આપે છે, તમો ખાતા પીતા રહો[1]. ત્યાં સુધી કે ઈબ્ને ઉમ્મે મકતૂમ અઝાન આપે. ફર્માવે છે કે ઈબ્ને ઉમ્મે મકતૂમ નાબીના શખ્સ હતા. અઝાન ન કહેતા ત્યાં સુધી કે તેમને કહેવામાં ન આવતુ, સવાર થઈ ગઈ ! સવાર થઈ ગઈ ![2] (મુસ્લિમ, બુખારી)*

**૧.** લગભગ હમેશાં સવારની બે અઝાનો થતી રહેતી હતી, એક તહજ્જુદ અને સેહરીના માટે બીજી ફજરની નમાઝના માટે. પહેલી અઝાન સૈયદના બિલાલ આપતા હતા અને બીજી અઝાન સૈયદના ઈબ્ને ઉમ્મે મકતૂમ. હજી મદીના મુનવ્વરામાં તહજ્જુદની અઝાન થાય છે. કેમ કે એ બંનેવ અઝાનોના અવાજો અને અદા કરવાની રીતમાં ફરક રહેતો હતો એટલા માટે લોકોને શંકા રહેતી ન હતી.

**૨.** આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે અઝાન કેવળ નમાઝ માટે ખાસ નથી અન્ય હેતુઓ માટે પણ હોય શકે છે. જુઓ, સૈયદના બિલાલની આ અઝાન સેહરીમાં જગાડવા માટે થતી હતી. **બીજો** એ કે ફજર અથવા અન્ય અઝાનો જો સમય પહેલાં થઈ જાય તો સમય થતાં કહેવી પડશે. જુઓ સૈયદના બિલાલની અઝાન પર ચલાવી લેવામાં ન આવ્યું. ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો આ જ મઝહબ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہને ત્યાં ફજરની અઝાન વખત થતાં પહેલાં પણ જાઈઝ છે, આ જ હદીષના આધાર પર. પણ આ દલીલ કમજોર છે, નહીં તો ફરીથી અઝાનની શું જરૂરત હતી. **ત્રીજો** એ કે નાબીના (અંધ વ્યક્તિ)ને અઝાનના માટે નિયુક્ત કરી શકાય છે જ્યારે કે તેને સમય બતાવનાર કોઈ હોય. **ચોથો** એ કે એક મસ્જિદમાં બે કે તેથી અધિક મોઅઝ્ઝિન હોય શકે છે. **પાંચમો** એ કે સેહરી માટે જગાડવા અઝાન આપવી જાઈઝ બલ્કે સુન્નતથી સાબિત છે, પણ એ ત્યારે થશે કે જ્યારે લોકો એ અઝાનથી શંકામાં ન પડી જાય, નહીં તો કદાપિ ન આપવામાં આવે. આપણા દેશમાં અઝાન સુબ્હ સાદિક્ થવાની નિશાની છે. જો અહીં સહરીની અઝાન આપવામાં આવી તો કોઈ ફજર થઈ જવાની શંકામાં સેહરી ખાય શકશે નહીં, અથવા કોઈ બીજી અઝાનને પહેલી સમજીને દિવસમાં (ફજરમાં) ખાયને રોઝો ખરાબ કરી લેશે. એટલા માટે હવે કદાપિ એના પર અમલ કરવામાં નહીં આવે. ઘણી ચીજો સહાબીઓના યુગમાં દુરુસ્ત હતી પણ હવે મના છે. જુઓ એ જમાનામાં જોડા પહેરીને મસ્જિદમાં

આવવું અને જોડા પહેરીને નમાઝ પઢવાનો રિવાજ હતો પણ હવે મના છે. પાકા મકાનો બનાવવું મના હતું પણ હવે જાઈઝ છે. ખેતીવાડીથી લોકોને રોકવામાં આવ્યા હતા પણ હવે જરૂરી છે. ઝકાતના મસરફ આઠ હતા હવે સાત છે. સંજોગો બદલાતાં હંગામી હુકમો બદલાય જાય છે.

*સમુરહ ઈબ્ને ઝુન્દુબથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમને સહરીથી ન બિલાલની અઝાન રોકે અને ન લાંબી ફજર, પરંતું કિનારો આસ્માનમાં ફેલનારી ફજર[૧]. (મુસ્લિમ) એના શબ્દો તિર્મિઝીના છે.*

**૧.** સુબ્હ બે થાય છે સાદિક઼ તથા કાઝિબ. પૂર્વ તથા પશ્ચિમમાં વરૂની પૂછડીની જેમ લાંબી સફેદી છે જે જાહેર થઈને ગાયબ થઈ જાય છે, એનાથી અમુકવાર પછી ઉત્તર દક્ષિણે સફેદી જાહેર થાય છે જે બાદમાં ફેલાય જાય છે, એનું નામ સુબ્હ સાદિક઼ છે. એ સમયથી દિવસ શરૂ થાય છે. સુબ્હાનલ્લાહ ! હુઝૂરે એક શબ્દ مستطیل ફર્માવીને સેંકડો મસ્અલા વર્ણન કરી આપ્યા.

*હઝરત માલિક બિન હવૈરિષ رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ફર્માવે છે કે હું અને મારા કાકાનો છોકરો હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા[૨]. આપે ફર્માવ્યું કે જ્યારે તમે બંનેવ સફર કરો તો અઝાન તથા તકબીર કહો, અને તમારામાંનો મોટો ઈમામત કરે[૩]. (બુખારી)*

**૧.** આપનું નામ માલિક છે કુન્નિયત અબૂ સુલૈમાન છે. બની લૈષ ક઼બીલાથી છે. એક પ્રતિનિધિમંડળમાં હુઝૂર ﷺની પાસે હાજર થયા. ૨૦ દિવસ હાજરી રહી બસરામાં રોકાણ કર્યું. અબ્દુલ મલિકના જમાનામાં હિ.સ. ૭૨માં વફાત પામ્યા.

**૨.** વિદાય થતી વખતે બે દિવસના રોકાણ બાદ જાણવા મળ્યું. મદીનાથી જતી વખતે ખિદમતે અક઼દસમાં હાજર થવું સહાબાની સુન્નત છે. આજે પણ હાજીઓ મક્કા મુઅઝ્ઝમાથી જતી વખતે તવાફે વિદાઅ કરે છે અને મદીના પાકથી રુખસત થતી વખતે સલામે વિદાઅ પેશ કરે છે.

**૩.** એટલે કે અઝાન તથા તકબીર કોઈ પણ કહી આપે પણ ઈમામત મોટો માણસ જ કરે. સફરની શર્ત એટલા માટે લગાડી કે સફરમાં કોઈ સ્થળ નિશ્ચિત નથી હોતું. મસ્જિદોમાં જે ઈમામ નિયુક્ત થયેલ હશે તે જ ઈમામત કરશે, નાનો હોય કે મોટો. જેમ કે અન્ય રિવાયતોમાં છે. મોટામાં ઘણી વિગત છે : ઈલ્મમાં મોટો, ક઼િરાઅતે કુર્આનમાં મોટો, તક઼વા તથા પરહેઝગારીમાં મોટો, ઉમરમાં મોટો. આ હદીષથી જાણવા મળ્યું કે અઝાન કરતાં ઈમામત અફઝલ છે. એ પણ જાણવા મળ્યું કે સફરમાં પણ શક્ય ત્યાં સુધી જમાઅત સાથે નમાઝ પઢવી જોઈએ તેમજ જો બે માણસો પણ હોય તો પણ જમાઅત કરી લે, અલગ અલગ ન પઢે. ઉલમાએ આ હદીષના આધારે અઝાનને ફર્ઝ કહી પણ સહીહ એ જ છે કે અઝાન સુન્નત છે. હા, દીનની નિશાનીઓમાંથી છે કે એને રોકવા પર જેહાદ વાજિબ છે.

*(ક્રમશઃ)*

**ભૂલ સુધારો**

| | પેજ | લીટી | ભૂલ | સુધારો |
|---|---|---|---|---|
| બરકાતે ખ્વાજા **ઓગસ્ટ-૨૦૧૯** | ૨૨ | ૧૪ | કુફ઼ | ફક઼ |
| કિતાબ **સીરતે રસૂલે મુખ્તાર** ﷺ | ૮૨ | ૧૧ | શહીદ | ક઼ત્લ |

**દલાઈલુલ ખૈરાત (અરબી)**

દુરૂદ શરીફની મહાન બરકતવાળી કિતાબ પઢવા માટે નીચેના સરનામે રૂા. ૫ ટપાલ ટિકીટ મોકલી આ કિતાબ મંગાવો.

**રઝવી કિતાબ ઘર** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, Mo. 942746441

વિસાલ શરીફ : ૩ રમઝાનુલ મુબારક

# સીરતે હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا

હપ્તો ૦૫

સંપાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ રઝવી
(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)

## ખાતૂને જન્નત رضی اللہ عنہاની કરામતો

રિવાયત છે કે એક દિવસ હઝરત સૈયદના ઉષ્માન ગની رضی اللہ عنہએ હુઝૂર ﷺની દા'વત કરી. જ્યારે રહ્મતે આલમ ﷺ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના ઘરે તશરીફ લઈ ગયા તો હઝરત ઉષ્માન رضی اللہ عنہ આપ ﷺના પાછળ ચાલતા ચાલતા આપના ક઼દમો (પગલાઓ)ને ગણવા લાગ્યા. અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા મા, બાપ આપના પર કુર્બાન ! મારી ઈચ્છા છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના એક એક ક઼દમના બદલામાં આપની ઈજ્જત અને તા'ઝીમના માટે એક એક ગુલામ આઝાદ કરું. જેથી હઝરત સૈયદના ઉષ્માન ગની رضی اللہ عنہએ જેટલા ક઼દમ તેમના ઘર સુધી પહોંચતાં પડયા હતા એટલા જ ગુલામ ખરીદીને આઝાદ કર્યા.

હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ આ દા'વતથી પ્રભાવિત થઈને હઝરત ફાતિમા رضی اللہ عنہથી કહ્યું, હે ફાતિમા ! رضی اللہ عنہ આજે મારા દીનીભાઈ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ હુઝૂરે અકરમ ﷺની ખૂબ જ શાનદાર દા'વત કરી છે અને હુઝૂર ﷺના દરેક ક઼દમના બદલામાં એક ગુલામ આઝાદ કર્યો છે. મારી પણ તમન્ના છે કે, કાશ ! આપણે પણ હુઝૂર ﷺની આવી જ શાનદાર દા'વત કરી શકતા. હઝરત સૈયદના ફાતિમા رضی اللہ عنہاએ પોતાના શોહરે નામદાર હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم નો આ જોશ અને જઝબો જોઈ પ્રભાવિત થઈ કહ્યું, ખૂબ જ સારું થાય જો તમે પણ હુઝૂર ﷺને આ જ રીતનું દા'વત આપીને આવો. ઈન્શા અલ્લાહ ! આપણા ઘરે પણ આ જ રીતની બધી વ્યવસ્થા થઈ જશે.

જેથી હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم એ બારગાહે રિસાલતમાં હાજર થઈ દા'વત આપી દીધી અને હુઝૂર ﷺ પોતાના સહાબાએ કિરામની એક મોટી જમાઅતની સાથે પોતાની પ્યારી બેટીના ઘરે તશરીફ લઈ ગયાં, હઝરત સૈયદા ખાતૂને જન્નત رضی اللہ عنہا એકાંતમાં તશરીફ લઈ ગયાં અને અલ્લાહ તઆલાની બારગાહમાં માથુ ઝુકાવી આ દુઆ માગી, ''હે અલ્લાહ ! عزوجل તારી બંદી હઝરત ફાતિમા رضی اللہ عنہاએ તારા મહબૂબ અને સહાબાએ કિરામની દા'વત કરી છે. તારી બંદીને ફક્ત તારા પર ભરોસો છે માટે હે મારા રબ ! عزوجل તું આજે મારી ઈજ્જત રાખી લે અને આ દા'વતના ખાવાનો તું ગૈબથી વ્યવસ્થા ફર્માવ.''

આ દુઆ માગી હઝરત સૈયદના ફાતિમા رضی اللہ عنہاએ હાંડલીને ચૂલા પર ચઢાવી દીધી. ખુદાએ તઆલાનો રહ્મતનો દરિયો જોશમાં આવી ગયો અને એ રઝ્ઝાક઼ મુત્લક઼ે એ હાંડલીઓને જન્નતના ખાણાથી ભરી દીધી.

હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہاએ તેમાંથી ખાવા કાઢવાનું શરૂ કર્યું અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ પોતાના સહાબાએ કિરામની સાથે ખાવા ખાઈ લીધુ પરંતુ અલ્લાહ عزوجلની શાન કે હાંડલીમાંથી ખાવા ઓછુ ન થયું, અને સહાબાએ કિરામ એ ખાવાની ખુશ્બૂ અને લઝ્ઝતથી હૈરાન રહી ગયા. હુઝૂર ﷺએ સહાબાએ કિરામને આશ્ચર્યમાં પડેલા જોઈને ફર્માવ્યું, શું તમે

લોકો જાણો છો કે આ ખાવા ક્યાંથી આવ્યું ? સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, નહીં ! આપ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, આ ખાવા અલ્લાહ તઆલાએ આપણા માટે જન્નતથી મોકલ્યું છે.

પછી હઝરત ફાતિમા رضی اللہ عنہا એકાંતમાં જઈ સજદામાં ગયાં અને દુઆ માગવા લાગ્યાં, હે અલ્લાહ ! ﷻ હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ તારા મહબૂબના એક એક કદમના બદલામાં એક એક ગુલામ આઝાદ કર્યો હતો, પરંતુ તારી બંદી ફાતિમા رضی اللہ عنہا માં એટલી તાકત નથી. માટે હે અલ્લાહ ! જેવી રીતે તેં મારા ખાતર જન્નતમાંથી ખાવા મોકલી મારી લાજ રાખી. તેવી જ રીતે તું મારા ખાતર તારા મહબૂબ ﷺ ના એ કદમોના બરાબર જેટલા કદમ ચાલીને એ મારા ઘરે આવ્યા, તારા મહબૂબ ﷺ ની ઉમ્મતના ગુનેહગાર બંદાઓને જહન્નમથી આઝાદ ફર્માવી દે.

હઝરત ફાતિમા رضی اللہ عنہا જેવાં આ દુઆથી ફારિગ થયાં તેવામાં એકદમ અચાનક હઝરત જિબ્રઈલ علیہ السلام આ ખુશખબરી લઈને બારગાહે રિસાલતમાં ઉતરી પડયા કે, યા રસૂલલ્લાહ ! ﷺ હઝરત ફાતિમાની દુઆ બારગાહે ઈલાહીમાં મકબૂલ થઈ ગઈ, અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તેણે આપ علیہ الصلوٰۃ والسلام ના દરેક કદમના બદલામાં એક એક હજાર ગુનેહગાર બંદાઓને જહન્નમથી આઝાદ કરી દીધા. *(જામિઉલ મોઅ્જિઝાત, પેજ : ૬૫, બહવાલા સચ્ચી હિકાયાત)*

## હઝરત ફાતિમા رضی اللہ عنہا ની ચક્કી

હઝરત ઉમ્મે અયમન ફર્માવે છે કે, રમઝાન શરીફનો મહિનો અને બપોરનો સમય હતો. સખત ગરમી પડી રહી હતી અને હું હઝરત ફાતિમા رضی اللہ عنہا ના ઘરે હાજર થઈ. દરવાજો બંધ હતો અને આટો દળવાની ઘંટીના ચાલવાનો અવાજ આવી રહ્યો હતો. મેં (દીવામાંથી ઝાંકીને જોયું કે સૈયદા ફાતિમા رضی اللہ عنہا ઘંટી પાસે જમીન પર સૂઈ રહ્યાં છે અને ઘંટી આપોઆપ ચાલી રહી છે ! અને પાસે જ ઈમામ હસન અને ઈમામ હુસૈન (رضی اللہ عنہما)નું પારણુ આપોઆપ ચાલી રહ્યું છે. હું આ જોઈને આશ્ચર્યમાં પડી અને એ જ સમયે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની ખિદમતમાં હાજર થઈ અને આખો બનાવ બયાન કર્યો. તો આપ ﷺ એ ફર્માવ્યું, આ સખત ગરમીમાં મારી બેટી ફાતિમા રોઝાથી છે. અલ્લાહ ﷻ મારી બેટી ફાતિમા رضی اللہ عنہا ને ઊંઘમાં ગાલિબ કરી દીધાં કે તેમને ગરમીની સખ્તી અને પ્યાસનો એહસાસ ન થાય અને તે ફરિશ્તા હતા જે મારી બેટી ફાતિમા رضی اللہ عنہا નાં કામોને કરી રહ્યા હતા. *(સીરતે ફાતિમા, અન્વારુલ બયાન, ૧/૧૪૩)*

## મા ના પેટમાં સૈયદ ફાતિમા رضی اللہ عنہا ની કરામત

હઝરત શૈખ શોએબ رضی اللہ عنہ એ નકલ ફર્માવ્યું કે જ્યારે કાફિરોએ ચાંદના બે ટુકડા કરવાની માગણી કરી એ દિવસોમાં હઝરત ખદીજા رضی اللہ عنہا ઉમ્મીદથી હતાં. સૈયદા ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا એ ફર્માવ્યું, એ કેટલો ઝલીલ અને બદ્નામ છે જેણે આપણા આકા ﷺ ને નકાર્યા ?! આપ علیہ الصلوٰۃ والسلام સૌથી મહાન નબી અને રસૂલ છે, તો હઝરત ફાતિમા رضی اللہ عنہا એ પોતાની વાલિદા હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا ના પેટમાંથી નિદા આપી, હે અમ્મીજાન ! તમે ગમગીન ન થાવ અને ભયભીત ન થાવ. બેશક ! અલ્લાહ ! ﷻ મારા વાલિદના મદદગાર છે. *(અર્રવઝુક ફાઈક)*

## ઘરના કામકાજની વહેંચણી

હઝરત સૈયદના ઝમરહ બિન હબીબ رضی اللہ عنہ ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺ એ ઘરનાં કામો ઘંટી ચલાવવી, ઝાડુ આપવું, ખાવા બનાવવું....વગેરે

પોતાની શહઝાદી હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہاને સોંપ્યાં, અને ઘરની બહારનાં કામો (બજારથી કોઈ વસ્તુ લાવવી, ઊંટને પાણી પીવડાવવું વગેરે) હઝરત સૈયદુના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ને સોંપવામાં આવ્યું. *(અલ્ મુસન્નફ ઈબ્ને અબી શૈબાહ)*

હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہاની સીરતને પઢવાથી એ જાણવા મળશે કે આપ ઘરનાં કામકાજ કરવા માટે ક્યારેય કોઈ સંબંધી કે પડોશીને પોતાની મદદ માટે બોલાવતાં ન હતાં, ન કામની અધિકતાથી કે કોઈ પ્રકારની તકલીફ તથા મહેનતથી ગભરાતાં હતાં. આખી જિંદગી પતિના સામે ન કદી કોઈ પ્રકારની તકલીફ પર ઝબાન ખોલી અને ન કોઈ ચીજની માગણી કરી. ખાવાનો તરીકો એ હતો કે ચાહે પોતે ફાકાથી હોય પરંતુ જ્યાં સુધી પતિ અને બાળકોને ન ખવડાવતાં ત્યાં સુધી જાતે એક લુકમો પણ ખાતાં ન હતાં.

## હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاની જિંદગી અને આજની સ્ત્રીઓ

પ્યારી દીની બહેનો ! હઝરત ફાતિમાઝહ્‌રા رضی اللہ عنہاની જિંદગીની આ સંક્ષિપ્ત માહિતીનો ફરીથી અભ્યાસ કરો અને સમજો કે, ''સાચી મો'મિના ઔરત'' કોને કહેવાય. આજની સ્ત્રીઓ, યુવતીઓ ફેશનની પૂતળીઓ બનીને વાળો ખુલ્લા છોડીને, શરીરનું પ્રદર્શન કરતી બજારોમાં, પાર્કોમાં, બેશરમ બનીને ઘુમી રહી છે. ઈલ્લા માશા અલ્લાહ ! પણ હઝરત ફાતિમા رضی اللہ عنہا પર્દાનાં ચુસ્ત પાબંદ હતાં. જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે :–

*જિસ્કા આંચલ ન દેખા મહો મહરને*
*ઉસ રિદાએ નઝાહતપે લાખોં સલામ*

સુબ્હાનલ્લાહ ! પર્દાનાં તો એટલાં પાબંદ કે મૃત્યુ બાદ પણ પોતાના નિર્જીવ શરીર પર પણ કોઈ ગૈર મર્દની નજર ન પડે તેના માટે ખાસ પ્રકારનો જનાઝો બનાવવાનું પ્રેક્ટિકલી બતાવ્યું (જેના જેવો જનાઝો હાલ વપરાય છે) કે જેથી ડાયરેક્ટ શરીરના કફન કે ચાદર પર કોઈ ગૈરની નજર ન પડે. અને જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمએ હઝરત ફાતિમા رضی اللہ عنہاને પૂછયું કે **સ્ત્રી માટે સૌથી શ્રેષ્ઠ શું** છે ? તો ખાતૂને જન્નતે અર્ઝ કર્યું કે, **''નામેહરમ પુરૂષ તેણીને ન જુએ.''** આપે તેમને ગળે લગાડી લીધાં. સારાંશ કે આજકાલ હઝરાતે પંજતન પાક رضوان اللہ تعالیٰ علیہم اجمعینની મહોબ્બતનો દમ ભરનારાઓ પોતાના ઘરની સ્ત્રીઓનું નિરીક્ષણ કરી લે અને સ્ત્રીઓ પોતે પોતાનું નિરીક્ષણ કરી લે કે તેમને જો ખાતૂને જન્નત સાથે મહોબ્બત છે તો તેમના કિરદારથી, તેમને ગમતી વાતો અમલોથી, તેવા અખ્લાકોથી પણ મહોબ્બત રાખો અને બેપર્દગીથી તથા મેકપ કરીને શરીર જાહેર થાય તેવા ડ્રેસો પહેરીને ગૈર મર્દો સામે જાહેર થવાથી તૌબા કરી પર્દાની પાબંદ બની જાવ તેમજ અન્ય અખ્લાકો, વિચારો, બાળકોની કેળવણી, પતિથી મહોબ્બત તથા વફાદારી દરેક બાબતે તેમના નકશેકદમ પર ચાલો તો જ તમારો પાક પંજતનની મહોબ્બતનો દાવો ગણાશે, નહીં તો ફકત ઝબાની દાવાથી કોઈ ફાયદો થવાનો નથી. (સમાપ્ત)

**છે કોઈ આ'લા હઝરતનો ચાહક !**

**''બરકાતે રઝા'' કિતાબ મંગાવો !**

*આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની શાનમાં આપની અજોડ ખૂબીઓ તથા આપના વિવિધ વિષયે ઈલ્મો તથા દુનિયાથી બેનિયાઝી, આપનો તકવો તેમજ આપની કરામતો વગેરે સંબંધી બરકાતે ખ્વાજા મંથલીના વિશિષ્ટ લેખોનો સંગ્રહ એટલે 'બરકાતે રઝા' (પેજીસ : ૪૯૨) કિતાબ અવશ્ય મંગાવો. સંપર્ક કરો :–*

**રઝવી કિતાબ ઘર**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ–૩૯૨૦૨૦ Mo. 94274 64411

*હદિયો* Rs. 250/-

# તઝકેરતુલ અવલિયા હપ્તો ૨૭

# હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ | અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

## કેટલાક બોધદાયક બનાવો

આપે કોઈને સવાલ કર્યો કે શું તમે હક્કની જમાઅતમાં સામેલ થવા ચાહો છો ? અને જ્યારે તેણે હકારમાં જવાબ આપ્યો તો આપે ફર્માવ્યું કે દુનિયા તથા આખેરતની રજમાત્ર પરવા ન કરતાં પોતાને ગૈરુલ્લાહથી ખાલી કરી લો અને હલાલ રોજીનો ઉપયોગ કરો. પછી ફર્માવ્યું કે રોઝા તથા નમાઝ અને જેહાદ તથા હજ્જ પર કોઈને જવાંમર્દીનો મર્તબો તે સમય સુધી હાંસલ નથી થઈ શકતો જ્યાં સુધી તે એવું મહેસૂસ ન કરી લે કે એની રોજી કયા પ્રકારની છે.

### ★ સર્વ ઈબાદતોનો આધાર હલાલ રોજી પર છે ★

રિવાયત છે કે કોઈએ આપની પાસે એક વજદ તથા ઈબાદત, રિયાઝતમાં મશગૂલ રહેનાર નવયુવાનની ખૂબ જ તારીફ કરી. જેથી મુલાકાતની આતુરતામાં જ્યારે આપ તેને ત્યાં પહોંચ્યા તો તેણે આપને ત્રણ દિવસ માટે પોતાને ત્યાં રોકાવાની વિનંતિ કરી. અને જ્યારે આપે ત્રણ દિવસોમાં એની હાલતોનું નિરીક્ષણ કર્યું તો મહેસૂસ થયું કે તેની જેટલી પ્રશંસા સાંભળી હતી એના કરતાં કેટલોય અધિક બેહતર સાબિત થયો. અને એ જોઈને આપે શર્મિંદા થઈને દિલમાં કહ્યું કે હું તો એટલા પ્રમાણમાં આળસુ રહુ છું અને આ શબબેદારી કરતો રહે છે. પછી આપને એ ખયાલ આવ્યો કે ક્યાંક આ ઈબ્લીસના કોઈ ધોકામાં તો સપડાયેલો નથી ? એટલા માટે એ જોવું જોઈએ કે એ હલાલ રોજી વાપરે છે કે નહીં. અને જ્યારે આપને યકીન થઈ ગયું કે એની રોજી હલાલ નથી. તો પછી આપે તેને પોતાને ત્યાં ત્રણ દિવસ મહેમાન રાખવા વિશે કહ્યું અને તેને પોતાની સાથે લાવીને ખાવા ખવડાવ્યું જેના પછી તેની પહેલાં જેવી હાલત બાકી ન રહી. અને જ્યારે તેણે પૂછયું કે આપે શું કરી દીધું છે ? તો ફર્માવ્યું કે તને હલાલ રોજી હાંસલ ન થવાના કારણે શૈતાનની ગતિવિધિઓ ચાલુ હતી. અને હવે મારા ત્યાં હલાલ રોજીએ તારી બાતિની (આંત્રિક) હાલતને બદલીને રાખી દીધી છે. અને તને એ પણ જાણ થઈ કે સર્વ ઈબાદતો રિયાઝતોનો સંબંધ કેવળ હલાલ રોજી પર અવલંબિત છે.

એક દિવસે આપની પાસે હઝરત શકીક બલ્ખી رحمۃ اللہ علیہ આવ્યા અને સવાલ કર્યો કે આપે દુનિયાથી ભાગવાનું કેમ અપનાવ્યું ? ફર્માવ્યું કે, પોતાના દીનને ગોદમાં લઈને શહેર શહેર ગલી ગલી એટલા માટે ભાગતો ફરું છું કે જોનારા ક્યાં તો મને મજૂર સમજે અથવા પાગલ, જેથી મારા દીનને સલામત લઈને મૌતના દરવાજેથી નીકળી જઉં. માહે રમઝાનમાં આપ જંગલથી ઘાસ લઈને વેચ્યા કરતા અને એનાથી મળનારી રકમને ખૈરાત કરીને પૂરી રાત ઈબાદતમાં વ્યસ્ત રહેતા. અને જ્યારે આપને સવાલ કરવામાં આવ્યો કે શું આપને ઊંઘ નથી આવતી ? ફર્માવ્યું કે જેની આંખોથી દરેક વખતે આંસૂંનો પ્રવાહ વહેતો હોય

તેને ભલા ઊંઘ કેવી રીતે આવી શકે છે ?! અને આપનો એ નિયમ હતો કે નમાઝથી પરવારીને પોતાનો ચહેરો છુપાવીને ફર્માવતા કે મને એ ખૌફ રહે છે કે અલ્લાહ તઆલા મારી નમાઝ મોઢા પર ન મારી દે !

### ★ આ છે અલ્લાહવાળાઓના હાલ ★

એક દિવસ આપને ખાવા નસીબ ન થયું તો શુક્રાનાની ચારસો રકાતો અદા કરી, અને જ્યારે એ જ પ્રમાણે સતત સંપૂર્ણ ચાર દિવસો પસાર થઈ ગયા અને આપની કમજોરીમાં વધારો થતો ગયો તો આપે અલ્લાહ તઆલાને ભૂખનો ઈઝહાર કર્યો, જેથી તે જ વખતે એક નવ જવાન આપને પોતાના મકાન પર લઈ ગયો અને આપને ઓળખીને અર્ઝ કરી કે હું આપનો પૂરાણો ગુલામ છું અને મારી સર્વ સંપત્તિ આપની માલિકીની છે. આ સાંભળીને આપે તેને આઝાદ કરીને સર્વ સંપત્તિ એના હવાલે કરી દીધી અને એ અહદ કરી લીધો કે હવે કોઈનાથી કાંઈ માગીશ નહીં, કેમ કે રોટીના એક ટુકડાની માગણી પર પૂરી દુનિયા પેશ કરી દેવામાં આવી.

### ★ પીર મુરીદોની ખિદમતમાં વ્યસ્ત ! ★

પોતાનાં મુરીદોની સાથે આપ એક મસ્જિદમાં રોકાયા, અને જ્યારે તીવ્ર ઠંડી હવાઓ ચાલવા લાગી તો આપ મસ્જિદનો દરવાજો રોકીને ઉભા થઈ ગયા અને મુરીદોના સવાલ પર ફર્માવ્યું કે હું તમને તકલીફથી બચાવવાના માટે ઊભો થઈ ગયો કે જેથી તમે ઠંડી હવાઓથી મહેફૂઝ રહી શકો. સફર દરમિયાન એકવાર આપની પાસે સફર ખર્ચ ખત્મ થઈ ગયો તો આપે ચાલીસ દિવસ માટી ખાયને એટલા માટે પસાર કરી દીધા કે મારા કારણે કોઈને સફરખર્ચ પેશ કરવાની તકલીફ ન થાય.

હઝરત સુહેલ ફર્માવ્યા કરતા હતા કે હું એકવાર આપની સાથે સફર દરમિયાન બીમાર થઈ ગયો અને આપની પાસે જે કાંઈ હતું તે સર્વ મારી બીમારી પર ખર્ચી કાઢયું. અને જ્યારે સર્વ ચીજો ખત્મ થઈ ગઈ તો પોતાનું ખચ્ચર વેચીને ખર્ચ કર્યો. અને તંદુરસ્ત થયા બાદ જ્યારે મેં ખચ્ચરના બારામાં પૂછયું તો ફર્માવ્યું કે તે તો મેં વેચી દીધું. પછી જ્યારે મેં અર્ઝ કર્યું કે હું સફર કેવી રીતે કરી શકીશ ? તો ફર્માવ્યું કે મારા ખભાઓ પર ! અને આપ યકીન કરો કે મને પોતાના ખભાઓ પર બેસાડીને ત્રણ મંઝિલો સુધી સુફર કરી. એક રિવાયતમાં છે કે જ્યારે આપની પાસે કાંઈ ખાવાનુ બાકી ન રહ્યું તો સતત પંદર દિવસ સુધી રેતી ખાયને ગુઝારો કરી લેતા. અને આપ ફર્માવ્યા કરતા હતા કે મેં કદી મક્કા મોઅઝ્ઝમામાં એટલા માટે કાંઈ ન ખરીદયું કે ત્યાંની મોટાભાગની જમીનો ફોજીઓએ ખરીદી રાખેલી હતી. આપ ફર્માવે છે કે મેં અગણિત હજો કર્યા પછી પણ કેવળ એ ખૌફથી કદી આબે ઝમઝમ નથી પીધું કે એના પર હુકૂમતની ડોલ રહેતી હતી !

આપને દિવસભરની મજૂરી પછી જે રકમ મળતી તે સર્વ પોતાના મુરીદો પર ખર્ચી નાખતા. અને એક રાતે જ્યારે આપને આવવામાં ઘણુ મોડુ થઈ ગયું તો એ ખયાલથી કે કદાચ હવે આપ નહીં આવો તો સર્વ મુરીદો ખાવા ખાયને સૂઈ ગયા. અને આપે પરત થતાં સૌને ઊંઘતા જોઈને એ ખયાલ કર્યો કે કદાચ આ સૌ ભૂખ્યા જ સૂઈ ગયા છે, જેથી આપ આટો લઈને આવ્યા અને આગ સળગાવવામાં વ્યસ્ત થઈ ગયા. સંજોગોવસાત એ જ વખતે એક મુરીદ જાગી ગયો અને સવાલ કર્યો કે આપ આ તકલીફ શા માટે ઉઠાવો છો ? ફર્માવ્યું કે મને ખયાલ આવ્યો કે કદાચ તમે લોકો ખાવા ખાધા વિના સૂઈ ગયા એટલા માટે ખાવાની તૈયારી કરવામાં

લાગેલો છું. આ સાંભળીને મુરીદને ખૂબ જ શરમિંદગી થઈ અને બીજા મુરીદને કહેવા લાગ્યો કે આપણે સૌ તો આપના આવવામાં મોડુ થવાથી ન જાણે કેવી રીતે શંકા કુશંકાઓમાં સપડાયેલા હતા અને આપ અમારા માટે કેટલી તકલીફ ઉઠાવી રહ્યા છે.

જો કોઈ આપની સોહબત અપનાવવા ચાહતો તો આપ તેની સામે ત્રણ શર્તો રજૂ કરતા. કહેતા, પ્રથમ એ કે હું સૌનો ખાદિમ બનીને રહીશ. બીજુ અઝાન પણ હું પોતે આપ્યા કરીશ. ત્રીજુ જે ચીજ મને મયસ્સર થશે તે સૌને સમાન રીતે વહેંચીશ. અને જ્યારે એક શખ્સે કહ્યું કે હું આ શર્તોની પાબંદી નથી કરી શકતો. તો ફર્માવ્યું કે મને તારી સદાક઼ત (સચ્ચાઈ) પર આશ્ચર્ય છે.

એક શખ્સ વરસો સુધી આપની સોહબતમાં રહીને જ્યારે પરત જવા લાગ્યો તો અર્ઝ કરી કે જો કાંઈ ખામીઓ કે બુરાઈઓ આપે મારી અંદર જોયી હોય તો મને સાવચેત કરી દો કે જેથી હું તેના નિવારણની કોશિશ કરતો રહું. ફર્માવ્યું કે મેં તમને હમેશાં મહોબ્બતની નજરે જોયા છે અને અયબો પર કેવળ દુશ્મનની જ નજર રહે છે. એક દિવસે કોઈ મજૂર દિવસભરની નિષ્ફળતા પછી જ્યારે ઘરની તરફ ચાલ્યો તો ખયાલ આવ્યો કે આજે બીવી બચ્ચાંને શું જવાબ આપીશ ? એ હાલત રસ્તામાં તેની મુલાકાત હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہથી થઈ ગઈ. અને તેણે અર્ઝ કરી કે મને આપની હાલત પર કેવળ એટલા માટે રશ્ક આવે છે કે આપ તો ધરાયેલા તથા સંતુષ્ઠ છો પરંતુ હું રાત દિવસ મુસીબતોમાં ઘેરાયેલો રહું છું. આપે ફર્માવ્યું કે આજ સુધીની ઈબાદતો તથા સદક઼ા હું તને ભેટ ધરુ છું અને તું કેવળ આજની પરેશાનીઓ મને આપી દે.

ખલીફા મોઅતસિમ બિલ્લાહએ જ્યારે આપને આપની વ્યસ્તતા વિશે પૂછયું તો આપે ફર્માવ્યું કે મેં દુનિયા તથા આખેરત તેમના તલબગારોના માટે વક઼્ફ કરીને મારા માટે આખેરતમાં કેવળ અલ્લાહનો દીદાર પસંદ કરી લીધો છે. પછી જ્યારે કોઈ બીજાએ આપને એ જ સવાલ કર્યો તો ફર્માવ્યું કે અલ્લાહનાં કામ કરનારાઓને કોઈ કામની હાજત નથી હોતી. એકવાર હજ્જામ આપનો ખત બનાવી રહ્યો હતો. એવામાં કોઈએ અર્ઝ કરી કે એને મજૂરી આપી દો. જેથી આપે એક થેલી ઉઠાવીને તેને આપી દીધી, પરંતુ તે જ વખતે સંજોગોવસાત એક ફક઼ીર આવી ગયો અને હજામે તે થેલી તેને આપી દીધી. આ જોઈને આપે ફર્માવ્યું કે એમાં તો સોનુ તથા અશરફીઓ ભરેલી હતી ! તેણે કહ્યું, એની જાણ તો મને પણ છે, અને એ પણ ખબર છે કે માણસ દિલથી ગની હોય છે ન કે દોલતથી, પરંતુ હું જેની રાહમાં લૂટાવું છું એનાથી આપ નાવાકેફ છે. આપ ફર્માવે છે કે તેનું આ વાકય સાંભળીને મને બેહદ શર્મિંદગી થઈ અને મેં નફ્સને કહ્યું કે જેવું તેં કર્યું તેવી જ સજા મળી ગઈ !


પોસ્ટકાર્ડ લખીને મફત કિતાબો મંગાવો !

- ઈલ્મે દીન
- તૌબા
- હઝરત ખ્વાજા ઉસ્માન હારૂની رحمۃ اللہ علیہ
- કામયાબી માટે કુર્આનના દસ નિયમો
- આ'લા હઝરત رضی اللہ عنہ
- હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ
- અરકાને નમાઝ
- કુર્બાની અને ઈદે અદહાના શરઈ હુકમો તથા સ્ટીકર્સ વગેરે.

પ્રકાશક
ગરીબનવાઝ કમિટી,
C/o. આઈકોન કોમ્પ્યુટર,
સફલ પ્લાઝા નં. ૧૬,
ઈન્ડિયન બેંક સામે, જેલ રોડ,
મોરબી—૩૬૩૬૪૧
Mob. 8758295192

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૦૭

## હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### સબ્ર જો કે કડવી છે પણ મીઠાં પરિણામો લાવે છે

પછી ફર્માવ્યું કે હે દુરવેશ ! એકવાર એક વાસિલને ત્યાં બાર દિવસ સુધી ફાક઼ો રહ્યો. છેવટે બાળકોએ તંગ આવીને કહ્યું કે ક્યાં તો અમારા માટે ખોરાક લાવો, નહીં તો પછી અમોને મારી જ નાખો જેથી અઝાબથી જાન છૂટે. તેણે કહ્યું, સારું ! આજે સબ્ર કરો, કાલે હું મજૂરી કરવા જઈશ. જેથી બીજા દિવસે વહેલી સવારે વુઝૂ કરીને જંગલમાં જઈને અલ્લાહની ઈબાદતમાં મશગૂલ થઈ ગયો. જ્યારે અસ્રના સમયે પરત આવ્યો અને બાળકોએ આવીને દામ પકડયો કે કાંઈ લાવ્યા છો ? તો તેણે પીછો છોડાવવા માટે કહી દીધુ કે જે શખ્સને ત્યાં મજૂરી કરવા ગયો હતો, તેણે કહ્યું છે કે કાલે બે દિવસની ભેગી મજૂરી આપી દઈશ. બાળકોએ શોર મચાવ્યો કે હે નામહેરબાન બાપ ! અમે તો ભૂખના માર્યા મરી રહ્યા છીએ અને તું અમારા ખાવાનો બંદોબસ્ત નથી કરતો ! દુરવેશે તે દિવસે પણ વાયદો કર્યો. અને જંગલમાં જઈને નમાઝમાં મશગૂલ થઈ ગયો. જ્યારે અસ્રનો સમય થયો તો ફરિશ્તાઓને હુકમ થયો કે બે શેર આટો અને વાસણમાં કેટલુક મધ અને બે હજાર અશરફીઓ જન્નતથી લાવીને એ દુરવેશને ત્યાં પહોંચાડીને તેનાં બાળકોને કહી દો કે જેને ત્યાં તમારા પિતા મજૂરી કરતા રહ્યા તેણે બે દિવસની મજૂરી મોકલી છે અને એ પણ કહેવડાવ્યું છે કે જો તું અમારી ખિદમતમાં ઉણપ કરીશ નહીં તો અમે એમાં જરા પણ કમી કરીશું નહીં. જ્યારે તે દુરવેશ ઘેર આવ્યો તો શું જુએ છે કે રસોડુ ગરમ છે અને ઘરમાં ખુશીના અણસાર જોવા મળી રહ્યા છે. બાળકો ખુશી ખુશી આવીને લપેટાઈ ગયાં અને આખો હાલ વર્ણન કર્યો. દુરવેશે નારો મારીને કહ્યું, અલ્લાહ તઆલા સો ગણી મહેરબાની કરે છે શર્ત એ કે આપણે તેના કામમાં પાકા હોઈએ.

### માણસની રગ રગમાં ઈશ્ક઼ સમાય જાય છે

પછી ફર્માવ્યું કે હે દુરવેશ ! જે શખ્સ અલ્લાહ તઆલાની ઈબાદત ખુશદિલીથી કરે છે અને નસીબની રોજી માટે કોઈ પ્રકારનો અંદેશો નથી કરતો, તો એને એ રીતે રોજી પહોંચે છે જેવી આ બુઝુર્ગ હસ્તીને પહોંચી.

ત્યારબાદ એ જ મોક઼ાસર ફર્માવ્યું કે હક઼ીક઼ી ઈશ્ક઼ એક એવું મોતી છે જેની કિંમતનો અંદાઝો કોઈ જૌહરી નથી કરી શકતો.

પછી ફર્માવ્યું કે આ પ્રકારની અણમોલ નેઅમત કોઈ મુકર્રબ ફરિશ્તાને નથી મળતી, એ કેવળ માણસને મળી છે. જેમ કે ખુદ ફર્માવ્યું છે : وَلَقَدْ كَرَّمْنَا بَنِيْٓ اٰدَمَ "અમે આદમને કરામત અર્પણ કરી." *(ઈસ્રા, ૧૭/૭૦)* નો તાજ રાજવામાં આવ્યો જે વખતે ઈશ્ક઼ પેદા કરવામાં આવ્યો તો તેને હુકમ થયો કે હે ઈશ્ક઼ ! તું જઈને ગમગીન માણસોના દિલમાં ક઼રાર પકડ, કેમ કે તે જ તારે રહેવાના પાત્ર છે. ત્યારબાદ શૈખુલ ઈસ્લામના શોખના ગલ્બામાં રુબાઈ ઝબાન મુબારકથી ફર્માવી. :

(અર્થ) : "મેં અર્ઝ કરી, મહબૂબ ! શાયદ તું મારો માશૂક઼ જ છે. હવે જ્યારે જોઉં છુ તો તું જ મારી જાન જણાય છે. જો તું મારાથી ચાલ્યો જઈશ તો મુર્તદ થઈ જઈશ. જાણે અય જાને જહાં ! તું મારું કુફ્ર તથા ઈમાન છે."

ત્યારબાદ ફર્માવ્યું કે હે દુરવેશ ! જે દિવસે હક્ક઼ તઆલાએ ઈશ્ક઼ને પેદા કર્યો તો શોખના લાખો જડો પેદા થઈ ગઈ. પછી મો'મિનોની રૂહોને બોલાવવામાં આવી. અને ફરિશ્તાઓને હુકમ થયો કે ઈશ્ક઼ને શરીર રૂપે હજાર નાઝ તથા કરિશ્માથી એ રૂહોની સામે લાવો. પછી જે રૂહો ઈશ્ક઼ો મહબ્બતના લાયક હતી તે આગળ વધી. અને તેમણે મહોબ્બતની રગો તથા ઈશ્ક઼ની જંઝીરને હાથ માર્યો અને પ્રથમ વારમાં જ મહોબ્બતના દરિયામાં ગર્ક થઈ જેનું નામો નિશાન પણ મટી ગયું. તે અંબિયા, અવલિયા તથા આશિક઼ોની રૂહો હતી. અમુક રૂહો કેવળ દીદારમાં ડૂબી થઈ તે અહલે મજાઝની રૂહો હતી. જે શખ્સ પહેલાં ઈશ્કે઼ મજાઝીમાં પડે છે તે જ્યારે ઈશ્કે઼ હક઼ીક઼ીની તરફ આવે છે તો તેને પોતાની હક઼ીક઼ત માલૂમ થઈ જાય છે. પછી શયખુલ ઈસ્લામે અશ્રુમય ચહેરે આ રૂબાઈ ઝબાન મુબારકથી ફર્માવી.

(અર્થ) : "તારા ઈશ્ક઼થી મારા દિલમાં એટલો નાઝ પેદા થઈ ગયો, અથવા હું ગલતીમાં છું કે તું મારા પર આશિક઼ થઈ ગયો છે. ક્યાં તો આ ખયાલ મારા દિમાગથી નીકળી જાય અથવા મારી બાજુમાં તારી મુલાકાતનો તંબૂ તણાય જાય."

ત્યાં એક અઝીઝ ખિદમતમાં હાજર હતો તેણે આદાબ બજાવી લાવીને અર્ઝ કરી કે ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہની તવારીખનો એક શેઅર મને યાદ છે, જો હુકમ હોય તો અર્ઝ કરું. ફર્માવ્યું, કહો ! તેણે કહ્યું :

અર્થ : હે દોસ્ત ! હું જાતે પોતે તારો દોસ્ત નથી બન્યો. તારા રશ્કથી હું મારી નજરોમાં પણ દોસ્ત નથી."

પછી શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે આશિકોનો વલવલો અને ઝમઝમાટ અંત સુધી છે. તે એ દિવસથી છે જે ઈશ્કની આ સૂરત પર આશિક઼ થઈ ગયા હતા. તો હે દુરવેશ ! તું અંદાઝો નથી કરી શકતો કે તારા દિલની અંદર આવી ખૂબસૂરત નેઅમતે ઘર કરેલ છે અને રૂહને જે સર્વ અંગોની બાદશાહ છે પેદાઈશમાં આ દિલને આપવામાં આવી છે. એ જ કારણે જ્યાં આગળ ઈશ્ક઼ છે ત્યાં દિલ પણ છે. એ વાતની ક઼દર તે જ જાણે છે કે જેના દિલમાં દોસ્તના રહસ્યો તથા અન્વારે ઈશ્ક઼નો મક઼ામ હોય એના કુર્બમાં ઈશ્ક઼ની જગા હોય.

**દિલની આઝાદી શહેનશાહી છે અને પેટની ફિકરમાં ગુમ રહેવું મૌત છે**

હઝરત શયખુલ ઈસ્લામ قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ ફર્માવ્યું, મશાઈખે રોઝીના ચાર પ્રકાર કર્યા છે : (૧) રિઝકે઼ મક઼સૂમ (૨) રિઝકે઼ મઝમૂમ (૩) રિઝકે઼ મમ્લૂક (૪) રિઝકે઼ મવઊદ. પછી સ્પષ્ટતા કરી કે રિઝકે મક઼સૂમ તે રિઝક઼ હોય છે કે પ્રથમ દિવસથી વહેંચી આપવામાં આવ્યું છે અને લોહે મહફૂઝમાં લખી

દેવામાં આવ્યું છે. જે કાંઈ એ શખ્સની કિસ્મતમાં કરી દેવામાં આવ્યું છે તે અનિવાર્યપણે તેને મળવાનું છે રિઝ્કે મઝમૂમ તે રિઝક છે કે જે કોઈ માણસને મળે અને તે એના માટે પૂરતુ હોય, પરંતું તે એના પર સબ્ર ન કરે. જયારે ખુદાવંદે કરીમ તેની રોજીની ઝમનાત કુર્આને હકીમમાં આદેશ આપી રહ્યો છે : وَمَا مِنْ دَآبَّةٍ فِي الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا "અને જમીન પર ચાલનાર કોઈ એવો નથી જેની રોજી અલ્લાહના કરમના જિમ્મે ન હોય." *(સૂ. હૂદ, ૧૧/૬)* રિઝકે મમ્લૂક તે છે કે માણસ રૂપિયા, કપડાં અને સામાનનો સંગ્રહ કરે કે એનો વેપાર કરશે કે કદાચ ખુદાના ફઝલથી એમાં બરકત પેદા થાય અને વધતુ રહે. પરંતું અહલે સુલૂક એના બારામાં એવું ફર્માવે છે કે વેપાર તો તે ઠરે જેમને અહલે સુલૂક એના બારામાં એવું ફર્માવે છે કે વેપાર તો તે કરે જેમને ખુદાવંદે કરીમના ફઝ્લ પર તકીયો (ભરોસો) ન હોય. દુરવેશોએ રૂપિયા, પૈસા એને માલ સામાનનો ઝખીરો કદાપિ ન કરવો જોઈએ. તેમણે સર્વ કાંઈ રાહે ખુદામાં ખર્ચી કાઢવું જોઈએ. અને એ ટીપા બરાબર બાકી ન રાખવું જોઈએ. અને રિઝકે મવઊદ તે છે કે અલ્લાહ તઆલાએ જેનો વાયદો સાલેહીન તથા આબિદોથી ફર્માવ્યો છે અને કલામુલ્લાહ શરીફમાં જેના બારામાં ફર્માવવામાં આવ્યું છે :–

وَّ يَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ ؕ وَ مَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ ؕ

"અને જે અલ્લાહથી ડરે, અલ્લાહ તેના માટે છૂટકારો માર્ગ કાઢી આપશે, અને તેને ત્યાંથી રોજી આપશે જયાં એનું ગુમાન ન હોય." *(સૂ. તલાક, ૬૫/૩)* એટલે સાલેહીનને રોજીના અંદેશાથી ફારિગ કરી દેવામાં આવ્યા છે. તેમનાથી હક્કતઆલાનો વાયદો છે કે વિના માગ્યે તેમને મળશે અને જેટલી જરૂરત હશે આપશે.

## આપણો રબ આપણી રોઝીની વ્યવસ્થા કરનાર છે

હઝરત અકદસે વર્ણવ્યું હે દુરવેશ ! એકવાર આ ફકીર અને અમુક માણસો સીવિસ્તાનના દેશમાં સફર કરી રહ્યા હતા. શહેરની બહાર એક ગુફા હતી અને એ ગુફામાં એક દુરવેશ રહેતા હતા. અલ્લાહની યાદમાં એવા મશગૂલ હતા કે મેં એમના જેવો કોઈ સાલિક નથી જોયો. એમની પાસે પહોંચ્યા. થોડીવાર તિલાવતમાં વ્યસ્ત રહ્યા ત્યારબાદ વાત શરૂ કરી અને હિકાયત વર્ણન કરી કે હે અઝીઝો ! હું વીસ વરસો સુધી સૈયાહી (સૈર) કરતો રહ્યો. એકવાર એક બુઝુર્ગ પાસે હું પહોંચ્યો જે એક પહાડમાં રહેતો હતો જે એક રણની વચ્ચે હતો. જ્યાં કોઈ પક્ષી સુધ્ધાં જોવા મળતુ ન હતું મારા દિલમાં ખયાલ પેદા થયો કે આ દરવેશ અહીં રહે છે તો અહીં રણમાં રોજી ક્યાંથી મળતી હશે ? જેવી મારા દિલમાં આ વાત આવી તો ચહેરો મારી તરફ ફેરવીને કહ્યું, કે હે દુરવેશ ! રોજીના બારામાં શા માટે હેરાન થાય છે, શું ખુદાએ કરીમને રાઝિક નથી માનતો ?! કેમ કે કલામે પાકમાં લખ્યું છે : اِنَّ اللّٰهَ هُوَ الرَّزَّاقُ ذُو الْقُوَّةِ الْمَتِيْنُ ۝٥٨ "બેશક ! અલ્લાહ જ મહાન રોજી આપનાર, શક્તિવાળો, કુદરતવાળો છે." *(સૂ. ઝારિયાત, ૫૧/૫૮)* હક્ક તઆલાનું ફર્માન છે હે મારા બંદાઓ ! ચાહે તમો આબાદીમાં રહો કે વિરાનામાં, જે તમારું નસીબ છે તે તમને જરૂર મળશે. અને કહ્યું, બેસો ! હમણા કુદરતે ખુદાવંદીનો અનુભવ કરાવું છું જયારે એ બુઝુર્ગે એ વાત કરી તો મારા શરીરમાં ધ્રુજારી છવાઈ ગઈ. મને ફર્માવ્યું, આગળ આવ અને આ પથ્થરને જે મારી સામે છે તેને ઉઠાવ અને તોડ ! મેં ફર્માન પ્રમાણે પથ્થર ઉઠાવ્યો અને તોડી નાખ્યો. એ પથ્થરની અંદર એક કીડો હતો. મને ફર્માવ્યું કે, જો ! એના મોઢામાં ઘાસનું તણખલુ હતું અને તે એને ખાય રહ્યો હતો. તે

વખતે બુઝુર્ગે ફર્માવ્યું, હે દુરવેશ ! તે જાત જે કીડાને પથ્થરની અંદર રોજી પહોંચાડીને જીવંત રાખી રહી છે તે શું મારી રોજીની વ્યવસ્થા રણમાં નથી કરી શકતો ?! પછી તે એ દુરવેશ પાસે રહ્યો. જ્યારે ઈફતારીનો સમય આવ્યો તો મેં એક માણસને જોયો જે બે રોટીઓ અને એના પર કાંઈક હલવો રાખીને હાજર થયો. આદાબ બજાવી લાવ્યો, ખાવા પેશ કર્યું અને પરત થઈ ગયો. જ્યારે તે દુરવેશ તિલાવતથી ફારિગ થયા તો મને બોલાવ્યો અને ફર્માવ્યું, આવો ! ઈફતાર કરો. તમે તો કહેતા હતા કે ખાવા ક્યાંથી ખાવ છો ! જ્યારે દિવસ થયો તો હું તે બુઝુર્ગની ખિદમતમાં આદાબ બજાવી લાવ્યો અને પરત થયો. પછી હે દુરવેશ ! મેં એ પીરની વાત દિલમાં રાખી લીધી આ મક઼ામ પર આવી ગયો અને અહીં રહેવા લાગ્યો. ખુદા બેહતર જાણે છે. આજે લગભગ ૩૦ વરસો થયાં કે રિઝ્ક઼ આલમે ગયબથી પહોંચાડવામાં આવે છે અને આવનારા મુસાફરોને પણ આ વિરાનામાં તેમનું નસીબ મળે છે. શૈખુલ ઈસ્લામે વર્ણવ્યું કે જ્યારે સાંજનો સમય થયો તો મેં તથા મુસાફિરે તેમની સાથે મગરિબની નમાઝ અદા કરી. થોડીવાર થઈ એટલામાં એક માણસ ખાણાનો થાળ માથા પર રાખીને જાહેર થયો. એ દરવેશની સામે રાખ્યો. અમે તે બુઝુર્ગની સાથે ખાવા ખાધુ. અમે તે થાળથી ધરાઈને ખાવા ખાધુ પણ તે ઓછું ન થયું. પછી એ બુઝુર્ગે જમીન પણ પગ માર્યો તો પાણીનું ઝરણુ નીકળી આવ્યું. અમે ધરાઈને પાણી પીધુ. ત્યારબાદ તે ખાવાનો થાળ ગાયબ થઈ ગયો. જ્યારે દિવસ ચઢયો તો મેં વિદાય થતાં તેમનાથી મુસાફો કરવા ચાહ્યું તો શું જોઉં છું કે તેમનો એક હાથ કપાયેલો છે. મને ઘણુ આશ્ચર્ય થયું કે આમા શું હિકમત છે ?! જેવી મારા દિલમાં વાત આવી તો તેમણે ફર્માવ્યું, હે અઝીઝ ! હું એક દિવસે ગુફાની બહાર નવુ વુઝૂ કરવા માટે ગયો. ગુફાની સામે એક દીનાર પડેલો હતો. મારા નફસે ચાહ્યું કે એને ઉઠાવી લે કે આ રિઝક઼ જ છે જે આલમે ગયબથી આવ્યું છે. મેં ઉઠાવવાનો ઈરાદો કર્યો એવામાં ગયબથી અવાજ આપનારે અવાજ આપ્યો, હે જૂઠા દાવેદાર ! તેં અમારાથી તવક્કુલનો આ જ વાયદો કર્યો હતો કે પૈસાને જોઈને હાથ લંબાવી દીધો કે તે હાંસલ કરી લે અને રિઝ્ક સમજી લે ? તેં મને ન જોયો ? જ્યારે આ અવાજ આવ્યો તો મેં છરી ઉઠાવી અને આ હાથને કાપીને બહાર ફેંકી દીધો. હે અઝીઝ ! જે હાથ ખુદાની રઝાના વગર ઉઠે તેને કાપવો જ બેહતર છે.

ત્યારબાદ હઝરત શયખ قُدِّسَ سِرَّهُ الْعَزِيْز એ ફર્માવ્યું, હે **દુરવેશ ! જે ખુદાએ કરીમના રસ્તાથી રજમાત્ર પર હટતા નથી તેઓ રોજીના ખાતર ચિંતિત કે પરેશાન કેવી રીતે થઈ શકે છે ?!**


**અણમોલ કિતાબ મંગાવો**

**કાનૂને શરીઅત**

(ભાગ-૧ તથા ભાગ-૨) (કુલ-૭૪૦ પેજીસ)

:: **લેખક** ::

**અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

:: **અનુવાદક** ::

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદીયો : એક સેટના રૂા. ૨૫૦/-**

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક** **સુન્ની દા'વતે ઈસ્લામી-દયાદરા**
મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**બેંક ઓફ બરોડા (દયાદરા બ્રાન્ચ)**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code :
BARB0DAYADR

# સઊદી મસીહી યહૂદી ભાઈ ! ભાઈ !

કાર્યાલય

અંગ્રેજોના જોરે સુન્નીઓ તુર્કીઓની ઉષ્માની હુકૂમતને મહાત કરીને સત્તા પર આવેલ ઈબ્ને સઊદ, જેને સત્તાની દોર અંગ્રેજોએ ગુલામ બનાવતો કરાર કરીને સોંપી, અને ખુદા વ રસૂલના, નબી વલીના ગુસ્તાખ મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહાબને ધાર્મિક વડો બનાવીને ઈ.સ. ૧૯૨૩ના અરસામાં હરમૈન શરીફ (મક્કા–મદીના) તથા અરબસ્તાનમાં સઊદીનો જાલિમાના કબજો થયો. અને સઊદીના રાજકર્તાઓ આજ સુધી ઈસાઈ યહૂદી અંગ્રેજ તથા અમેરિકા તથા ઈઝરાઈલના તળવાં ચાટતા રહ્યા અને બીજી બાજુ મુસ્લિમોને કત્લ કરતા રહ્યા. જેના માટે વાંચો કિતાબ ''તારીખે નજદો હિજાઝ'' ગુજરાતીમાં વાંચો ''રહનુમાએ હક્ક'' તથા ''વહાબીની કહાની હન્ફેની ઝબાની' વગેરે.

હાલમાં પણ યહૂદી મનહૂસ કૌમ, જેમણે કેટલાય નબીઓને શહીદ કરેલા છે તેવી ટેઢી પ્રકૃતિવાળી કૌમ, ઈસ્લામ દુશ્મન કૌમ કે જેની સ્થાપ્ના અંગ્રેજોના બળે સઊદીની સ્થાપ્નાની સાથે સાથે તુર્કીઓને મહાત કરીને નાજાઈઝ રીતે પેલેસ્ટાઈનની ભૂમી પર કરવામાં આવી. ઉષ્માની તુર્કી ખલીફાઓએ જેમને વરસો સુધી તસુ જમીન પણ ન આપી તે જ યહૂદીઓના વસવાટ માટેની કંડિશન સાથે અંગ્રેજોએ સઊદીને સત્તામાં બેસાડેલા. જેથી સઊદી દુનિયામાં મુસ્લિમોનું કાંઈ પણ થઈ જાય પણ મૂંગુ મંતર સદા રહ્યું છે.

કોઈ મુસ્લિમ દેશમાં નહીં પણ હાલમાં જ સઊદીના રાજવી સલ્માને સઊદી અરબમાં ઈઝરાઈલની એલચી કચેરી સ્થાપી એટલું જ નહીં, તેની ખુશીમાં ડાન્સ પાર્ટીનું પણ આયોજન થયું. **જે લોકો સઊદીને કુર્આનની નજીક કહે છે, તેમને હક્ક પર માને છે તેઓ (દેવબંદીઓ વગેરે) સઊદીમાં જઈને હવે જોઈ લે કે ત્યાં રંડીબાજી, દારૂ, જુગાર, ડાન્સની ક્લબો કેવી ધમધમી રહી છે !** આવો ! તો એ યહૂદી સઊદી વિશે થોડીક ચર્ચા કરી લઈએ. *–તંત્રી*

### ★ કટ્ટરવાદી આતંકવાદીની વ્યાખ્યા યહૂદીની દ્રષ્ટિએ ★

જેમ કે ન્યૂયોર્ક યુનિવર્સિટીમાં રાજકારણના વિષયનો ઉસ્તાદ ડો. હાઈર્ડલેમ્હાન જે આર્મિનિયાનો રહેવાસી, અમેરિકાનો વતની છે. તે નીચેની બાબતોને કટ્ટરવાદીની ઓળખમાં ગણાવે છે :–

૦૧. મસ્જિદમાં નિયમિત પંજવકતા નમાઝ અદા કરવી.

૦૨. ઈસ્લામના પાંચેય અરકાનો પર સખ્તીથી અમલ કરવો.

૦૩. કુર્આને હરામ કરેલી ચીજોથી બચતા રહી નેક જિંદગી જીવવી.

૦૪. કુર્આને પાકની તિલાવત કરવી, ઈસ્લામી કિતાબો વાંચવી, અને તેમાં ચિંતન વિચારવિમર્શ કરવો.

૦૫. તે સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જેનું સંચાલન દીની તેહરીકો કરે.

૦૬. દાઢી વધારવી, મૂંછો કતરાવવી અને તેને ઈખ્લાસની (ઈસ્લામની) નિશાની સમજવું.

૦૭. સ્ત્રી પુરૂષોએ અલગ પ્રકારના પોશાક પહેરવા.

૦૮. રોજનીશીમાં અધિક પ્રમાણમાં કેટલાક ખાસ દીની શબ્દો બોલવા, જેમ કે જાહિલિયત, ફસાદ, તૌહીદ, મકરૂહ, હલાલ, હરામ, ઈફતેરા, કાફિર, મૌત, કુવ્વત, ઝુલ્મત, ખિદમત, તાગૂત...વગેરે.

*(બહવાલા અરબી જરીદતુર્રાઈદ–લખનૌ, માહનામા અશરફિયહ, જૂન–૧૯૯૬)*

## ★ મુસલમાન પ્રત્યે યહૂદીની અદાવતવૃત્તિની ઝલક ★

ખાસ કરીને, અમેરિકા તેમજ વિશ્વમાં મુસલમાનોને તકલીફમાં મૂકવાના પ્લાન તૈયાર કરવામાં યહૂદીઓ આગળ છે, અને એવી ડઝનબંધી સંસ્થાઓ છે જેઓ વિશ્વના દરેક ફેરફાર ગતિવિધિઓમાં રિસર્ચ કરતા રહી અમેરિકાના વ્યવસ્થાતંત્રને રાજકિય બાબતે સલાહ સૂચનો આપે છે, જેમાં ૯૯% યહૂદી હોય છે. યહૂદીની ઈસ્લામ દુશ્મની માટે કુર્આન પણ ગવાહ છે.

ડેન્સિયલ બાઈસ એક યહૂદી અમેરિકન લેખક છે જે મધ્ય પૂર્વની બાબતો સંબંધે એક સંશોધન કરતી સંસ્થાનો પ્રમુખ છે, તે એક છ માસિક અંકનો તંત્રી છે, તેનું કાર્ય ફક્ત મુસલમાનો સાથે અમેરિકન એડમિનિસ્ટ્રેશનને સખતથી સખત પગલાં લેવાની સલાહો આપવાનું છે, તે પોતાના લખાણોમાં એડમિનિસ્ટ્રેશનને કઈ રીતે ભડકાવે છે, તે જોઈએ, લખે છે :–

**(ટૂંકસાર)** : ઈસ્લામ એ આપણી જીવન વ્યવસ્થામાં જિંદગીના દરેક ક્ષેત્રે ખતરો છે, ઈસ્લામ, સામ્યવાદ અને ત્રાસવાદ એમાં કોઈ ફરક નથી અને એ સર્વ આપણા દુશ્મનો છે. ઈસ્લામી નિયમો મુદ્દલે લોકશાહી માટે ખતરો છે. ઈસ્લામી રૂઢીચુસ્તતા પશ્ચિમના માટે એક ચેલેંજ છે...વગેરે

અમેરિકી એડમિનિસ્ટ્રેશનને ઈસ્લામ પસંદ કરનારાઓ પ્રતિ નરમ વર્તણૂંકની કડક શબ્દોમાં ઝાટકણી કાઢયા બાદ, એવાં જ કેટલાંક સૂચનો કરતાં આગળ કહે છે કે, **"જે મુસ્લિમ હુકૂમત અધિકથી અધિક ઈસ્લામ ચાહકો અને એવી સંસ્થાઓનું ગળુ ઘોંટશે તે જ આપણો સૌથી મોટો મિત્ર હશે."**

ડેન્સિયલે ઈસ્લામી દુનિયામાં થનારા સામાન્ય પ્રસંગોને માનવ હક્કોનો ભંગ ઠરાવેલ છે અને તેની જવાબદાર ઈસ્લામ ચાહક સંસ્થાઓને ઠરાવેલ છે. જયારે કે એવા પ્રસંગો અસલમાં તો પશ્ચિમી માધ્યમોના મનઘડત હોય છે, વળી એ કે જો તેને સાચા પણ માની લેવામાં આવે તો પણ **પશ્ચિમ દેશોમાં માનવ હક્કોનો ભંગ જે રીતે થાય છે તેનો દસમો ભાગ પણ મુસ્લિમ દેશોમાં નથી થતો.** જેમ કે સર્બિયન ઈસાઈ દરિન્દાઓએ બોસ્નિયામાં, ઈઝરાઈલે પેલેસ્ટાઈનમાં, બર્મામાં બુદ્ધ પૂજારીઓએ, ફિલિપાઈન્સમાં મસીહી ખૂંખારોએ અને અફઘાનિસ્તાનમાં રૂસીઓએ ત્યાર બાદ અમેરિકનોએ, બ્રિટિશરોએ વગેરેએ ત્યાર બાદ અમેરિકનોએ,અને ચિંચનીયામાં પણ રશીયનોએ જે કાંઈ કર્યું છે તે **ઈન્સાનિયતના માથા પર કલંકનો ધબ્બો** છે. વિચારવાની વાત એ છે કે, બિલ ક્લિન્ટનનું વ્યવસ્થાતંત્ર અને એ પણ પોતે પોતાની મુસ્લિમ દુશ્મની તથા ઈસ્લામ દુશ્મનીમાં કુખ્યાત છે, યહૂદીઓને ખુશ રાખ્યા વિના આ સ્થાને કોઈ પહોંચી શકતું નથી. ઈરાક સાથેની જંગમાં બુશ એશિયામાં બદનામ થયા તો ક્લિન્ટનના રૂપમાં નવા મોહરા સાથે તેનો જ અનુયાયી હાજર કરવામાં આવ્યો. છતાં

આ પૂર્વગ્રહી યહૂદીને તેનાથી પણ શિકાયત છે કે તે ઈસ્લામના ચાહકોનો સફાયો કરવા માટે યોગ્ય કાર્યવાહી નથી કરતો! તેનું તો કહેવું છે કે અમેરિકામાં મુસલમાનો પર જીવન જીવવામાં સખ્તીઓ લાદવી જોઈએ અને તેમને જિંદગીના કોઈ ક્ષેત્રમાં પોતાની હસ્તી મનાવવાની પરવાનગી ન આપવી જોઈએ ! પણ અલ્લાહ તઆલાનો ફઝ્લ છે કે, **દર વર્ષે અમેરિકામાં લગભગ પચાસ હજાર લોકો ઈસ્લામ સ્વીકારે છે** જેમાં ૭૦% સ્ત્રીઓ હોય છે. (સુબ્હાનલ્લાહ)

*ઈસ્લામકી ફિતરતમેં કુદરતને લચક દી હૈ*
*જિત્ના તુમ દબાઓગે ઉતના હી યે ઉભરેગા*

**★ ઈસ્લામ તરફી હાકિમને સત્તા પર આવવા ન દેવો ! ★**

આ યહૂદી લેખકે આપેલા ખતરનાક મશવરાઓમાં એ છે કે, વિશ્વમાં ક્યાંય પણ કટ્ટરવાદી મુસ્લિમોને સત્તા સ્થાને આવવા ન દેવા અને જેઓ તેમના વિરોધમાં હોય તેમની મદદ કરવી અને મધ્ય પૂર્વમાં લોકશાહી સ્થાપિત કરવાની ઉતાવળ ન કરવી બલ્કે એને બદલે એક આધુનિક ફેશનેબલ માહોલને ઉભો કરવામાં વેગ આપવો, કારણ કે ઈસ્લામના ચાહકો લોકોમાં ચાહનાને લીધે પોતાના પ્રવચનો થકી લોકશાહી માર્ગે સત્તા સ્થાન કબજે કરી લેશે અને પરિણામ ઉલ્ટુ આવશે, જેમ કે ઈરાનમાં બન્યું અને પછી પોતે જ રાજા બની બેઠા. માટે એવા ઠેકાણે લોકશાહી આવવા ન દે.

અમેરિકાની સાથે સર્વ યૂરોપી ગવર્નમેન્ટો આ મશ્વરા પર અમલ કરી જ રહી છે, જેમ કે થોડા વરસો પહેલાં જ્યારે અલજઝાઈરમાં ઈલેકશન થતાં 'ઈસ્લામી મુક્તિ મોરચો' સત્તા પર આવ્યો તો અમેરિકાને ઈશારે અલજઝાઈરના આ કાયદેસરના ઈલેકશનને ફ્રાંસે ગેર કાનૂની કહીને ઉડાવી દીધું ! નોંધપાત્ર વાત એ છે કે અલજઝાઈર આ ઈલેકશનથી ઘણા વખત પહેલાં ફ્રાંસની ગુલામીમાંથી મુક્ત થઈ ચૂકેલ હતું. છતાં દાદાગીરી એ રીતે કરવામાં આવી કે જાણે અલજઝાઈર પણ ફ્રાંસની નવ આબાદીયાતી ફોજી છાવણી હોય.

આ બારામાં અમેરિકાની મૂળ પોલિસી એ છે કે, જ્યાં વ્યક્તિગત સત્તા પાવરફુલ અને ઈસ્લામ ચાહક હોય તો ત્યાં ઈન્સાની હક્કોના ભંગની હવા ઉભી કરીને, ચૂંટણી કરાવવાની કોશિશ કરવી, જેથી આખી વ્યવસ્થા ભાંગી પડે અને ધાંધલ ધમાલ ઉભી કરાવીને સિંહને પિંજરામાં પૂરી દેવામાં આવે, જેમ કે સુદાન, ઈરાક અને લિબિયા સાથે થયું. અને જ્યાં લોકશાહીથી ફાયદો ઉઠાવીને ઈસ્લામ ચાહકો સત્તા સ્થાને પહોંચવાની શક્તિ ધરાવતા હોય ત્યાં રાજાશાહીની રક્ષા ગમે તે ભોગે કરવામાં આવે જેમ કે, **કુવૈત અને સઊદી અરબમાં રાજાશાહીને એટલા માટે અમેરિકી સમર્થન મળે છે કે તેઓ, અમેરિકાના નાપાક મનસૂબાઓને પાર પાડવા માટે અને અવામના જઝબાતને કચડવા માટે તથા ઈસ્લામી તકાઝાઓને નાબૂદ કરવા હાથા બનેલા છે. તેમને સત્તા સિવાય કોઈ ચીજની પરવા નથી અને ઈસ્લામી રાજ્ય અને તૌહીદ પરસ્તીનો ઢોંગ રચી દુનિયાભરના મુસલમાનોને પોતાની જોહુકમીથી ઈસ્લામની બુનિયાદી માન્યતાઓમાં ઘાલમેલ કરી રંજાડી રહેલા છે.**

*–(માહનામા અશરફિયહ, જૂન–૧૯૯૬ના આધારે)*

**★ ઈસ્લામના બાગીઓ પ્રત્યે હમદર્દી શા માટે ?? ★**

સમાન્ય સમજ રાખનાર સમજી શકે છે કે

ઈસ્લામથી જલી મરનારા આ યહૂદ, ઈસાઈ વગેરેએ શું કર્યું ? નામ માત્રના મુસલમાન સલમાન રુશ્દી બદબખ્ત જેણે 'સેતાનિક વર્સિસ' પુસ્તક લખી વિશ્વ વ્યાપી મઝહબ, ઈસ્લામના મહાન પયગંબરની ગુસ્તાખી કરી અને જ્યારે દુનિયાભરના મુસલમાનોએ તેનો પ્રચંડ વિરોધ કર્યો ત્યારે તેને રક્ષણ આપનારા આ જ તો લોકો નીકળ્યા ! અને **સઊદીએ એક હરફ પણ ન ઉચ્ચાર્યો ?!** તો એવું શાથી ? **સઊદી યહૂદી મસીહી સૌ એક જ હોવાની શું આ દલીલ નથી ?** બાબરી મસ્જિદ પ્રશ્ને દુનિયાના મુસ્લિમોને ઠેસ પહોંચી પણ ઈસાઈ યહૂદી મિત્ર સઊદી નજદીના પેટનું પાણી પણ નથી હાલ્યું ! આ શું સૂચવે છે ? કુર્આન પર આક્ષેપો લગાડનારી તસ્લીમા નસરીન બાંગલાવાસી મુર્તદ સ્ત્રીને રક્ષણ કયા લોકોએ આપ્યું ? અંગ્રેજ તથા સઊદીઓના રાજવી કુટુંબ વિરૂધ્ધ જેહાદ કરનાર, તેમની વ્યક્તિઓની સાચી બનેલી હલકી ઘટનાઓ ઉઘાડી પાડનારા પર બદનક્ષીના દાવા કરવામાં આવે, તેમને બોયકોટની ધમકીઓ આપવામાં આવે અને વિશ્વ ધર્મ ઈસ્લામના પયગંબર તથા કુર્આન વિરૂધ્ધ બોલનાર માટે હમદર્દી અને ખામોશી ! બલ્કે વિરોધ કરનારાઓને કટ્ટરવાદી, આતંકવાદી તરીકે સંબોધવામાં આવે ! આ મસીહી, સઊદી, યહૂદીની કાર્યવાહી શું સૂચવે છે ? અલ્લાહ તઆલા કલમા ગો લોકોને સાચી સમજ અતા ફર્માવે. રસૂલે પાક ﷺની તથા ઈસ્લામની યાદગારોને શિર્કના નામે મિટાવી દેવામાં આવે અને સઊદી શાહ ફહદના નામો ઠેરઠેર લખવામાં આવે ! અને તે શિર્ક ન બને ? શાહ ફહદના ફોટા દુકાનો પર ફરજિયાત રીતે આગળ નજરે ચઢે તેવા લગાડવા જરૂરી ઠરાવાય, શું એ શિર્ક ન ઠરે ?! અને દા'વો એ કે ઈસ્લામી હુકૂમત છે ! અસ્તગફિરૂલ્લાહ ! **સારાંશ કે અમેરિકા, યૂરોપના પાલતુ કૂતરાની હૈસિયતથી તેમને ઈસ્લામ વિરૂધ્ધ કાર્યવાહીઓમાં સાથ આપતા રહી તુર્કો પાસેથી ઝૂંટવેલી સત્તા સાચવી રાખવી એનું નામ સઊદી નજદી હુકૂમત !** અંગ્રેજોના ટૂકડા પર દીન તથા દાનિશનો સોદો કરનાર ઈબ્ને સઊદ ખાનદાને મુસલમાનોની એકતાને કારમો ઘા માર્યો છે. *(યૂરોપ તથા અમેરિકા અને મુસલમાન)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ચાહક સર્વ સુન્ની ભાઈઓને ખુશખબર !**

**આ'લા હઝરત رحمۃ اللہ علیہની મન્ક઼બતોનો સંગ્રહ એટલે........**




**મનાક઼િબે રઝા (પેજીસ : ૩૧૨)**

*હદિયો*
Rs. 110/-
*(ટપાલ ખર્ચ સહિત)*

**લિપિયાંતર તથા સંકલનકર્તા**

**ઈક઼બાલહુસૈન ક઼ાસિમભાઈ સમા રઝવી નૂરી (જુનાગઢ)**

**પ્રકાશક**

**ફૈઝાને પંજતન ટ્રસ્ટ (સુન્ની બરેલ્વી)**

દૂધ સાગર રોડ, બુનિયાદ સ્કૂલ પાછળ, રાજકોટ–૦૩, મો. Mob. 9624099292

**પ્રાપ્તિસ્થાન**

**ફૈઝાને પંજતન ટ્રસ્ટ (સુન્ની બરેલ્વી)**
દૂધ સાગર રોડ, બુનિયાદ સ્કૂલ પાછળ,
**રાજકોટ–૦૩** Mob. 9624099292

**રઝવી કિતાબ ઘર**
મુ.પો. **દયાદરા,** પિન : ૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, Mob. 9427464411

**:: નોંધ ::**

આ'લા હઝરત رحمۃ اللہ علیہની શાનમાં વિવિધ ઉલમા તથા શાઈરો થકી લખવામાં આવેલ મન્ક઼બતોનો આ સંગ્રહ જેમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہની શાનને પ્રદર્શિત કરવામાં આવેલ છે, તો આશિ઼કાને મસ્લકે આ'લા હઝરત જરૂરથી આ કિતાબ મંગાવે એવી અપીલ છે.
*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ઉર્સ : ૨૫ સફર મુઝફ્ફર

# ઈમામ અહમદ રઝાનો رحمۃ اللہ علیہ

## મક઼ામ તથા મર્તબો

કાર્યાલય

આ'લા હઝરત, અઝીમુલ બરકત, મુજદ્દિદો દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہનો મક઼ામ તથા મર્તબો શું છે એને સમજવા માટે નીચે કેટલાક રૂહાની પ્રસંગો રજૂ કરવામાં આવે છે તેને વાંચો અને તમારા ઈમાનમાં તાજગી ભરો. આ'લા હઝરત رحمۃ اللہ علیہ જેવી રીતે એક આલિમ, ફાઝિલ, મુહદ્દિષ, મુફસ્સિર, મુહક્કિક઼ તથા અનેક ખૂબીઓના માલિક છે તેવી જ રીતે એક રૂહાની કમાલાત ધરાવતી હસ્તી પણ છે. આપનો મક઼ામ તથા મર્તબો સમજવા માટે નીચેના પ્રસંગોને વાંચો અને દિલને ખુશીઓથી ભરી દો ! *–તંત્રી*

### ★ સરકારે ગૌષે આ'ઝમના નાઈબ ★

શયખે પંજાબ, શેરે રબ્બાની, હઝરત પીર રોશનઝમીર, શાહજી શેર મુહમ્મદ મિયાં સાહબ શેર ક઼પૂરી નક઼શબંદી, મુજદ્દિદી قدس سرہને **શહેનશાહે બગ઼દાદ કુત્બે આલમ સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની ખ્વાબમાં ઝિયારત થઈ. શાહજી મિયાંએ પૂછયું, શું હુઝૂર ! અત્યારે દુનિયામાં આપનો નાયબ કોણ છે ? સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો, બરૈલીમાં "મૌલાના અહમદ રઝા."** જાગૃત થયા બાદ સવારે સફરની તૈયારી શરૂ કરી આપી. મુરીદોએ પૂછયું, હુઝૂર ! ક્યાંનો ઈરાદો છે ? ફર્માવ્યું, બરેલી શરીફનો ઈરાદો છે. રાતે ફક઼ીરે ખ્વાબમાં ગૌષે આ'ઝમ رضی اللہ عنہની ઝિયારત કરી. પૂછયું, હુઝૂર ! અત્યારે દુનિયામાં આપનો નાયબ કોણ છે ? તો ફર્માવ્યું, બરેલીમાં મૌલાના અહમદ રઝા ! જેથી તેમની ઝિયારત કરવા જઈ રહ્યો છું. મુરીદોએ અર્ઝ કરી, હુઝૂર ! અમને પણ ઈજાઝત હોય તો અમે પણ ચાલીએ અને તેમની ઝિયારતનો શરફ હાંસલ કરીએ. ઈજાઝત અતા ફર્માવી. શેરે રબ્બાની હઝરત શાહજી મિયાં શેર મુહમ્મદ સાહબ પોતાના મુરીદોની સાથે શરકપૂરથી બરેલીના માટે રવાના થયા. અહીં બરેલીમાં આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીએ ફર્માવ્યું કે આજે શયખે પંજાબ તશરીફ લાવી રહ્યા છે, ઉપરવાળા કમરામાં તેમના ઉતારાની વ્યવસ્થા કરવામાં આવે. એ કમરાને સાફ કરીને ફર્શ લગાડવામાં આવે. જે વખતે શેરે રબ્બાની તશરીફ લાવ્યા તો આ'લા હઝરત સરકાર ફાટક પર ઉભેલા હતા અને ફર્માવી રહ્યા હતા કે ફક઼ીર સ્વાગત માટે હાજર છે. મુઆનિકા તથા મુસાફા બાદ ફાટકવાળા મકાનના ઉપર હઝરતને ઉતારો આપ્યો. ત્રણ દિવસો સુધી રોકાણ કર્યું પછી ઈજાઝત ચાહી. જ્યારે શરકપૂર પહોંચ્યા તો મુરીદોએ પૂછયું કે હુઝૂર ! તમે ત્યાં શું જોયું ? તો હઝરત શાહજી મિયાંનાં આંસૂં વહેવા માંડયાં, અને ફર્માવવા લાગ્યા, શું બતાવું ? મેં શું શું જોયું ?! અરે ! એવું જોયું કે એક પર્દો છે એની પાછળથી તાજદારે મદીના શહનશાહે દો આલમ صلی اللہ علیہ وسلم બતાવે છે અને મૌલાના અહમદ રઝા બોલે છે ! સુબ્હાનલ્લાહ !

### ★ આ'લા હઝરતનો કશ્ફ અને ઈમામુલ મુહદ્દિષીનનો વિસાલ ★

જનાબ મોહતરમ વ મોઅઝ્ઝમ અબ્દુલઅલી સાહબ રઝવી મુહદ્દિષનું બયાન છે કે મારા વાલિદ જનાબ અબ્દુલ હઈ સાહબ ઈબ્ને હઝરત મોલ્વી અબ્દુલ લતીફ સાહબ علیہ الرحمہ (મોલ્વી અબ્દુલ

લતીફ સાહબ હુઝૂર મુહદ્દિષે સૂરતીના નાના ભાઈ) ફર્માવતા હતા કે જમાદીઉલ આખ઼ર સોમવાર (પીર મુબારક) હિ.સ. ૧૩૩૪ તહજ્જુદના સમયે પીલીભીતમાં મુહદ્દિષે સૂરતી મૌલાના વસી અહમદ قدس سرہનો વિસાલ થયો. પેલી બાજુ બરેલી શરીફમાં એ જ વખતે આ'લા હઝરત કિબ્લાએ પોતાના બંને શાહઝાદાઓ એટલે હુજ્જતુલ ઈસ્લામ મૌલાના શાહ હામિદ રઝાખાં સાહબ તથા બદરુલ ઈસ્લામ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ કિબ્લાને ફર્માવ્યું, સવારે પીલીભીત જવાનું છે અલ્ અસદ અલ અર્શદ અલ અર્શદ મૌલાના શાહ વસી અહમદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْનો હમણા વિસાલ થઈ ગયો. અને ફર્માવ્યું, તે દુનિયાથી શું વિદાય થયા બલ્કે મારો જમણો હાથ મારાથી જુદો થઈ ગયો અને મારી કમર તૂટી ગઈ. (શેઅર) લોહે મેહફૂઝ અસ્ત પેશ અવ્લિયા.

**સુબ્હાનલ્લાહ ! આ છે ૧૪ સદીના અવ્લિયા ! મહબૂબાને ખુદા ! રહે છે ક્યાં અને જુએ છે ક્યાં !** મુસ્તફા પ્યારે ﷺના ઈલ્મે ગયબના મુન્કિર ક્યાં છે ? આવે અને આ ગુલામોના ઈલ્મને નિહારે કે જે હુઝૂર ﷺની બારગાહનો અતિયો (ભેટ) છે. ખૂદ શહનશાહે અરબો અજમ, તાજદારે હરમ, માલિકો મુખ્તારે આલમ, ફખ્રે આદમો બની આદમ, મહબૂબે રબ્બે આ'ઝમ રસૂલે અકરમ નૂરે મુજસ્સમ ﷺના ઈલ્મનો કોઈ શું અંદાઝો કરી શકે છે.

## ★ બીસલપુરના હઝરત ગાઝી કમાલ શાહ رحمۃ اللہ علیہ ★

લગભગ હિ.સ. ૧૩૨૦માં હુઝૂર આ'લા હઝરત બીસલપુર હઝરત મોલ્વી ઈર્ફાન અલી સાહબના દૌલતકદા પર તશરીફ લઈ ગયા. મોલ્વી ઈર્ફાન અલી સાહબથી ફર્માવ્યું કે શું વસ્તીમાં કોઈ વલી અલ્લાહનું મઝાર છે ? તેમણે અર્ઝ કરી, હુઝૂર ! અહીં તો કોઈ મશ્હૂર વલીનું મઝાર મારી નજરમાં નથી. **આ'લા હઝરતે ફર્માવ્યું, મને વલી અલ્લાહની ખુશ્બૂ આવી રહી છે,** તેમના મઝાર પર ફાતેહા પઢવા જઈશ. ત્યારે મોલ્વી ઈર્ફાન અલી સાહબે અર્ઝ કરી, હુઝૂર ! હા, બિલ્કુલ આ વસ્તીના કિનારા પર એક કબર છે. જંગલી પ્રદેશ છે, એક રૂમ બની છે એની અંદર એ ક઼બર છે. ફર્માવ્યું, ચાલો ! આ'લા હઝરત તે ગુમનામ મઝાર પર શરીફ લઈ ગયા અને આપે એ ચાર દીવારીની અંદર જઈને દરવાજો બંધ કરી લીધો અને લગભગ પોણો કલાક સુધી અંદર રહ્યા. સેંકડોનો મજમો હતો, દાર્શનિક સાક્ષીઓનો, ખાસ કરીને મોલ્વી ઈર્ફાન અલી સાહબનું બયાન છે કે એવું લાગતુ હતું કે જાણે બે જણ આપસમાં વાતચીત કરી રહ્યા છે. એ સમયોમાં એક વલીએ એક વલી સાથે કેવી રીતે મુલાકાત કરી અને શું શું રાઝો નિયાઝની વાતો કરી તે કોઈને ખબર નથી. હા ! જ્યારે આપ બહાર તશરીફ લાવ્યા તો ચહેરા પર જલાલ રોશન હતો, રૂઆબદાર અવાજમાં ફર્માવ્યું, બીસલપુરવાળાઓ ! તમે લોકો અત્યાર સુધી અંધારામાં હતા ! આ અલ્લાહ તઆલાના જબરદસ્ત વલી છે, ઈસ્લામના ગાઝીઓમાંથી છે, સુહરવર્દી સિલસિલાના છે, અન્સાર કબીલાથી સંબંધ ધરાવે છે, ગાઝી કમાલશાહ એમનું નામ છે, તેમણે શાદી ન કરી હતી. તમારા લોકોની ફરજ છે કે ફયૂઝ હાંસલ કરતા રહો. તેમના મઝાર શરીફને ઉમદા રીતે બાંધો. આ'લા હઝરતનું એ ફર્માવવું હતું કે એ જ વખતથી લોકોની ભીડ લાગવા માંડી અને આપની બારગાહથી લોકો ફયૂઝયાબ થવા લાગ્યા. હવે તે ઉજડેલા જંગલ જેવો વિસ્તાર થોડાક દિવસોમાં બગીચાના રૂપમાં ફેરવાઈ ગયો.

## ★ અમજદ અલીની ફાંસીથી મુક્તિ ★

ઈ.સ. ૧૯૦૧નો પ્રસંગ છે જનાબ અમજદ અલી સાહબ બીસલપુરના રહેવાસી શિકાર માટે ગયા અને ભૂલથી ગોળી માણસને વાગી ગઈ અને તે મૃત્યુ પામ્યો. અમજદ અલીની ધરપકડ થઈ ગઈ અને પોલીસે એમને જાણીબુઝીને કરેલ ખૂન સાબિત કરી આપ્યું અને ફાંસીનો હુકમ થઈ ગયો. કેટલાક હઝરાત આ'લા હઝરત સરકારની ખિદમતે બાબરકતમાં પહોંચ્યા અને અર્ઝ કરી, હુઝૂર ! અમજદઅલીને ફાંસીનો હુકમ થઈ ગયો છે, દુઆ કરો. **આ'લા હઝરતે ફર્માવ્યું, "જાવ ! અમે એને મુક્ત કર્યો !"** તારીખ થોડાક પહેલાં કેટલાક લોકો મુલાકાત માટે ગયા અને રડવા લાગ્યા. અમજદ અલીએ કહ્યું, તમે લોકો જાવ આરામ કરો ! એ તારીખે હું ઘરે આવીને મળીશ. મારા મુર્શિદે બર હક્ક આ'લા હઝરતે ફર્માવી દીધું છે કે, "અમે તને મુક્ત કરી આપ્યો." સૌ લોકો ચાલ્યા ગયા. ફાંસીની તારીખ પર વાલિદા મળવા ગયાં અને રડવા લાગ્યાં. અમજદ અલીએ તેમને પણ કહ્યું કે, "ઘરે જાવ ! ઈન્શાઅલ્લાહ ! ઘરે આવીને નાશ્તો કરીશ !" ત્યારબાદ તેમને ફાંસીઘર લઈ જવામાં આવ્યા. ફાંસી આપતા પહેલાં નિયમાનુસાર પૂછવામાં આવ્યું કે કોઈ ઈચ્છા છે ? અમજદ અલીએ કહ્યું, "શું કરશો પૂછીને ?! મારો સમય હજી નથી આવ્યો !" સૌ આશ્ચર્યમાં હતા કે આ કેવો માણસ છે. પછી તેમને તખ્તા પર લઈ જઈને ગળામાં ફાંસીનો ફંદો નાખી દેવામાં આવ્યો, એટલામાં તાર આવે છે કે વિક્ટોરીયા રાણીના પુત્ર એડવર્ડ સાતમાની તાજપોશીની ખુશીમાં ખૂની અને આટલા કેદીને છોડી દેવામાં આવે. તુરત જ અમજદઅલીને તખ્તાથી ઉતારીને મુક્ત કરી દેવામાં આવ્યો.

## ★ ગરમ ગરમ ! ઈમ્રિતીઓ ★

### *(જલેબી જેવી મીઠાઈ)*

**કશ્ફો કરામત** : એક સાહબ બરેલી શરીફમાં હતા, જે ઉલમાએ કિરામની કાંઈ કિંમત સમજતા ન હતા અને પીરી મુરીદીને પેટનો ધોકો કહેતા હતા. એમના ખાનદાનના કેટલાક માણસો આ'લા હઝરતથી બયઅત હતા. એક દિવસે તે હઝરાતે તેને મજબૂર કર્યો કે, ચાલો ! આ'લા હઝરતના દીદાર જ કરી લો તો ખોટા ખયાલો દિમાગથી નીકળી જશે. મજબૂરન્ ચાલ્યા. માર્ગમાં એક મીઠાઈવાળાની દુકાન પર ગરમ ગરમ ઈમ્રિત (મીઠાઈ) બની રહી હતી. તેને જોઈને બોલ્યા, સારું ! ઈમ્રિત (મીઠાઈ) ખવડાવો, તો આવીશ ! તે હઝરાતે કહ્યું કે પાછા ફરતાં ખવડાવીશું. આ'લા હઝરતની ખિદમતમાં હાજર થયા, બેસી ગયા એવામાં થોડીવારમાં એક ભાઈ બયઅત થવા માટે આવ્યા અને એક કંડીયામા ગરમ ગરમ ઈમ્રિત (મીઠાઈ) લાવીને મૂકી દીધી. ફાતેહા પછી સૌને વહેંચવામાં આવી. એ દરબારનો કાયદો હતો કે દરેક હિસ્સો દાઢીવાળાને ડબલ અને દાઢી વગરનાને એક એક બાળકોની જેમ મળતો હતો અને સૈયદને ચારગણો હિસ્સો મળતો હતો. તે ભાઈનો એક જ ઈમ્રિત (મીઠાઈ) મળી કેમ કે દાઢી વિનાના હતા. આ'લા હઝરતે ફર્માવ્યું, એમને બે આપો! વહેંચનારે કહ્યું, હુઝૂર ! બાળક છે, હજી દાઢી પણ નથી નીકળી ! આ'લા હઝરતે સ્મિત કરતાં કહ્યું, એમનો જીવ ચાહે છે ! એક વધારે આપી દો ! આ કરામત જોઈને તે ભાઈ બયઅત થઈ ગયા અને ઉલમાની તા'ઝીમ કરવા લાગ્યા.

## ★ એક શાહી ટુકડો અધિક મળી જાય ! ★

ઉસ્તાદે મોહતરમ વ મુકર્રમ, ફખ્રે ખાનદાને

શૈરિયહ્ નબીરાએ શાહજી મિયાં હઝરત મૌલાના હાફિઝ કારી અલ્હાજ ગુલામ મુહીયુદ્દીનખાં સાહબ ખતીબ શૈરી قدس سرہٗએ એક બનાવ વર્ણન કર્યો કે મારા વાલિદ માજિદ હુઝૂર શાહજીમિયાં મુહમ્મદ શેરખાં સાહબ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُના ભાણયા હઝરત મોલ્વી સૂફી અલ્હાજ શાહજી ગુલામજીલાની ખાં સાહબની સાથે અમુક મસાઈલની જાણકારીના માટે બરેલી શરીફ આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામે અહલે સુન્નત عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُની ખિદમતે બાબરકતમાં હાજર થયા. હઝરત શાહ નન્નેમિયાં સાહબ અને હઝરત મોલ્વી અબ્દુલબસીર મિયાં સાહબ પણ સાથે હતા. હું પણ વાલિદ સાહબની સાથે થઈ ગયો. મારી ઉમર તે વખતે અગ્યાર વરસની હશે. મને યાદ છે કે આ'લા હઝરતે ફાટકવાળા મકાનની ઉપર સૌને ઉતારો આપ્યો હતો. વાલિદ સાહબે આ'લા હઝરતની ખિદમતમાં કેટલાક સવાલો પેશ કર્યા તો આ'લા હઝરતે તે જ સમયે જવાબો આપ્યો. પછી વાલિદ સાહબે ઈજાઝત ચાહી. આ'લા હઝરતે ફર્માવ્યું, આજે નહીં કાલે જાવ ! જેથી એ દિવસે આ'લા હઝરતના કાશાનએ અક્દસ પર કયામ રહ્યો. રાતના ખાણામાં વિવિધ પ્રકારનાં ભોજનો હતાં અને શાહી ટુકડા પણ હતા. કારી સાહબનું બયાન છે કે મેં જ્યારે શાહી ટુકડો ખાધો તો તે ઘણો જ સ્વાદિષ્ટ હતો જેથી મારા દિલમાં ખયાલ આવ્યો કે એક શાહી ટુકડો અધિક મળી જાય. આ બાજુ મારા દિલમાં એ ખયાલનું આવવું હતું તો બીજી બાજુ આ'લા હઝરતે પોતાની આગળથી શાહી ટુકડો ઉઠાવીને સ્મિત કરતાં મારી તરફ વધારી દીધો અને હુકમ ફર્માવ્યો કે અંદરથી શાહી ટુકડા અધિક લાવવામાં આવે. વાલિદ સાહબે અર્ઝ કરી, હુઝૂર ! આ બાળક મીઠુ ખૂબ ઓછુ ખાય છે, એટલુ નહીં ખાય શકે, ન આપો. એના પર આ'લા હઝરતે ફર્માવ્યું, ગુલામ મુહીયુદ્દીનનો જીવ ચાહે છે, ખાવા દો. બાદમાં એક શાહી ટુકડો અધિક આપતાં કહ્યું, બેટા ! ખૂબ મીઠુ ખાવ ! કારી સાહબ ફર્માવે છે કે આ'લા હઝરતની બારગાહમાં આ મારી પ્રથમ હાજરી હતી. એ મોકા પર આ'લા હઝરતની બે કરામતો મારા પર જાહેર થઈ, એક તો મારા દિલની વાત પર માહિતગાર થવું, બીજું મારું નામ લઈને બતાવ્યું કે ગુલામ મોહીયુદ્દીનનો જીવ ચાહે છે. પછી વાલિદ સાહબે અર્ઝ કરી, હુઝૂર ! આ બાળકના માટે ઈલ્મની દુઆ ફર્માવી દો ! આ'લા હઝરતે ફર્માવ્યું, આ બાળક બેહતરીન આલિમ તથા કારી થશે. આ આ'લા હઝરતની બીજી કરામત હતી જે હિ.સ. ૧૩૨૪માં જાહેર થઈ. આ'લા હઝરતના વિસાલના બે વરસ બાદ જ્યારે જામિઆ રઝવિય્યહ્ મન્ઝરે ઈસ્લામમાં મારી દસ્તારબંદી થઈ, અને ફરાગતની સનદ મળી. હિ.સ. ૧૩૨૪માં મારી સાથે શેર બે શએ અહલે સુન્નત મૌલાના હશ્મતઅલી સાહબ અને મુહદ્દિષ મૌલાના એહસાન અલી સાહબને દસ્તારે ફઝીલત હાંસલ થઈ. ઘરે આવીને વાલિદ સાહબે મને પૂછયું કે સાચુ કહો તમે ખાતી વખતે શું વિચાર્યુ હતું ? તો મેં અર્ઝ કરી, આજ સુધી આટલો સ્વાદિષ્ટ શાહી ટુકડો નથી ખાધો તો મારા દિલમાં ખયાલ આવ્યો હતો કે એક અધિક મળી જાય. આ સાંભળીને વાલિદ સાહબ ઘણીવાર સુધી રડતા રહ્યા અને ફર્માવ્યું, આ'લા હઝરતને લોકો શું જાણે ! એ તો ઘણા જ મહાન અવલિયાએ કામિલીનમાંથી છે.

## ★ આ'લા હઝરતે મુર્દાને જીવતુ કર્યુ ! ★

હઝરત મુફતી ગુલામ સરવર સાહબ રઝવીએ પણ પોતાની કિતાબ ''અશ્શાહ અહમદ રઝા''માં પ્રસંગને ટૂંકાણથી વર્ણવ્યો છે. શયખ હબીબુર્રહ્માન સાહબ એસ્ક્યુટિંગ ડેપ્યુટી સુપ્રિટેન્ડટ પોલીસ (હાલ : લાંચ રૂશ્વત વિરોધી ખાતુ–લાહોર)નો પ્રસંગ છે કે બચપનમાં આપને ન્યૂમોનિયા થયો

અને એમાં આપનો ઈન્તેકાલ થઈ ગયો. ઘરમાં કોહરામ મચી ગયો કેમ કે એકનો એક જ પુત્ર હતો અને તે પણ મરી ગયો. કફન વગેરેની વ્યવસ્થા થવા લાગી. શયખ સાહબ ફર્માવે છે કે મારાં વાલિદૈન બરેલી શરીફમાં આ'લા હઝરતના સાયા હેઠળ એક નજીકના મકાનમાં રહેતાં હતાં. વાલિદા રડતાં રડતાં આ'લા હઝરતની પાસે ગયાં અને રડી રડીને કહેવા લાગ્યાં, હુઝૂર ! મારો છોકરો મરી ગયો ! આ એકનો એક પુત્ર તમારી જ દુઆથી નસીબ થયો હતો. હુઝૂર ! મારે મારો છોકરો જોઈએ છે ! એને જીવતો કરો ! આ'લા હઝરતે લાકડી લીધી અને શયખ સાહબના મકાન પર તશરીફ લઈ ગયા. સૌ લોકો અદબમાં ઉભા થઈ ગયા અને એવું સમજ્યા કે આ'લા હઝરત પણ તા'ઝીયત માટે આવ્યા છે. આ'લા હઝરતે કહ્યું, પર્દો કરો ! જરા હું પણ જોઉં ! આ'લા હઝરત મૈયતની પાસે પહોંચ્યા તો વાલિદા ફરીથી ચીખવા લાગ્યાં કે મારો છોકરો જીવતો કરો ! મારે બીજું કાંઈ ન જોઈએ ! આ'લા હઝરતે બાળક પરથી કપડુ હટાવ્યું અને બિસ્મિલ્લાહ શરીફ પઢીને કહ્યું, આંખો કેમ નથી ખોલતો ! જો તો તારી માં શું કહી રહી છે ?!.... આટલુ કહેતાં જ બાળકે તરત જ આંખો ખોલી નાખી અને રડવાનું શરૂ કરી આપ્યું. આ'લા હઝરતે કહ્યું કે આ બાળક તો જીવતો છે ! કોણ કહે છે કે મરી ગયો ? પછી તો ચો તરફ ખુશીની લહેર દોડી ગઈ. આ'લા હઝરતે એના પર મહોબ્બતભર્યો તથા પ્રેમાળ હાથ ફેરવ્યો તો તે ખામોશ થઈ ગયો અને ચહેરા પર સહેજ સ્મિત જણાવા લાગ્યું. આજે પણ લાહોરમાં એ જ શયખ હબીબુર્રહ્‌માન સાહબ મૌજૂદ છે અને અત્યાર ૬૩ વરસની ઉમર છે.

**બચપનમેં હૂઈ શયખ કી મૌત જબ,**
**કર દિયા આપને ઝિંદા બાઈઝ્‌ને રબ**
**આપ કો તાકતેં ઐસી ઐસી મિલીં,**
**સૈયદી મુર્શિદી શાહ અહમદ રઝા**

## ★ નાશ્તો કરીને જાવ, ટ્રેન મળી જશે ! ★

ખલીફાએ આ'લા હઝરત મૌલાના શાહ મુહમ્મદ હબીબુલ્લાહ સાહબ મેરઠી ફર્માવે છે કે એકવાર બરેલી શરીફથી ફજરની નમાઝ બાદ મેરઠ પાછા વળવાનો ઈરાદો કર્યો. સ્ટેશન જવા માટે ઘોડાગાડી પર સામાન રાખી દીધો અને વિદાયની સલામ માટે આ'લા હઝરતની ખિદમતમાં હાજરી આપી. આ'લા હઝરતે સલામના જવાબ સાથે જ ફર્માવ્યું કે નાશ્તો કરીને જાવ ઈન્શાઅલ્લાહુ તઆલા ! ટ્રેન મળી જશે. જણાવે છે કે મને ઘણી ઉલઝન પેદા થઈ ગઈ કેમ કે ટ્રેન છૂટવામાં ઘણો જ થોડો સમય બાકી રહી ગયો હતો. પણ આપના હુકમ આગળ કાંઈ બોલી ન શક્યો. થોડીવાર પછી નાશ્તો આવ્યો. નાશ્તાથી ફારિગ થઈને ઘોડા ગાડીમાં સવાર થયા. જો કે ગાડી છૂટવાનો સમય તો વહી ગયો હતો પરંતુ મારા દિલને ઈત્મિનાન હતું, એટલા માટે કે આ'લા હઝરત ટ્રેન મળવાની આગાહી આપી ચૂક્યા હતા. ઘોડા ગાડીએ સ્ટેશન પહોંચાડયો કુલીએ સામાન ઉતારતાં જણાવ્યું કે ટ્રેન જવાને લગભગ અડધો કલાક થઈ ગયો છે. જણાવે છે કે હું મારા પીરભાઈ આસિસ્ટન્ટ સ્ટેશન માસ્તરની ઓફીસમાં જઈને બેસી ગયો અને તેમને કહ્યું કે આ'લા હઝરતે મને આ જ ટ્રેન મળી જવાની ખબર આપી છે એટલા માટે મને તો યકીન છે કે ટ્રેન મળી જશે. હજી એ ચર્ચા ચાલુ જ હતી એવામાં ફોન પર ખબર મળી ટ્રેનના એંજીનમાં કોઈ ખરાબી થઈ ગઈ છે જેથી ટ્રેન પાછી બરેલી આવી રહી છે. ફર્માવે છે કે આ ખબર સાંભળતાં જ ખુશીના આવેશમાં મને આંસૂ આવી ગયાં. ગાડી પાછી ફરી અને થોડીવારના રીપેરીંગ બાદ ફરી રવાના થઈ ગઈ અને હું ઈત્મિનાનથી સવાર થઈને મેરઠ પહોંચ્યો. *–(અઝકારે હબીબ, પેજ–૨૮, પ્રેસ–લાહોર)*

ઉર્સ : ૧૪ મુહર્રમ શરીફ

# હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની رحمۃ اللہ علیہ નમાઝથી મહોબ્બત

કાર્યાલય

*સુન્ની જગતની અજોડ હસ્તી શાહઝાદએ આ'લા હઝરત મુફતીયે આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہની ઝાતની તક્વાથી ભરપુર જિંદગીનો અભ્યાસ કરશો તો આપ અચંબામાં પડી જશો કે ખુદાનો કેટલો ખૌફ આપ ધરાવતા હતા અને શરીઅતની પાબંદીના આપ કેવા મજબૂત પહાડ હતા. અત્રેના ટૂંકા લેખમાં આપ હઝરતની નમાઝ તથા જમાઅતથી મહોબ્બત તથા પાબંદીના અમુક નમૂના હાજર છે તેને વાંચો અને સાચે જ મુફતીએ આ'ઝમના ચાહક છો તો ઝબાની દાવા છોડીને એવા તક્વાવાળા બનવા કોશિશ કરો. –તંત્રી*

## હુઝૂર મુફતીએ આ'ઝમ અને નમાઝનું આયોજન

દુનિયાવાળા હવાઈ જહાઝના સફરને એટલા માટે સારો સમજે છે કે ઘણો જ આરાદાયક છે અથવા એના સફરમાં ઓછો સમય જાય છે, કોઈ અન્ય સબબે એના સફરને સારો સમજવામાં આવે છે. પણ હું કુર્બાન જાઉં અલ્લાહના વલીઓની રોશન ખયાલી તથા દીની મિજાઝ પર કે તેમનું દરેક કામ અલ્લાહ તઆલાની બંદગીની નિય્યતથી જ થાય છે. તેમનું ઉઠવું બેસવું, હરવું ફરવું, સૂવું જાગવું અને ખામોશ રહેવું તથા વાતચીત કરવું સર્વ અલ્લાહની ઈબાદતના માટે હોય છે. અરસો થયો તાલિબે ઈલ્મીના જમાનામાં ઉસ્તાઝી અલ્લામા હાફિઝ અબ્દુશ્શકૂર સાહબ કિબ્લા ઉસ્તાઝે અલ્જામિઅતુલ અશ્રફિયહ ઝૈદમજદહૂએ સૂફિયાએ કિરામનું ફર્માને આલી બતાવ્યું હતું કે માણસની દરેક પળ રબની ઈબાદતમાં પસાર થવી જોઈએ. ખાદિમે અર્ઝ કરી હતી, હુઝૂર ! એ કેવી રીતે શક્ય છે કે ઈન્સાન હર પલ અલ્લાહ તઆલાની ઈબાદતમાં વ્યસ્ત રહે, જયારે કે શરીઅતે મુતહ્હરાનો હુકમ છે રહબાનિયત (સન્યાસીપણુ) ન અપનાવે, બીવી બચ્ચાંના હક્કો અને અન્ય બંદાઓના હક્કો પણ અંજામ આપે. તો હઝરતે ઈર્શાદ ફર્માવ્યો હતો કે સૂફિયાને કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના ઈર્શાદનો મતલબ એ છે કે માણસ જે પણ કામ કરે તે નિખાલસતાપૂર્વક (ઈખ્લાસથી) અલ્લાહની રઝાના માટે કરે. રોજી કમાય તો એ હેતુસર કે હલાલ રોજી હાંસલ કરવી અલ્લાહનું ફર્માન છે, બીવી બચ્ચાંની પરવરિશ કરે તો એ નિય્યતે કરે કે એઓ અલ્લાહના બંદાઓ છે જેની કફાલત રબ્બુલ ઈઝ્ઝતે મારા માથે રાખી છે. ગલત વાત જીભથી ન કાઢે, જયારે પણ બોલે સહીહ બોલે, જે કદમ ઉઠાવે જાઈઝ કામ કરવા માટે સહીહ નિય્યત સાથે અલ્લાહને રાજી કરવા માટે ઉઠાવે તો આ રીતે યકીનન ! માણસની દરેક પલ અલ્લાહની ઈબાદતમાં પસાર થશે.

સૈયદના મુફતીએ આ'ઝમ હઝરત મુહમ્મદ મુસ્તફા રઝાખાં નૂરી رحمۃ اللہ علیہની જિંદગીનો આજે અભ્યાસ કરનારા એ નિર્ણયે પહોંચ્યા વિના નથી રહેતા કે આપનું દરેક કામ મૌલા તઆલાની ઈબાદત અને તેના રસૂલ ﷺની રઝા તથા ખુશ્નુદીના માટે હોતો. સવાર સાંજ, રાત દિવસ, વાણી તથા વર્તન અલ્લાહના હુકમના પાલનના માટે વકફ હતાં. જે કદમ ઉઠાવતા તેના પહેલાં એ વિચારતા કે એમાં અલ્લાહ વ રસૂલ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની ખુશ્નૂદી હાંસલ થશે કે નહીં ? આપ ઘરે તથા મુકામ પર પણ ઝિક્રુલ્લાહમાં રહેતા અને સફરમાં પણ અલ્લાહની ઈબાદતમાં રહેતા.

મુફતીએ આ'ઝમના એક હવાઈ સફરને કલમબંદ કરું છું જેથી દુનિયામાં મગ્ન રહેનારાઓ જોઈ લે કે અલ્લાહ તઆલાની

ઈબાદત દરેક રીતે દરેક ઘડીએ, અને દરેક કામમાં કેવી રીતે થાય છે અને દીની તથા મઝહબી જિંદગી કેવી રીતે ગુજારવામાં આવે છે ?!

આ તે સમયની વાત છે જ્યારે કે સૈયદુલ ઉલમા મારહરવી رحمۃ اللہ علیہના ચેહલુમના મોક઼ા પર મુંબઈવાળાઓએ પણ એક પ્રોગ્રામ રાખ્યો અને ચાહ્યું કે હઝરત મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને નિમંત્રીએ. એ વખતે મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ અજમેર શરીફમાં હતા. આપની સાથે હઝરત મૌલાના મન્સૂર અલી સાહબ તથા હઝરત અલ્લામા મુશ્તાક઼ અહમદ નિઝામી પણ હતા. આપના અક઼ીદતમંદોએ અજમેરથી જયપૂર અને ત્યાંથી ફલાઈટમાં મુંબઈ લઈ જવા ચાહ્યું હતું. અને મુફતીએ આ'ઝમે એવું કહીને ઈન્કાર કરી આપ્યો હતો કે જ્યારે અજમેર શરીફથી મુંબઈનો સફર રેલ્વે થકી પચાસ રૂપિયામાં થઈ શકે છે તો આ સફરના માટે ચારસો રૂપિયા ખર્ચ કરવાની શું જરૂરત છે ? પરંતું ચાહકોના આગ્રહના કારણે આપે ફલાઈટ થકી સફર ખેડવો પડયો. જ્યારે કે ફલાઈટ થકી આપનો આ પ્રથમ સફર હતો. હવે અસલ બનાવ મૌલાના મન્સૂર અલીખાં સાહબ ખતીબે મહારાષ્ટ્ર (મુંબઈ)ના થકી સાંભળો જેઓ બનાવના અસલ રિવાયત કર્તા છે.

જયપૂરથી મુંબઈ સુધીનું અંતર (હવાઈ જહાઝ થકી) એક કલાકમાં પાર પડયું. અગાઉથી ખબરના પ્રમાણે એરપોર્ટ પર ચાહકો પહેલેથી મૌજૂદ હતા. કાર થકી શહેરની તરફ રવાના થયા. હુઝૂર એ વખતે ખૂબ જ ખુશીમાં હતા. ફર્માવ્યું, "હવાઈ જહાઝનો સફર ઘણો જ સારો સફર છે એનું કારણ આપ લોકો વર્ણવો !" એ વખતે જે ન્યાઝમંદો કારમાં મૌજૂદ હતા એમાંથી કોઈકે કહ્યું, સારો સફર છે એટલા માટે કે ખૂબ જ આરામદાયક છે. કોઈ કે અર્ઝ કરી કે સમય ઓછો લાગે છે. એ જ પ્રમાણે અન્ય લોકોએ અર્ઝ કર્યું. હઝરતે સર્વ લોકોના જવાબ સાંભળ્યા બાદ ફર્માવ્યું કે, "હવાઈ જહાઝ (ફલાઈટ)નો સફર સારો સફર છે, એટલા માટે કે એમાં નમાઝો ક઼ઝા નથી થતી ! જયપૂરથી ફજર અદા કરીને ચાર કલાક પછી મુંબઈ ચાલ્યા અને મુંબઈ આવી ગયા. હજી ઝહોરનો સમય શરૂ થવામાં એક કલાક છે." આ સાંભળીને સર્વની જીભેથી સુબ્હાનલ્લાહ !ની સદા બુલંદ થઈ ગઈ.

હવે આવો ! મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના નમાઝ ક઼ાયમ રાખવાના જઝબાના પણ અમુક અધિક નમૂના જોઈ લઈએ. અને અધિક્તર તે પ્રસંગો સફરના સંબંધિત જ હશે કે મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ સફરમાં પણ નમાઝનો કેટલો ખયાલ કરતા હતા. વાંચો અને દિલમાં નમાઝની મહોબ્બત પેદા કરો !

## નમાઝના માટે બસ છોડી આપી !

ઈસ્લામ સાથે સંકળાયેલા સારી રીતે જાણે છે કે નમાઝ ઈસ્લામનો મહત્વનો સુતૂન અને રુકન છે, જેણે ક઼ાયમ કરી તેણે દીનને ક઼ાયમ કર્યો અને જેણે એને તર્ક કરી એણે દીનને તર્ક કર્યો. (મઆઝલ્લાહ !) એટલા માટે અમુક ઉલમા ફર્માવે છે કે આ પુરફિતન દૌરમાં જે શખ્સ બાજમાઅત નમાઝ પઢી લે છે તે યક઼ીનન ! વલી છે.

મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની વિશિષ્ટતા હતી કે સફર હોય કે ઘરમાં, ગાડી પર હોય કે પગપાળા, નમાઝને છોડવી તો દૂર રહ્યું સમયથી હટવા દેતા ન હતા, ભલે તેમને એના માટે લાખ મુસીબતો તથા મુશ્કેલીઓથી સામનો કરવો પડે, ત્યાં સુધી કે ઘણીવાર નમાઝના માટે બસ તથા ટ્રેન છોડવાની વારી પણ આવી જતી. એકવારનો બનાવ શાઈરે ઈસ્લામ રાઝ ઈલાહાબાદી મર્હૂમની ઝબાને તર્જુમાથી સાંભળો !

એકવાર બલરામપુર (યુ.પી.)થી હઝરતને લઈ બસ દ્વારા ઈલાહાબાદ આવી રહ્યા હતા. હઝરત મૌલાના મુફતી રિઝવાનુર્રહમાન સાહબ જેઓ જબરદસ્ત આલિમ છે તે પણ સાથે હતા. ઈલાહાબાદની નજીક બસ ફાફા મઉના પુલ પર

રોકાઈ ગઈ. ગંગા નદી પર પુલ છે. કેમ કે પુલ પર એક જ બસ (વન વે) આવજા કરી શકે છે એટલા માટે બસ રોકાઈ ગઈ હતી કે સામેથી આવતી બસો નીકળી જાય તો આ જાય. હઝરતે સામે જોયું કે સૂરજ ડૂબવાવાળો છે. હઝરતે ફર્માવ્યું કે અસરની નમાઝ ક્યાં પઢવામાં આવે ? મેં કહ્યું કે હઝરત ! ઈલાહાબાદમાં ! હઝરતે ફર્માવ્યું, ઈલાહાબાદ પહોંચતાં પહોંચતાં સૂર્ય આથમી જશે ! અને આવું કહીને હઝરત ખૂબ જ ઝડપભેર જાનમાઝ અને લોટો લઈને બસથી ઉતરી ગયા. સડકના કિનારે ખૂબ જ ઊંડા ખાડામાં વરસાદનું પાણી જમા હતું. હઝરતે એ પાણીને જોઈને ફર્માવ્યું કે હું ત્યાં વુઝૂ કરીશ. અને આવું કહીને એ ઊંડાઈમાં ખૂબ જ ઝડપભેર ઉતરવા લાગ્યા. અને એ પ્રમાણે મિજાઝ ગરમ હતો કે હું તથા મુફતી રિઝવાનુર્રહમાન ડરવા લાગ્યા કે આજ સુધી હઝરતને આ પ્રમાણે ઉશ્કેરાયેલા નથી જોયા.

બસ ! હઝરતની જીભેથી વારંવાર આ જ શબ્દો નીકળતા હતા કે, "અરે ! મારી અસરની નમાઝ ! અરે ! મારી અસરની નમાઝ ! યા અલ્લાહ! કરમ ફર્માવી દે અને હું નમાઝ અદા કરી લઉં ! શું ગઝબ છે કે સૂરજ ડૂબતો જઈ રહ્યો છે !" આવું કહેતા કહેતા હઝરત એકદમ ઊંડાઈની તરફ આગળ વધવા લાગ્યા. રસ્તે ચાલનારાઓ રોકી રહ્યા છે, પોલીસવાળા અવાજ આપી રહ્યા છે કે ગબડી પડશો ! પણ આપ એ જ ઝડપભેર નીચે ઉતરી રહ્યા હતા, એવામાં મેં દોડીને કોઈક રીતે હઝરતનો હાથ પકડી લીધો, પણ એ કુદરત તથા કુવ્વત કે હું બતાવી નથી શક્તો ! બસ ! એવુ જણાતું હતું કે અમે લોકો બસ હમણા પડયા ! હમણા પડયા ! પણ હઝરત પાણીની નજીક પહોંચી ગયા. હવે હઝરતે પાણીમાં પોતાનો લોટો નાખ્યો તો કીચડ તથા પાણી કિનારા પર એક સાથે નીકળ્યું ! મારી તરફ હઝરતે પોતાનો રૂમાલ ફેંકીને ફર્માવ્યું, તમે તમારી નમાઝ પઢો, તમે વુઝૂથી છો. મેં હુકમનું પાલન કર્યું અને નમાઝ પઢવા લાગ્યો. હવે હું એ જોઉં છું કે અચાનક હઝરત એ પાણીમાં ચાલીને વચ્ચે પહોંચી ગયા અને એક પથ્થર પાણીમાં ઉભરાઈ આવ્યો એના પર બેસીને વુઝૂ કરવા લાગ્યા. મારી આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ હતી કે યા અલ્લાહ ! આ કમજોર બુઝુર્ગ કઈ રીતે પાણીની વચ્ચે પહોંચી ગયા અને આ પથ્થર વચ્ચે કોણે અને ક્યારે રાખ્યો ! હઝરતે વુઝૂ કર્યું અને કિનારે તશરીફ લાવ્યા. હઝરતે મુસલ્લા પર અસ્રની નમાઝ શરૂ કરી દીધી પેલી બાજુ મેં જોયું તો સડક પર લોકો આશ્ચર્યભેર આ મન્ઝર જોઈ રહ્યા હતા. બસ કેમ કે મેઈલ હતી જેથી તે ચાલી ગઈ.

## આપની નમાઝના સબબ ટ્રેન રોકાઈ ગઈ

ઈશ્કો ઈર્ફાનમાં ડૂબેલી નમાઝની ઝલકતી તસ્વીર જુઓ. ફકીહુન્નફ્સ શારેહે બુખારી رحمۃ اللہ علیہ લખે છે કે એકવાર હઝરત અજીનથી જયપુર જતા હતા. નાગદા સ્ટેશન પર મુંબઈ દેહરાદૂન એક્સપ્રેસ પર સવાર થયા. સેકંડ કલાસની ટિકિટ હતી. ડબ્બામાં પહોંચ્યા તો પૂરો ડબ્બો ફોજીઓથી ભરેલો હતો. ફોજી કેટલા બદતમીઝ અને પબ્લિક માટે જાલિમ હોય છે તેને સૌ જાણે છે. તે જંગલી સીટો પર પગો ફેલાવીને આડા પડેલા હતા. ખૂબ જ મુશ્કેલીથી બેસવા માટે જગા મળી. થોડવાર પછી અસ્રનો સમય થઈ ગયો. પૂરો ડબ્બો ભરેલો હતો, ક્યાંય જગા ન હતી અને ગાડી સ્ટેશનો પર નામ પૂરતી રોકાતી હતી. ફર્માવ્યું, નમાઝ પઢીશ ! હું પરેશાન થઈ ગયો ! ચારેવ તરફ નજરો દોડાવી. એક સિખ ફોજીનો ઘણો જ મોટો પેટારો પડેલો હતો જેના પર બિસ્તર રાખેલ હતો. મેં તેને કહ્યું કે અમારા હઝરત નમાઝ પઢશે જો તમે માની જાવ તો આ ટ્રંક પરથી બિસ્તર ઉતારી દઉં અને એના પર નમાઝ પઢી લે. તે માની ગયો અને ખૂદ તેણે જ બિસ્તર ઉઠાવ્યો અને ઉભો રહ્યો. ગાડી જ્યારે એક સ્ટેશન પર પહોંચી તો હઝરતને એના પર ઉભા કરી દીધા. હઝરતે એ રીતે નમાઝ અદા કરી.

આગળ જતાં ફરી લખે છે : જ્યારે મગરિબનો

સમય થયો તો એક સ્ટેશન પર બતાવ્યા વિના ઉતરી પડયા. હું પાછળ પાછળ જાનમાઝ લઈને દોડયો. ફર્ઝની સલામ ફેરવતાં જ ગાડીએ વ્હિસલ મારી. હું જલ્દીથી ગાડીની તરફ વધ્યો અને હઝરતે સુન્નતની નિય્યત બાંધી લીધી ! અને ગાડી વ્હિસલ પર વ્હિસલ મારતી રહી. એ વખતે મારી પરેશાનીઓનો આલમ શું હતો તે હું જ જાણુ છું ! સામાન ગાડી પર અને હઝરત પ્લેટફોર્મ પર ! જો ગાડી ચાલી જાય તો શું કરીશ ? એ અસમંજસમાં નજર એંજિનની તરફ ગઈ તો જોયું કે ડ્રાયવર હઝરતની તરફ જોઈ રહ્યો છે. હવે કાંઈક ઈત્મિનાન થયું. છેવટે જ્યારે હઝરત નમાઝથી ફારિગ થઈને ડબ્બામાં તશરીફ લઈ ગયા તો ગાડી ચાલી. આ પ્રકારના સંજોગોમાં મજબૂતથી મજબૂત હિંમતવાળાના હોશ હવાસ બેક઼ાબૂ થઈ જાય છે, પણ મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ પર કાંઈ અસર ન પડી અને ઈત્મિનાન સાથે નમાઝમાં મશગૂલ રહ્યા. એ દલીલ છે કે હઝરત મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہનો મામલો ખુદા ﷻ સાથે એટલો મજબૂત હતો કે કોઈ ચીજ પણ એમાં આડ બની શકતી ન હતી. જ્યારે આવો કડવો અનુભવ થઈ ચૂક્યો હતો.

## એક અનોખી નમાઝ !

મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ શરીઅતની પયરવી અને નમાઝની પાબંદીનું એવું દૃષ્ટાંત પૂરું પાડયું છે કે મારી નજર એનું દષ્ટાંત આપવાથી આજિઝ છે. જમાઅતે અહલે સુન્નત આપની ઝાતે બાબરકત પર જેટલો નાઝ કરે અને પોતાના રબનો જેટલો શુક્ર અદા કરે તે કમ છે કે તેણે આ જમાઅતને ખૂબીઓથી ભરચક તક઼વાવાળી હસ્તી અતા કરી જેણે શરીઅતને અમલી સ્વરૂપ ઢાળીને સમજાવી. આજે લોકો મોટા ભાગે રુખસદ (છૂટ)ની પાછળ દોડે છે પણ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ દરેક સમયે ફઝીલત તથા અઝીમત પર અમલ કરવા પ્રયત્નશીલ છે. એનો નમૂનો નીચેના આ બનાવમાં જુઓ જે દારુલ ઉલૂમ ઈસ્હાકિયા જોધપુરના સાલાના જલસાથી પરત થતાં દિલ્હીમાં બન્યો હતો. એના રાવી પણ હઝરત ફક઼ીહુન્નફસ શારેહે બુખારી મુફતી શરીફુલ હક઼્ક઼ رحمۃ اللہ علیہ છે. જુઓ :–

જ્યારે ગાડી દિલ્હીની નજીક ગુડગાંવમાં પહોંચી તો મેં હઝરતને ઉઠાડયા. ઉઠયા પછી ઈસ્તિંજાખાના તશરીફ લઈ ગયા, પણ ખૂબ લાંબી લાઈન હતી તે પણ સ્ત્રીઓની. હઝરત બેચૈની સાથે ઈસ્તિંજાખાનુ ખાલી થવાની રાહ જોતા રહ્યા. હું બિસ્તર બાંધવામાં વ્યસ્ત હતો. જ્યારે ગાડી દિલ્હીના પ્લેટફોર્મ પર પહોંચી ગઈ ત્યારે ઈસ્તિંજાખાનુ ખાલી થયું અને હઝરત તશરીફ લઈ ગયા. જ્યારે હઝરત ઈસ્તિંજાથી ફારિગ થઈ ગયા તો મુરાદાબાદ જનારી ગાડી જે પ્લેટફોર્મ પર લાગેલી ત્યાં તશરીફ લઈ ગયા. જ્યારે સામાન ગાડીમાં રાખી દેવામાં આવ્યો તો ફર્માવ્યું, કપડાં કાઢી દો ! મેં હુકમનું પાલન કર્યું, કપડાં કાઢીને હઝરતને આપ્યાં અને બોક્સ બંધ કરવામાં વ્યસ્ત રહ્યો. બોક્સ બંધ કરીને જોયું તો હઝરત કપડાં લઈને ખૂબ જ ઝડપભેર પ્લેટફોર્મના પુલની તરફ જઈ રહ્યા છે ! પણ હું શું કરતો ! ગાડીમાં સામાન છોડીને હઝરતની પાછળ પણ જઈ શક્તો ન હતો. લગભગ દોઢ કલાક પછી હઝરત પાછા આવ્યા. ઠંડીથી કાંપી રહ્યા હતા, ક઼દમ પણ બરાબર પડી રહ્યા ન હતા. મારું દિલ ધક ધક કરવા લાગ્યું ! ડબ્બામાંથી બહાર નીકળીને અંદર આવ્યો. ડબ્બામાં ચઢાવ્યા બાદ હાથ પકડયો તો બરફની જેમ ઠંડો ! ફર્માવ્યું, બિસ્તર ખોલો ! મેં બિસ્તર ખોલ્યું તો તરત જ સૂઈ ગયા અને ખૂબ જ ઝડપભેર કવર ઓઢી લીધું. મેં ડરતાં ડરતાં પૂછયું કે હઝરત ક્યાં તશરીફ લઈ ગયા હતા ? ધ્રુજારીમય અવાજમાં ફર્માવ્યું, તે ખબીષાત પાખાનાના દરવાજા પર ઉભેલી હતી, મને ઈસ્તિંજાની સખત હાજત હતી. કપડાં નાપાક થઈ ગયાં. વિચાર્યું કે કોઈ મસ્જિદમાં જઈને ગુસ્લ કરીને કપડાં બદલી લઉં. રીક્ષા કરીને એક મસ્જિદમાં ગયો ત્યાં નહાવાનો બંદોબસ્ત હતો. ગુસ્લ કરીને કપડાં બદલ્યાં, નમાઝ પઢી અને પાછો આવ્યો. રીક્ષા પર હવા લાગવાથી

ઠંડી લાગવા માંડી, દિલ્હીમાં ઠંડી પણ ખૂબ પડે છે. આ સાંભળતાં જ કદમોમાં પડી ગયો કે આ જ અલ્લાહવાળાઓના વજૂદે મસઊદનાં સદકામાં જમીન તથા આસ્માન કાયમ છે.

**મતાએ ઝિંદગી જિસને લુટા દી જાને રહમત પર**
**ખુદા કી રહમતોં કે ફૂલ બરસે ઉન કી તુર્બત પર**

## ડર તથા ગભરાટના સમયે જમાઅતની પાબંદી

હિંદના ભાગલા વખતે મુસલમાન ઘણા જ કશ્મકશમાં સપડાયેલા હતા. દરેક બાજુ ડર તથા ગભરાટનો આલમ હતો. અહીંના હિંદુ મુસલમાનોના લોહીના તરસ્યા હતા અને મુસલમાન હિંદુસ્તાન છોડીને પાકિસ્તાન જઈ રહ્યા હતા. બરેલીનો મહોલ્લો સૌદાગ્રાન પણ એનાથી મહેફૂઝ ન રહી શક્યો, ત્યાં પણ મુસલમાનોની જાન સખત ખતરામાં હતી અને કેટલાય શહાદતનો ઘૂંટડો પી ચૂક્યા હતા. આવા ખતરનાક માહોલમાં પણ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ મસ્જિદને આબાદ રાખી, અને લોકોના હજાર મના કરવા છતાં આપ ત્યાં જઈને જ નમાઝ પઢતા.

રઈસુત્તહરીર હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી લખે છે :–

"હિંદના ભાગલા પછી જ્યારે કે મુસલમાન તથા હિંદુ એકબીજાની વિરુદ્ધ સખ્ત ઉશ્કેરાયેલા હતા અને અખંડ ભારતમાં આગ તથા ખૂનની હોળી ખેલવામાં આવી રહી હતી, અને સવાર સાંજ ભય તથા ફફડાટમાં પસાર રહ્યાં હતાં. આવા હંગામાખેઝ દૌરમાં આપ મસ્જિદમાં જ નમાઝ અદા કરવા જતા અને લોકોના મના કરવા છતાં પોતાની જાનની પરવા ન કરતા અને સમય પર મસ્જિદે પહોંચી જતા. દુનિયા આજે પણ જઈને જોઈ શકે છે કે મહોલ્લા સૌદાગ્રાન બરેલીમાં કેવળ આપનું જ ખાનદાન આબાદ છે બાકીના સૌ હિંદુ છે જેમાં અધિક પ્રમાણમાં સંખ્યા શરણાર્થીઓની છે. આવા ખતરનાક માહોલમાં મસ્જિદને આબાદ કરીને મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ આ આયતે કરીમાની અમલી તફસીર રજૂ કરી છે :–

اِنَّمَا یَعۡمُرُ مَسٰجِدَ اللّٰہِ مَنۡ اٰمَنَ بِاللّٰہِ وَ الۡیَوۡمِ الۡاٰخِرِ وَ اَقَامَ الصَّلٰوۃَ وَ اٰتَی الزَّکٰوۃَ وَ لَمۡ یَخۡشَ اِلَّا اللّٰہَ فَعَسٰۤی اُولٰٓئِکَ اَنۡ یَّکُوۡنُوۡا مِنَ الۡمُہۡتَدِیۡنَ﴿۱۸﴾

"અલ્લાહની મસ્જિદો તેઓ જ આબાદ કરે છે જેઓ અલ્લાહ અને કયામત પર ઈમાન ધરાવે છે અને નમાઝ કાયમ કરે અને ઝકાત આપે છે, અને અલ્લાહના સિવાય કોઈનાથી નથી ડરતા. તો નજીક છે કે એ લોકો હિદાયતવાળાઓમાં થાય."

*–(સૂ. તૌબા, ૯/૧૮)*

## મજબૂરી છતાં નમાઝમાં કયામ

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની અઝીમત અને અડગતા જુઓ કે એકવાર આપના પગો મુબારકનું ઓપરેશન થયું હતું. ઘણુ જ સખત દર્દ હતું, ઉભા થવું અતિ મુશ્કેલ હતું. તકલીફનો હાલ એ હતો કે સૂઈ જવા છતાં ચૈન પડતુ ન હતું. ડોકટરોએ પગો પર પાણી નાખવાથી મના કરી આપ્યુ, નહીં તો શરીરને સખત નુકસાન પહોંચાડશે. પરંતુ આ આલમમાં પણ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ તયમ્મુને બદલે વુઝૂ કર્યું અને બેસવાને બદલે ઉભા રહીને નમાઝ અદા કરી. મુરીદોએ ખૂબ જ દરખાસ્ત કરી કે તયમ્મુમ કરી લો ! પાણી નુકસાન કરશે ! તકલીફની સખ્તી છે, આપ બેસીને જ નમાઝ અદા કરી લો પરંતુ મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ જેહાદે નફસ તથા અઝીમતના એવા પહાડ હતા કે ખસેડયો ન ખસે. તેમની નજીક એ જ ફોર્મ્યુલા હતી કે અઝીમત (બીમારીમાં છૂટ છતાં ઉભા રહી નમાઝ પઢવી વગેરે)નો દરજ્જો કાંઈ ઓર જ છે !

**સબ્રે રહમત ઉનકી મર્કદ પે ગોહરબારી કરે**
**હશ્ર તક શાને કરીમી નાઝ બરદારી કરે**

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃاللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## લિઆનનું બયાન

મર્દે પોતાની ઓરત પર વ્યભિચારની (ઝિના) તોહમત લગાડી તો લિઆન કરવામાં આવશે જ્યારે કે તે ઓરત અકલમંદ, બાલિગ, આઝાદ તેમજ પરહેઝગાર હોય. લિઆનનો તરીકો એ છે કે કાઝીની રૂબરૂ પતિ કસમ સાથે ચાર વખત ગવાહી આપે અર્થાત એમ કહે કે હું ગવાહી આપું છું કે મેં આ ઓરત પર જે ઝિનાની તોહમત લગાડી છે તે બાબત ખુદાની કસમ ! હું સાચો છું. પછી પાંચમી વાર એમ કહે કે મારા પર લા'નત પડે જો હું આ બાબતમાં આના પર જે ઝિનાની તોહમત લગાડું છું તેમાં હું જૂઠો હોઉં તો. અને દરેક વખતે આના પર, આને બોલતી વખતે ઓરત તરફ આંગળીથી ઈશારો કરે. ત્યાર બાદ ઓરત ચાર વખત એવું બોલે કે હું ગવાહી આપું છું કે એણે જે મારા પર ઝિનાની તોહમત લગાડી છે તે બાબતમાં ખુદાની કસમ ! એ જૂઠો છે અને પાંચમી વખત એવું કહે કે (બોલે કે) જે મારા પર ઝિનાની તોહમત લગાડી છે તેમાં જો એ સાચો હોય તો મારા પર ખુદાની લા'નત પડે. લિઆનમાં 'ગવાહી' શબ્દ બોલવો શર્ત છે. જો એમ બોલે કે હું ખુદાની કસમ ખાઈને કહું છું કે હું સાચો છું તો આવું બોલવાથી લિઆન થશે નહીં.

**મસ્અલા** : લિઆન માટે કેટલીક શરતો છે :

**(૧)** નિકાહ સહીહ હોવો **(૨)** પત્ની હોવી, ભલે હમબિસ્તરી કરી હોય કે ન કરી હોય **(૩)** બન્ને આઝાદ હોય **(૪)** બન્ને અકલમંદ હોય **(૫)** બન્ને બાલિગ હોય **(૬)** બન્ને મુસલમાન હોય **(૭)** બન્ને નાતિક હોય એટલે બન્નેમાંથી કોઈ મુંગું ન હોય **(૮)** બન્નેમાંથી કોઈ એકના ઉપર પણ **કઝફની હદ** લગાડવામાં આવી ન હોય **(૯)** મરદે પોતે (બોલવા પર) કોઈ ગવાહ પેશ ન કર્યા હોય **(૧૦)** ઓરત ઝિનાથી ઈન્કાર કરતી હોય અને પોતાને નિર્દોષ કહેતી હોય **(૧૧)** ઝિનાની તોહમત સ્પષ્ટપણે લગાડવામાં આવી હોય અથવા એના નિકાહમાં જે ઓલાદ થઈ હોય તેને માટે એમ કહે, એ મારી ઓલાદ નથી (મારાથી થયેલી) અથવા જે બાળક ઓરતના બીજા શોહરથી પેદા થયેલું હોય તેને એમ કહે કે એ તેનાથી થયેલું નથી **(૧૨)** ઈસ્લામી સલ્તનતમાં એ તોહમત લગાડેલી હોય **(૧૩)** ઓરત કાઝીને ત્યાં એની માગણી કરે **(૧૪)** શોહર પોતે તોહમત લગાવ્યા બાબતનો સ્વીકાર કરતો હોય અથવા બે પુરૂષોની ગવાહીથી સાબિત હોય. લિઆન વખતે ઓરતનું હાજર હોવું મુસ્તહબ છે, શર્ત નથી. *(બહાર વગેરે)*

**મસ્અલા** : ઓરત પર અધિકવાર તોહમત લગાડી તો એક વાર લિઆન થશે. *(હિંદિયા)*

**મસ્અલા** : લિઆનમાં મુદ્દતની કોઈ હદ નથી. એટલે કે જો ઓરતે લાંબા સમય સુધી કોઈ તકાઝો ન કર્યો તો એનાથી લિઆન રદ થશે નહીં, ગમે ત્યારે તકાઝો કરવાનો એને અધિકાર છે, લિઆન માફ નથી થઈ શકતો. અર્થાત પતિએ તોહમત લગાડી અને પત્નીએ માફી આપી અને માફ કર્યા પછી કાઝી સમક્ષ દાવો રજૂ કરે તો કાઝી લિઆનનો હુકમ આપશે અને જો પત્ની પોતે દાવો

ન કરે તો કાઝી પોતે માગણી કરી શકશે નહીં. એ રીતે જો ઓરતે કંઈક લઈને સુલેહ કરી આપી તો લિઆન રદ થશે નહીં. જે લીધું છે તે પરત કરીને (પાછુ આપીને) માગણી કરવાનો હક્ક ઓરતને પ્રાપ્ત રહે છે. પરંતુ ઓરત માટે અફઝલ એ છે કે આવી વાતને છુપાવે અને હાકિમે પણ ઓરતની પર્દાપોશી કરવાનો હુકમ આપવો જોઈએ.

*–(હિંદિયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરતને એમ કહ્યું કે અય ઝિનાખોર (ઝાનિયા) ! અથવા એમ કહ્યું કે તેં ઝિના કર્યો અથવા એમ કહ્યું કે મેં તને ઝિનાખોરી કરતાં જોઈ છે, આ બધા શબ્દો (બોલવું) સ્પષ્ટ જ (ચોખ્ખા) છે. જો એમ કહ્યું કે તેં હરામકારી કરી અથવા તારાથી હરામ તોર પર સંભોગ કરવામાં આવ્યો અથવા એમ કહ્યું કે તારાથી લવાતત કરવામાં આવી તો લિઆન થશે નહીં. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : લિઆનનો હુકમ એ છે કે એનાથી ફારિગ થતાં જ તે માણસ માટે તે ઓરતથી સંભોગ હરામ છે. પરંતુ ફકત લિઆનથી નિકાહમાંથી ખારિજ થશે નહીં બલ્કે લિઆન પછીથી (કાઝી) ઈસ્લામી હાકિમ જુદા (અલગ) કરી દેશે અને બાઈન તલાક લાગુ પડી જશે. પરિણામે જો લિઆન પછી કાઝીએ અલગ ન કર્યા હોય તો તલાક આપી શકે છે. ઈલા–ઝિહાર કરી શકે છે. બન્નેમાંથી કોઈ એક મરી જાય તો બીજો છૂટકારો મેળવી શકે છે. જો લિઆન પછીથી બન્ને જણ અલગ થવાનું ન ઈચ્છતાં હોય તો પણ અલગ કરી દેવામાં આવશે.

*–(જોહરા, બહાર)*

**મસ્અલા** : લિઆન બાદ હજુ અલગ અલગ ન થયાં હોય તો પણ હમબિસ્તરી તેમજ **દવાઈ હમબિસ્તરી** હરામ છે, અને જો અલગ થઈ ગઈ તો ઈદ્દતનું ભરણ પોષણ તથા રહેવા માટે મકાન મેળવી શકશે અને ઈદ્દતના સમય દરમિયાન બે વર્ષની અંદર જો બાળક પેદા થયું તો બાળક એ જ પતિનું ગણાશે. જો એ ઓરત માટે ઈદ્દત ન હોય અને છ મહિનાની અંદર બાળક પેદા થાય તો એ જ પતિનું માનવામાં આવશે.

*–(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરતને એમ કહ્યું કે તને ત્રણ તલાક અય ઝિનાખોર ! તો લિઆન થશે નહીં બલ્કે **હદ્દે કઝફ** લાગુ થશે અને જો એમ કહ્યું કે અય ઝિનાખોર ! તને ત્રણ તલાક ! તો ન લિઆન લાગુ પડશે, ન હદ (લાગુ પડશે). (લિઆન કે હદ કંઈ પણ લાગુ પડશે નહીં).

**મસ્અલા** : ઓરતને એમ કહ્યું કે મેં તને કુંવારી ન જોઈ (તું કુંવારી નથી) તો હદ કે લિઆન કંઈ પણ લાગુ નહીં પડે. *(હિંદીયા, બહાર)*


*અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓનું સમર્થન કરતી, વહાબી, અહલે હદીષ, દેવબંદીઓની બદ્અકીદગીની રદ કરતી કુર્આન, હદીષ, અક્વાલ થકી મઝહબે હક્કને રોશન કરતી કિતાબ....*

**જાઅલ્ હક્ક**

(પેજીસ : ૯૩૬) *(સંપૂર્ણ કિતાબ)*

**હદિયો : રૂા. ૩૨૦/–**

*(ટપાલ ખર્ચ રૂા. ૩૦/–)*

**લેખક** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી **તદ્દન નવુ પ્રકાશન**

**પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા–૩૯૨૦૨૦**, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

*અપીલ : પ્રસ્તુત કિતાબ છપાવવાનો ખર્ચ મોટો છે અને કિતાબોનો ઉપાડ ખાસ રહેતો નથી જેથી છાપકામમાં સહાય કરવાની નમ્ર અપીલ છે. મર્હૂમોના સવાબ અર્થે ૧૦૦-૨૦૦ કોપી અથવા જે બને તેનો ખર્ચ ઉપાડવા સખીદાતાઓને અપીલ છે. આ કિતાબનું મહત્વ સમજતા હોવ તો જરૂર સહાય કરશો. અલ્લાહ જઝાએ ખૈર આપે. –તંત્રી*

# મુસીબતોમાં સબ્ર કરવાના ફાયદા

કાર્યાલય

જે શખ્સ એવું ઈચ્છે છે કે તે અઝાબે ઈલાહીથી મુક્તિ પામે અને સવાબ તથા રહમતને મેળવે અને જન્નતી થઈ જાય તો તેણે જોઈએ કે તે પોતે પોતાને દુન્યવી ઈચ્છાઓથી રોકે અને દુનિયાની તકલીફો તથા મુસીબતો પર સબ્ર કરે. જેમ કે ફર્માને ઈલાહી છે, وَاللّٰهُ يُحِبُّ الصّٰبِرِيْنَ "અલ્લાહ સબ્ર કરવાવાળાઓને મહબૂબ રાખે છે."

*–(પારા : ૪, સૂરએ આલે ઈમરાન, આ. ૧૪૬)*

**સબ્રના પ્રકારો :–** સબ્રના ઘણા પ્રકારો છે. અલ્લાહ તઆલાની ઈતાઅત (આજ્ઞા પાલન) પર સબ્ર કરવી અને દરેક સમયે ઈબાદતમાં લીન રહેવું. હરામ ચીજોથી બચવું, તકલીફો પર સબ્ર કરવી અને પ્રથમ તો સદમા પર સબ્ર કરવી, વગેરે.

જે શખ્સ ઈતાઅતે ઈલાહી પર સબ્ર કરે છે અને દરેક સમયે ઈબાદતમાં લીન રહે છે તેને કયામતના દિવસે અલ્લાહ તઆલા ત્રણસો એવા દરજ્જાઓ અતા કરશે જેમાં દરેક દરજ્જા વચ્ચે જમીન તથા આસમાન જેટલું અંતર હશે. જે અલ્લાહ તઆલાની હરામ કરેલી ચીજોથી સબ્ર કરે છે તેને છસો દરજ્જાઓ અતા થશે. જેમાં દરેક દરજ્જા વચ્ચેનું અંતર સાતમા આસમાનથી સાતમી જમીનના અંતર બરાબર હશે. જે મુસીબતોમાં સબ્ર કરે છે તેને સાતસો દરજ્જાઓ અતા થશે જેમાં દરેક દરજ્જા વચ્ચેનું અંતર તહતુષ્ષરા (પાતાળ)થી લઈને અર્શે ઉલાના જેટલું હશે.

**હિકાયત :** હઝરત ઝકરિયા علیہ السلام જ્યારે યહૂદીઓના હુમલાના કારણે શહેરની બહાર નીકળ્યા કે કયાંક છુપાઈ જાય અને યહૂદીઓ તેમની પાછળ દોડ્યા તો આપે નજીકમાં એક ઝાડ જોઈને તેને કહ્યું કે, હે ઝાડ ! મને તારી અંદર છુપાવી લે ! તો ઝાડ ચિરાઈ ગયું અને આપ તેમાં છુપાઈ ગયા. જ્યારે યહૂદીઓ ત્યાં પહોંચ્યા તો શયતાને તેઓને બધી વાત જણાવી દીધી અને કહ્યું કે આ ઝાડના કરવત વડે બે ટુકડા કરી દો. જેથી તેઓએ એ જ પ્રમાણે કર્યું અને આ કેવળ એટલા માટે થયું કે હઝરત ઝકરિયા علیہ السلام બારી તઆલાની ઝાતને બદલે મઝાહિરે કુદરતે બારી (ખુદાની કુદરતના ઝહૂર થવાની જગા)થી પનાહ માંગી હતી ! જેથી આપે પોતાની હસ્તીને મુસીબતમાં મૂકી અને આપના બે ટુકડાઓ કરી દેવામાં આવ્યા.

હદીષે કુદસીમાં છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે, જ્યારે મારો કોઈ બંદો મુસીબતમાં મારાથી સવાલ કરે છે તો હું તેને માંગવાથી પહેલાં જ દઈ દઉં છું અને તેની દુઆને કબૂલ કરી લઉં છું અને જે બંદો મુસીબતના વખતે મારી મખ્લૂકથી મદદ માંગે છે* તેના માટે આસમાનના દરવાજાઓ બંધ કરી દઉં છું.

**હઝરત ઝકરિયાને ઉફ કરવાની મનાઈ :** કહે છે કે હઝરત ઝકરિયા علیہ السلامના માથા સુધી કરવત પહોંચી તો આપે આહ કરી. ઈર્શાદે ઈલાહી થયો, હે ઝકરિયા ! મુસીબત પર પહેલાં સબ્ર કેમ ન કરી જ્યારે હવે ફરિયાદ કરો છો ? જો બીજીવાર મોઢેથી આહ કાઢી તો સાબિરોના દફતરેથી તમારૂં

** દુનિયાદાર મખ્લૂકથી અથવા રબને છોડીને પોતાના હેઠળનાઓથી અને તે જ પ્રમાણે કોઈને ખુદા સમજીને જે મદદ માગે છે.*

નામ કાઢી નાખવામાં આવશ*. ત્યારે હઝરત ઝકરિયા عليه السلام એ પોતાના હોઠોને બંધ કરી દીધા. ચિરાઈને બે ટુકડા થઈ ગયા પણ ફરીવાર ઉફ સુધ્ધાં ન કર્યું.

એટલા માટે દરેક બુધ્ધિશાળી માટે જરૂરી છે કે તે મુસીબતો પર સબ્ર કરે અને ફરિયાદનો શબ્દ જીભ પર ન લાવે જેથી કરીને દુનિયા તથા આખેરતના અઝાબથી મુક્તિ મેળવી લે. જેમ કે આ દુનિયામાં અંબિયા عليه السلام અને અવલિયા અલ્લાહના પર જ વધુ પ્રમાણમાં મુસીબતો આવે છે.

## સૂફીઓની દષ્ટિએ મુસીબતની હકીકત

હઝરત જુનૈદ બગદાદી رحمة الله عليه નો કૌલ છે કે મુસીબતો આરિફોનો ચિરાગ, મુરીદોની જાગૃતિ, મોમિનની સુધારણા અને ગાફિલોના માટે હલાકત છે. મોમિન મુસીબત પર સબ્ર કર્યા વગર ઈમાનની મધુરતાને પામી શકતો નથી. હદીષ શરીફમાં છે કે જે શખ્સ રાતભર બીમાર રહ્યો અને સબ્ર કરીને અલ્લાહ તઆલાની રઝામંદીનો ઈચ્છુક રહ્યો તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થઈ જશે જેવી રીતે કે પોતાના જન્મ વખતે હતો. એટલા માટે જ્યારે તમે બીમાર થઈ જાવ તો આફિયત (તંદુરસ્તી)ની તમન્ના ન કરો. *(સુબબુલ હુદા વર્રિશાદ, ૧૨/૧૧૭)*

જનાબ ઝહ્હાક કહે છે કે જે શખ્સ ચાલીસ રાતોમાં એક રાતે પણ રંજ તથા ગમમાં ન સપડાયો હોય તો અલ્લાહ તઆલાને ત્યાં તેના માટે કોઈ ખૈર તથા ભલાઈ નથી.

## બીમાર મોમિન બંદાના ગુનાહો નથી લખવામાં આવતા

હઝરત મઆઝ ઈબ્ને જબલ رضي الله عنه થી મરવી છે કે જ્યારે મોમિન બંદો કોઈ બીમારીમાં સપડાઈ જાય છે તો તેના જમણા ખભાવાળા (ફરિશ્તા)ને કહેવામાં આવે છે કે તેના દ્વારા થયેલી છે.

*–(કન્ઝુલ ઉમ્માલ, ૩/૩૦૯, હદીષ : ૬૬૯૫)*

હદીષ શરીફમાં છે, જ્યારે કોઈ બંદો બીમાર પડી જાય છે તો અલ્લાહ તઆલા તેની તરફ બે ફરિશ્તાઓ મોકલે છે કે જાઓ જઈને જુઓ મારો બંદો શું કહે છે ? જો બીમાર અલ્હમ્દુલિલ્લાહ કહે છે તો ફરિશ્તા અલ્લાહની બારગાહમાં જઈને તેનું કથન અર્ઝ કરે છે. ખુદા તઆલાનો ઈર્શાદ થાય છે કે જો મેં તે બંદાને એ બીમારીમાં મૌત આપ્યું તો તેને જન્નતમાં દાખલ કરીશ અને જો તંદુરસ્તી અતા

** મોહિબ (મહોબ્બત કરનાર) તેના મહબૂબમાં કોઈ ખૂબી તેના મહબૂબથી અલગ થાય તે નથી ઈચ્છતો તે જ પ્રમાણે મા–બાપ પોતાના પ્રિય બીમાર બાળકને તંદુરસ્ત જોવા ચાહે છે જેથી દવા પીવડાવતી વખતે અથવા પરહેઝ કરાવવાની બાબત કડક શબ્દોથી કામ લે છે, ધમકી પણ આપે છે. (દા.ત. દવા પીશે નહીં તો અમે બોલીશું નહીં વગેરે). તે જ પ્રમાણે રબ પોતાના વલી (દોસ્ત)માં સબ્રની ખૂબી શહાદતના ગુણની સાથે જોવાની પસંદ ફર્માવી અને સબ્રની શીખ માટે મહોબ્બતને ખાતર ચેતવણી આપી. બીજું કે રબ તઆલાનું ઝકરિયા عليه السلام ને એ ફર્માવવું કે, ''નામ કમી કરી દેવામાં આવશે.'' એ મશ્રૂત (શરતની સાથે) છે. તે જ પ્રમાણે હુઝૂરે ﷺ એ પણ કેટલીયે વાર ફર્માવ્યું, દા. ત. હુઝૂર ﷺ એ રબ તઆલાની ઔલાદની નફી (ન હોવા વિશે)માં ફર્માવ્યું કે રબ તઆલાને ફરઝંદ હોત તો હું સૌ પ્રથમ તેની ઈબાદત કરત.*

***મહત્ત્વનો મુદ્દો** : કોઈ પ્રકારનો અયબ નબીમાં માનવો તે હકીકતમાં ખુદાતઆલાની પસંદગીમાં ખામી માનવું થશે કે પરિપૂર્ણ ગુણોવાળા નબી પસંદ ન કર્યા અથવા નબી પસંદ કરતી વખતે તેના ભવિષ્યમાં નબુવ્વતને લાયક નહીં એવાં કાર્યોથી બેખબર રહ્યો. આ પ્રસંગની વિસ્તારપૂર્વક વિગત ''અવરાકે ગમ''માં વાંચો.*

કરી તો તેને અગાઉથી પણ બેહતર પોષણ કરવાવાળો ગોશત અને લોહી દઈશ અને તેના ગુનાહોને માફ કરી દઈશ. *(અત્તરગીબ વત્તહરીબ, ૪/૧૫૦, કન્ઝુલ ઉમ્માલ, ૩/૩૧૦, હદીષ–૬૭૦૪, મોઅત્તબા ઈમામ માલિક, ૨/૯૪૦)*

**એક બોધદાયક હિકાયત :–** બની ઈસરાઈલમાં એક ખૂબ જ ફાજિર તથા ફાસિક માણસ હતો જે તેના હુકમોથી કદી પાછો હઠતો ન હતો. શહેરવાસીઓ જ્યારે તેની બદકારીઓથી આજિઝ આવી ગયા તો અલ્લાહ તઆલાને તેની બુરાઈથી રક્ષિત રાખવાની દુઆ કરવા લાગ્યા. અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامની તરફ વહી મોકલી કે બની ઈસરાઈલના ફલાણા શહેરમાં એક બદકાર યુવાન રહે છે તેને શહેરમાંથી તડીપાર કરો જેથી તેની બદકારીઓના કારણે આખા શહેર ઉપર આગ ન વરસે. હઝરત મૂસા علیہ السلام ત્યાં તશરીફ લઈ ગયા અને તેને તેની વસ્તીથી હાંકી કાઢયો.

ફરીથી ફર્માને ઈલાહી થયો કે તે વસ્તીમાંથી પણ કાઢી મૂકો તો મૂસા علیہ السلام એ તે વસ્તીમાંથી પણ કાઢી મૂકયો તો તેણે એક ગુફામાં રહેઠાણ બનાવ્યું જયાં ન કોઈ માણસ આવતો હતો અને ન તો કોઈ પશુપંખી ફરકતું હતું. આસપાસમાં ન કોઈ વસ્તી હતી અને ન તો દૂર દૂર સુધી હરિયાળીનું નિશાન હતું. તે ગુફામાં આવીને તે યુવાન બીમાર પડી ગયો તો તેની સેવા સુશ્રુષાના માટે કોઈ શખ્સ પણ તેની નજીક હાજર ન હતો જે તેની ચાકરી કરે. તે અશકિતના કારણે જમીન પર ગબડી પડયો અને કહેવા લાગ્યો કે અફસોસ ! અત્યારે મારી મા મારી પાસે હાજર હોત તો મારા પર હેત દર્શાવત અને મારી આ લાચારી અને બેકસી પર રડત. જો મારો બાપ હોત તો મારી દેખરેખ મદદ કરત. જો મારી પત્ની હોત તો મારા વિરહમાં રડત અને મારાં બાળકો અત્યારે હાજર હોત તો કહેત કે, હે રબ ! અમારા લાચાર, ગુનેહગાર, બદકાર અને મુસાફિર બાપને બખ્શી દે. જેને પ્રથમ તો શહેરથી તડીપાર કર્યો અને પછી બીજી વસ્તીમાંથી પણ કાઢી મૂકયો અને હવે તે ગુફામાં પણ દરેક ચીજથી નિરાશ થઈને દુનિયાથી આખરેતની તરફ જઈ રહ્યો છે અને તેઓ મારા જનાઝા પાછળ રડતા રડતા ચાલત.

પછી નવયુવાન કહેવા લાગ્યો કે, હે અલ્લાહ ! તેં મને મા બાપ અને પત્ની તથા બાળકોથી દૂર કર્યો છે પણ તારા ફઝલો કરમથી દૂર ન કરીશ. તેં મારુ દિલ અઝીઝોની જુદાઈમાં જલાવ્યું છે પણ હવે મારા વજૂદને ગુનાહોના સબબે જહન્નમની આગમાં ન જલાવીશ. તે જ પળે અલ્લાહ તઆલાએ એક ફરિશ્તો તેના બાપના રૂપમાં બનાવીને અને એક હૂરને તેની મા અને એક હૂરને તેની પત્નીના રૂપમાં ફેરવીને અને જન્નતના ગિલમાનને તેના બાળકોના રૂપમાં મોકલી દીધાં. આ સૌ તેની નજીક આવીને બસી ગયાં અને તેની સખ્ત તકલીફમાં અફસોસ અને નિશ્વાસ સાથે રૂદન કરવા લાગ્યાં. યુવાન તેઓને જોઈને ખૂબ જ ખુશ થયો અને તે જ ખુશીમાં તેનો ઈન્તેકાલ થઈ ગયો. ત્યારે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامની તરફ વહી મોકલી કે ફલાણી ગુફાની તરફ જાવ ત્યાં અમારો એક દોસ્ત મૃત્યુ પામ્યો જેથી તમે તેના કફન દફનની વ્યવસ્થા કરો.

ખુદાના હુકમ પ્રમાણે હઝરત મૂસા علیہ السلام જયારે ગુફામાં પહોંચ્યા તો તેમણે ત્યાં તે જ યુવાનને મરેલો જોયો જેને શહેરથી તડીપાર કર્યો અને ફરી બીજી વસ્તીમાંથી પણ કાઢયો હતો. તેની નજીક હૂરો

પ્રસંશકોની જેમ બેઠેલી હતી.

મૂસા عليه السلام એ બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી કે હે રબ્બુલ ઈઝ્ઝત! આ તો તે જ યુવાન છે જેને મેં તારા હુકમથી શહેર અને વસ્તીથી દૂર હાંકી કાઢયો હતો! તો રબતઆલાએ ફરમાવ્યું : હે મૂસા! મેં તેના અતિશય રડવાને કારણે તથા કુટુંબીઓના વિરહમાં તડપવાના કારણે તેના પર રહમ કરી છે અને ફરિશ્તાઓને તેના મા બાપની સૂરતમાં અને હૂરો ગિલમાનને તેની મા તથા પત્ની અને બાળકોના રૂપમાં મોકલ્યાં છે, જેઓ મુસાફિરતમાં તેની તકલીફો પર રડે છે. જયારે તે મૃત્યુ પામ્યો તો તેની નિરાધારતા પર જમીન તથા આસમાનવાળાઓ રડે અને અર્રહમુર્રાહિમીન પછી કેમ તેના ગુનાહોને માફ ન ફર્માવે ?

## જ્યારે મુસાફિર સફરમાં મૃત્યુ પામે

જયારે કોઈ મુસાફિર પર નઝઅનો આલમ (સકરાતની હાલત) છવાય છે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને ફર્માવે છે કે આ બિચારો મુસાફિર છે અને પોતાનાં બાળબચ્ચાં તથા મા બાપ વગેરેથી દૂર છે જેથી જયારે તે મૃત્યુ પામશે તો તેના પર કોઈ અફસોસ કરનારૂ પણ નહીં હોય અને અલ્લાહ તઆલા ફરિશ્તાઓને તેના મા બાપ તથા બાળ બચ્ચાં અને સગા સંબંધીઓના રૂપમાં મોકલશે. જ્યારે તે તેઓને પોતાની નજીક જુએ છે તો તેઓને પોતાનાં સગા સંબંધી સમજીને અત્યંત ખુશ થાય છે અને તે જ ખુશ હાલતમાં તેની રૂહ ઉડી જાય છે. પછી તે ફરિશ્તાઓ ગમગીન હાલતમાં તેના જનાઝાની પાછળ પાછળ ચાલે છે અને કયામત સુધી તેના માટે મગફિરતની દુઆ કરતા રહે છે. ફર્માને ઈલાહી છે, اَللّٰهُ لَطِيْفٌ بِعِبَادِهٖ "અલ્લાહ પોતાના બંદાઓ પર મહેરબાન છે."

ઈબ્ને અતાઅ رحمۃ اللہ علیہ કહે છે કે માણસના સાચા તથા જૂઠાની પરખ એની મુસીબતો અને ખુશીના પ્રસંગોએ જોવા મળે છે. જે વ્યકિત ખુશીના તથા માલદારીના સમયમાં અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરે છે પણ મુસીબતોમાં ફરિયાદ કકળાટ કરે છે તે જૂઠો છે. જો કોઈને બંને જહાનનો ઈલ્મ અતા કરી દેવામાં આવે પછી તેના પર મુસીબતોની પડાપડી થાય અને તે શિકવા ફરિયાદ કરવા લાગે તો તેને તેનો એ ઈલ્મ કાંઈ કામ નથી આવતો. (એ ઈલ્મ બેકાર છે.)

હદીષે કુદ્સી છે કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે :

"જે મારી કઝા (ખુદાનો ફેંસલા) પર રાજી નથી અને મારી અતા પર શુક્ર નથી કરતો તે મારા સિવાય કોઈ અન્ય રબ શોધે."

**હિકાયત** : વહબ ઈબ્ને મુનબ્બિહ કહે છે કે અલ્લાહના એક નબીએ પચાસ વરસ અલ્લાહની ઈબાદત કરી તો અલ્લાહ તઆલાએ તે નબીની તરફ એ વહી નાઝિલ ફર્માવી કે, મેં તને બખ્શી દીધો છે. નબીએ અર્ઝ કરી કે, હે અલ્લાહ! મેં તો કોઈ ગુનોહ જ નથી કર્યો તો કઈ ચીજને બખ્શવામાં આવી ? અલ્લાહ તઆલાએ તેમની એક રગને બંધ કરી દીધી જેના કારણે તે આખી રાત સૂઈ ન શકયા. સવારે જયારે તેમની પાસે ફરિશ્તો આવ્યો તો તેમણે રગના બંધ થઈ જવા વિશે શિકાયત કરી. તો ફરિશ્તો બોલ્યો, અલ્લાહ તઆલા ફર્માવે છે કે, તારી પચાસ વરસની ઈબાદતથી તારી આ એક શિકાયત વિશેષ છે. (આ ઈબાદત પર તમને નાઝ હતો!)

*–(મુકાશફતુલ કુલૂબ)*

# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ-૨૦૨૦



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

**ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે**

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક

**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

# માસુમ ટુર્સ

**૨૭ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ**

Masoom Tours & Travels

| ઉમરાનું બુકીગ ચાલુ છે | દિવસ |
|---|---|
| સપ્ટેમ્બર – ૨૦૧૯ | ૧૫ |
| ઓક્ટોબર – ૨૦૧૯ | ૧૫ |
| નવેમ્બર – ૨૦૧૯ | ૧૫ |
| ડિસેમ્બર – ૨૦૧૯ થી માર્ચ – ૨૦૨૦ | ૧૫ |
| એપ્રિલ – ૨૦૨૦ થી રમઝાન ઉમરા – ૨૨૦૨૦ | ૩૨ દિવસ |

**અમારી સુવિધાઓ...**

- ઉમરાહ પ્રોગ્રામ ડાયરેકટ ફલાઈટ સાઉદી અરબીયન એરલાઈન્સમાં રહેશે.
- ભરૂચથી લકઝરી બસની સગવડ લોન્ડ્રી ફ્રી
- સવારમાં ચા-નાસ્તો, બપોરે લંચ, સાંજે ચા, રાત્રે ડિનર.
- (ભરૂચના ભઠીયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ જમણ)
- મકકા-મદીના શરીફની જીયારતો ફ્રી માં કરાવવામાં આવશે.




**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
૭,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ

| | |
|---|---|
| ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨ | સુહેલ મોટલી : ૯૫૫૮૬ ૮૬૦૯૨ |
| ઐયુબ મોટલી (હાફેઝી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨ | એજાઝ ડેલાવાલા : ૯૮૨૪૨ ૦૮૬૯૨ |